**भवभोगिफणाभोगो भोगोऽस्यामवभासते ।**
**फलं ह्यनात्मधर्मत्वात्तुल्यं यत्पुण्यपापयोः ।।५।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

अस्याम्=આમાં=સ્થિરાદૃષ્ટિમાં भवभोगिफणाभोगो भोगः=ભવરૂપી સાપની ફણાના આભોગ જેવા ભોગ अवभासते=દેખાય છે.

यत्=જે કારણથી पुण्यपापयोः फलं=પુણ્ય અને પાપનું ફળ अनात्मधर्मत्वात्=અનાત્મધર્મપણું હોવાથી तुल्यं=સમાન છે. ।।૫।।

**શ્લોકાર્થ :-**

**સ્થિરાદૃષ્ટિમાં ભવરૂપી સાપની ફણાના આભોગ જેવા ભોગ દેખાય છે, જે કારણથી પુણ્ય અને પાપનું ફળ અનાત્મધર્મપણું હોવાથી સમાન છે. ।।૫।।**

**ટીકા :-**

भवेति-अस्यां=स्थिरायां, भोगः=इन्द्रियार्थसुखसम्बन्धः, भवभोगिफणाभोगः= संसारसर्पफणाटोपोऽवभासते, बहुदुःखहेतुत्वात् नानुपहत्य भूतानि भोगः सम्भवति, ततश्च पापं, ततो दारुणदुःखपरम्परेति, धर्मप्रभवत्वाद् भोगो न दुःखदो भविष्य- तीत्यत्राह यद्=यस्मात् पुण्यपापयोर्द्वयोर्हि फलं अनात्मधर्मत्वात्तुल्यं, व्यवहारतः सुशीलत्वकुशीलत्वाभ्यां द्वयोर्विभेदेऽपि निश्चयतः संसारप्रवेशकत्वेन कुशील- त्वाविशेषात् ।।५।।

નોંધ :- भवभोगिफणाभोगः શબ્દનો અર્થ :-

ભવભોગી=સંસારરૂપી સર્પ, તેની ફણાનો આભોગ=આટોપ.

**ટીકાર્થ :-**

अस्याम्=स्थिरायां ..... कुशीलत्वाविशेषात् ।।આમાં=સ્થિરાદૃષ્ટિમાં, ભોગ= ઇન્દ્રિયોના અર્થથી અર્થાત્ વિષયોથી થતા સુખનો સંબંધ, ભવભોગિ- ફણાભોગ=સંસારરૂપી સર્પની ફણાનો આટોપ, ભાસે છે; કેમ કે બહુ દુઃખનો હેતુ છે. જીવોને હણ્યા વિના ભોગ સંભવતો નથી અને તેથી=જીવોની હિંસાથી, પાપ છે. તેથી=પાપથી, દારુણ દુઃખની પરંપરા છે. इति=એ હેતુથી, સંસારના ભોગો બહુ દુઃખના હેતુ છે, એમ સંબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે –

**ધર્મપ્રભાવપણું હોવાથી=ધર્મના સેવનથી ઉત્પન્ન થયેલા હોવાથી, ભોગો દુઃખને દેનારા થશે નહીં, इत्यत्र=એ પ્રકારની શંકામાં, કહે છે –**

**જે કારણથી પુણ્ય અને પાપ બંનેનું ફળ અનાત્મધર્મપણું હોવાથી તુલ્ય છે; કેમ કે વ્યવહારથી=વ્યવહારનયથી, સુશીલપણા અને કુશીલપણા દ્વારા બંનેનો=પુણ્ય અને પાપનો, વિભેદ હોવા છતાં પણ, નિશ્ચયથી= નિશ્ચયનયથી સંસારપ્રવેશકપણારૂપે કુશીલપણું અવિશેષ છે=સમાન છે. ॥૫॥**

❖ 'विभेदेऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનયથી પુણ્ય-પાપનો સુશીલ-કુશીલપણારૂપે ભેદ હોવા છતાં પણ નિશ્ચયનયથી ભેદ નથી.

**નોંધ :-** શ્લોકમાં જે 'यत्' શબ્દ છે તેનો 'तद्' સાથે સંબંધ આ પ્રમાણે છે – જે કારણથી પુણ્ય-પાપનું ફળ અનાત્મધર્મપણું હોવાને કારણે તુલ્ય છે, તે કારણથી પુણ્ય પણ દુઃખને દેનારું છે, તેમ અધ્યાહાર છે.

**ભાવાર્થ :-**

**સ્થિરાદષ્ટિવાળા યોગીઓને વ્યવહારનયથી અને નિશ્ચયનયથી ભોગોનું દર્શન :-**

સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓની વિવેકદૃષ્ટિ ખુલેલી છે. તેથી સંસારના ભોગોનું સ્વરૂપ કેવું છે, તેનો વિચાર કરે છે ત્યારે તેઓને દેખાય છે કે જીવોને ઇન્દ્રિયોના વિષયોનો સંપર્ક થાય છે ત્યારે રતિ ઉત્પન્ન કરાવે તેવા સુખનો અનુભવ થાય છે; પરંતુ આ સુખ પણ જોખમી છે. જેમ સર્પની ફણા રમ્ય દેખાતી હોય, જોવામાં ગમતી હોય, તોપણ તેનો આટોપ=ફુંફાડો જોખમી છે; કેમ કે જો સાપ કરડે તો મૃત્યુ થાય; તેમ ભોગ ભવરૂપી સર્પની ફણાના આટોપરૂપ છે; કેમ કે આ ભોગોથી કર્મબંધ થાય છે અને દારુણ દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે સંસારમાં ભોગોની પ્રાપ્તિ જીવોની હિંસાથી થાય છે, તે જીવોની હિંસાથી પાપ બંધાય છે અને તે પાપ દારુણ દુઃખોની પરંપરા પ્રાપ્ત કરાવનાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોની હિંસાથી ભોગોની પ્રાપ્તિ, જીવોની હિંસા → પાપબંધ → દારુણ દુઃખોની પરંપરા.

માટે આ ભોગો પ્રત્યે આસ્થા રાખીને નિશ્ચિંત જીવી શકાય નહીં. આ પ્રકારની ભોગોને જોવાની દૃષ્ટિ હોવાથી સ્થિરાદૃષ્ટિવાળા યોગી ભોગોથી દૂર રહેવા યત્ન કરે છે.

વળી સ્થિરાદૃષ્ટિવાળા યોગી વિચારે છે કે ધર્મના સેવનથી ચક્રવર્તીપણું કે તીર્થંકરપણું કે દેવલોકના ભોગો મળે તો તે ભોગો પાપ બંધાવીને દુર્ગતિનાં કારણ બનતા નથી, તેથી તે અપેક્ષાએ ભોગો જોખમી નથી; તોપણ પુણ્યથી પ્રાપ્ત થયેલા ઉત્તમ ભોગો કે પાપથી પ્રાપ્ત થયેલા અનર્થો બંને આત્માના ધર્મ નથી, તેથી અનાત્મધર્મરૂપે બંને સમાન છે, માટે ભોગો અસાર છે. ભોગો કેમ અસાર છે ? તેને વિશેષ સ્પષ્ટ કરવા માટે કહે છે –

વ્યવહારનયથી પુણ્ય સુશીલ છે; કેમ કે આ પુણ્ય જીવને ઉત્તમ દેવભવ, ઉત્તમ મનુષ્યભવ અને તીર્થંકરાદિ ભવોની પ્રાપ્તિ કરાવે છે; અને પાપ કુશીલ છે; કેમ કે નરક, તિર્યંચ કે કુમનુષ્યત્વ આદિની પ્રાપ્તિ કરાવે છે. તેથી વ્યવહારનય પુણ્યના ફળને સુંદર કહે છે અને પાપના ફળને અસુંદર કહે છે. વળી પુણ્યના ઉદયથી મળેલ ભોગો પણ અનર્થના કારણ નથી, માટે સુશીલ છે, અને પાપના ઉદયથી મળેલ ભોગો અનર્થના કારણ છે, માટે કુશીલ છે.

નિશ્ચયનયથી પુણ્યના ઉદયથી મળેલા ભોગો કે પાપના ઉદયથી મળેલા ભોગો જીવને સંસારમાં પ્રવેશ કરાવનાર હોવાથી જીવ માટે કુશીલરૂપ છે અર્થાત્ જીવનું આ કુત્સિત સ્વરૂપ છે; કેમ કે સર્વકર્મરહિત શુદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરવી તે જીવનું લક્ષ્ય છે, અને આ પુણ્યકર્મ અને પાપકર્મ જીવને તે અવસ્થાથી દૂર રાખી મનુષ્યાદિ જન્મની પ્રાપ્તિ કરાવે છે અર્થાત્ સંસારમાં પ્રવેશ કરાવે છે. તેથી,

પુણ્યબંધ પણ સારો નથી અને પાપબંધ પણ સારો નથી,

પુણ્યનું ફળ પણ સારું નથી અને પાપનું ફળ પણ સારું નથી,

વસ્તુતઃ સર્વકર્મરહિત અવસ્થા તે જીવની સારી અવસ્થા છે.

સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ આ પ્રમાણે નિશ્ચયનયની દૃષ્ટિથી પુણ્ય અને પાપના સ્વરૂપનો વિચાર કરીને સર્વકર્મરહિત શુદ્ધ અવસ્થા પ્રત્યેના પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગને દૃઢ કરે છે, જેથી સર્વકર્મરહિત શુદ્ધ-અવસ્થા-સ્વરૂપ મોક્ષનો અભિલાષ પ્રકર્ષવાળો થાય છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૫માં કહ્યું કે સમ્યગ્દષ્ટિ ભોગોને ભવરૂપી સાપની ફણાના આભોગ જેવા જુએ છે; કેમ કે બહુ દુઃખના હેતુ છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે જે ભોગો ધર્મના સેવનથી પ્રાપ્ત થયા નથી, પરંતુ યથાકથંચિત્ અકામનિર્જરા આદિથી પ્રાપ્ત થયેલા છે અથવા તો અશુદ્ધ ધર્મના સેવનથી પ્રાપ્ત થયેલા છે, તે ભોગો તો પાપપ્રવૃત્તિ કરાવીને અહિતના કારણ બને છે. તેથી તેવા ભોગો જીવ માટે અનર્થરૂપ બને, પરંતુ ધર્મના સેવનથી પ્રાપ્ત થયેલા ભોગો તેવા અનર્થકારી નથી, આવા પ્રકારની કોઈને બુદ્ધિ થાય, અને તે બુદ્ધિથી તે વ્યક્તિ ભૂતકાળના પુણ્યથી મળેલા ભોગોમાં નિઃશંક પ્રવૃત્તિ કરે તો તેનો વિનાશ પણ થાય. તેથી ધર્મથી મળતા ભોગો પણ કઈ રીતે વિનાશનું કારણ બને છે ? તે દૃષ્ટાંતથી બતાવે છે –**

**શ્લોક :-**

धर्मादपि भवन् भोगः प्रायोऽनर्थाय देहिनाम् ।
चन्दनादपि सम्भूतो दहत्येव हुताशनः ।।६।।

**અન્વયાર્થ :-**

**धर्मादपि भवन् भोगः=ધર્મથી પણ થતો ભોગ=ધર્મના સેવનથી બંધાયેલા પુણ્યથી પણ થતો ભોગ प्रायः=ઘણું કરીને देहिनाम्=જીવોને अनर्थाय=અનર્થ માટે છે, चन्दनादपि=ચંદનથી પણ सम्भूतः=ઉત્પન્ન થયેલો हुताशनः=અગ્નિ दहत्येव=બાળે જ છે. ।।૬।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મથી પણ થતો ભોગ પ્રાયઃ જીવોને અનર્થ માટે છે. ચંદનથી પણ ઉત્પન્ન થયેલો અગ્નિ બાળે જ છે. ।।૬।।**

❖ 'धर्मादपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે ધર્મના સેવન વગર પણ યથાકથંચિત્ બંધાયેલા તુચ્છ પુણ્યથી પ્રાપ્ત થતા ભોગો તો અનર્થ માટે છે, પરંતુ ધર્મના સેવનથી પણ પ્રાપ્ત થતા ભોગો પ્રાયઃ અનર્થ માટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'चन्दनादपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે અન્ય કાષ્ઠથી થયેલો અગ્નિ તો બાળે છે જ, પણ ચંદનથી પણ થયેલો અગ્નિ બાળે છે.

**ટીકા :-**

**धर्मादिति-धर्मादपि भवन् भोगो देवलोकादौ प्रायो=बाहुल्येन, अनर्थाय देहिनां तथाप्रमादविधानात्, प्रायोग्रहणं शुद्धधर्माक्षेपि(प्य)भोगनिरासार्थं, तस्य प्रमादबीजत्वायोगात्; अत्यन्तानवद्यतीर्थकरादिफलशुद्धेः पुण्यशु(सि)द्ध्यादावागमाभिनिवेशाद्धर्मसारचित्तोपपत्तेरिति ।**

**ટીકાર્થ :-**

**धर्मादपि ..... धर्मसारचित्तोपपत्तेरिति । દેવલોકાદિમાં ધર્મથી પણ થતો ભોગ=ધર્મના સેવનથી બંધાયેલા પુણ્યના કારણે પણ પ્રાપ્ત થતો ભોગ, પ્રાયઃ=બહુલતાથી, જીવોને અનર્થ માટે છે; કેમ કે તે પ્રકારના પ્રમાદનું વિધાન છે=ભોગના પ્રાપ્તિકાળમાં ભોગ પ્રત્યે સંશ્લેષ થાય તે પ્રકારના પ્રમાદને તે ભોગો કરે છે. પ્રાયઃનું ગ્રહણ=શ્લોકમાં પ્રાયઃ શબ્દનું ગ્રહણ, શુદ્ધધર્મથી આક્ષેપ્ય ભોગના નિરાસ માટે છે=શુદ્ધધર્મના સેવનથી પ્રાપ્ત એવા ભોગના નિરાસ માટે છે; કેમ કે તેનો=શુદ્ધ ધર્મથી આક્ષિપ્ત એવા ભોગનો, પ્રમાદમાં કારણપણાનો અયોગ છે.**

અહીં પ્રશ્ન થાય કે ધર્મથી આક્ષિપ્ત પુણ્ય તે પ્રકારનો પ્રમાદ કરાવે છે, તો શુદ્ધ ધર્મથી આક્ષિપ્ત પુણ્ય પ્રમાદનું બીજ કેમ બનતું નથી ? તેમાં હેતુ કહે છે –

**અત્યંત અનવદ્ય તીર્થંકરાદિ ફળની શુદ્ધિથી=અત્યંત નિરવદ્ય એવા તીર્થંકરાદિભાવોરૂપ ફળના કારણીભૂત એવી શુદ્ધિથી, પુણ્યસિદ્ધિ આદિમાં=પુણ્યનિષ્પત્તિ આદિમાં, આગમના અભિનિવેશને કારણે ધર્મસાર એવા ચિત્તની ઉત્પત્તિ હોવાથી શુદ્ધધર્મથી આક્ષિપ્ત ભોગ પ્રમાદનું બીજ બનતા નથી, એ પ્રકારે અન્વય છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નોંધ :-** (૧) ટીકામાં 'शुद्धधर्माक्षेपि' શબ્દ છે, તેના સ્થાને 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ ગાથા-૧૬૦ના તાડપત્રીના પાઠમાં 'शुद्धधर्माक्षेप्य' શબ્દ છે, તે શુદ્ધ જણાય છે. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

(૨) ટીકામાં 'पुण्यशुद्ध्यादौ' શબ્દ છે, તેના સ્થાને 'पुण्यसिद्ध्यादौ' પાઠ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લોક-૧૬૦ની ટીકામાં છે, જે શુદ્ધ જણાય છે. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

❖ 'देवलोकादौ' - અહીં 'आदि'થી મનુષ્યલોકનું ગ્રહણ કરવું.

❖ 'अत्यन्तानवद्यतीर्थकरादिफलशुद्धेः' - અહીં 'आदि'થી ગણધરાદિનું ગ્રહણ કરવું.

❖ 'पुण्यसिद्ध्यादौ' - અહીં 'आदि' પદથી પુણ્યના ઉદયનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૧) ધર્મના સેવનથી પ્રાપ્ત ભોગો પણ પ્રાયઃ પ્રમાદના જનક :-**

પૂર્વશ્લોક-૫માં કહેલું કે સ્થિરાદૃષ્ટિમાં ભોગ ભવભોગીની ફણાના આભોગ જેવા દેખાય છે. આવા ભોગો સામાન્યરૂપે પાપાનુબંધીપુણ્યથી મળેલા હોય છે, આથી તે ભોગો ભોગવીને તે જીવ દુરંત સંસારમાં ભટકે છે; પરંતુ ધર્મના સેવનથી જીવને સુદેવત્વ અને સુમાનુષત્વ મળે છે અને ઉત્તરોત્તર ધર્મની વૃદ્ધિ દ્વારા અંતે મોક્ષફળ મળે છે. તેથી ધર્મના સેવનથી પ્રાપ્ત થયેલા ભોગો અનર્થરૂપે નથી, તેવી બુદ્ધિ થાય. તેના નિવારણ માટે કહે છે કે ધર્મથી પણ પ્રાપ્ત થયેલા ભોગો પ્રાયઃ જીવને માટે અનર્થનું કારણ છે; કેમ કે તે ભોગોથી દુરંત સંસારની પ્રાપ્તિ નહીં હોવા છતાં પણ ભોગકાળમાં ભોગોનો કંઈક સંશ્લેષ થાય તેવો પ્રમાદનો પરિણામ થાય છે, જેથી ભોગના સંસ્કારો પડે છે, જે ભોગના સંસ્કારો મોક્ષની પ્રાપ્તિમાં વિલંબનનું કારણ બને છે. તેથી એ ફલિત થાય કે ધર્મથી મળેલા ભોગો પણ જીવને કંઈક પ્રમાદ કરાવીને સંસારના ભવોની પ્રાપ્તિરૂપ અનર્થ કરાવે છે, માટે તે ભોગો પણ જીવને ઇષ્ટ નથી.

અહીં ધર્મથી થતા ભોગો પ્રાયઃ જીવને અનર્થ માટે છે, તેમ કહ્યું. તેનું કારણ શુદ્ધ ધર્મથી આક્ષેપ્ય ભોગો અનર્થનું કારણ નથી, તેમ બતાવવું છે; કેમ કે શુદ્ધ ધર્મના સેવનથી પ્રાપ્ત થયેલા ભોગો પ્રમાદનું કારણ બનતા નથી.

અહીં પ્રશ્ન થાય કે ધર્મથી થતા ભોગો જેમ પ્રમાદનું કારણ બને છે, તેની જેમ શુદ્ધ ધર્મથી થતા ભોગો પ્રમાદનું કારણ કેમ બનતા નથી ? તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ ધર્મના સેવનકાળમાં બંધાતું પુણ્ય વિશુદ્ધ કોટિનું હોય છે તે પુણ્ય જ્યારે વિપાકમાં આવે છે ત્યારે આગમ પ્રત્યેનો અભિનિવેશ ઉત્પન્ન થાય છે, જેથી આગમના અભિનિવેશવાળા તે જીવો દેવલોકાદિમાં ભોગો ભોગવતા હોય ત્યારે પણ ધર્મપ્રધાન ચિત્તની ઉપપત્તિ છે. શુદ્ધ ધર્મના સેવનથી પ્રાપ્ત થતા ભોગોના સેવનકાળમાં ધર્મપ્રધાન ચિત્ત હોવાને કારણે તેવા જીવોમાં એવી શુદ્ધિ વર્તે છે કે જે શુદ્ધિ અત્યંત અનવદ્ય એવા તીર્થંકરાદિ ફળની પ્રાપ્તિનું કારણ બને છે. આથી તીર્થંકરના જીવો પૂર્વભવમાં દેવલોકમાં ભોગાદિ સેવતા હોય ત્યારે પણ તીર્થંકરનામકર્મ બાંધતા હોય છે, અને ભોગકાળમાં પણ ભોગની અસારતા સ્પષ્ટ જોનારા હોય છે, અને તે ભોગકર્મ ભોગવીને પણ આગમમાં અભિનિવેશવાળું ચિત્ત હોવાને કારણે સંસારના ઉચ્છેદને અનુકૂળ એવી શક્તિનો સંચય કરે છે.

**ટીકા :-**

**सामान्यतो दृष्टान्तमाह-चन्दनादपि तथाशीतप्रकृतेः सम्भूतो दहत्येव हुताशनः दहनस्य दाहस्वभावापरावृत्तेः, प्राय एतदेवं, न दहत्यपि कश्चित्सत्यमन्त्राभिसंस्कृताद्दाहासिद्धेः सकललोकसिद्धत्वादिति वदन्ति, युक्तं चैतन्निश्चयतो येनांशेन ज्ञानादिकं तेनांशेनाबन्धनमेव, येन च प्रमादादिकं तेन बन्धनमेव, सम्यक्त्वादीनां तीर्थकरनामकर्मादिबन्धकत्वस्यापि तदविनाभूतयोगकषायगतस्योपचारेणैव सम्भवात् । इन्द्रियार्थसम्बन्धादिकं तूदासीनमेवेत्यन्यत्र विस्तरः ।।६।।**

**ટીકાર્થ :-**

सामान्यतो ..... विस्तरः ।। **સામાન્યથી દૃષ્ટાંતને કહે છે=વ્યાપ્તિગ્રાહક દૃષ્ટાંત નહીં, પરંતુ બોધ કરવામાં ઉપયોગી એવા પ્રકારના સામાન્યથી દૃષ્ટાંતને કહે છે –**

**તેવા પ્રકારના શીત પ્રકૃતિવાળા એવા ચંદનથી પણ ઉત્પન્ન થયેલ અગ્નિ બાળે છે જ; કેમ કે** दहनस्य=**અગ્નિના, દાહ સ્વભાવની અપરાવૃત્તિ છે. આ=ચંદનથી થયેલો પણ અગ્નિ, પ્રાયઃ આવો છે=પ્રાયઃ બાળવાના સ્વભાવવાળો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્નિ બાળવાના સ્વભાવવાળો પ્રાયઃ કેમ છે ? તેથી કહે છે –

**कश्चित्=કોઈક અગ્નિ, નથી પણ બાળતો; કેમ કે સત્યમંત્રથી અભિસંસ્કૃત અગ્નિથી દાહની અસિદ્ધિનું સકલ લોકસિદ્ધપણું છે, એ પ્રમાણે વિદ્વાનો કહે છે; અને આ=શુદ્ધ ધર્મથી આક્ષેપ્ય એવા ભોગો જીવને અનર્થ માટે નથી એ, યુક્ત છે.**

કેમ યુક્ત છે ? તે યુક્તિથી બતાવે છે –

**નિશ્ચયથી=નિશ્ચયનયથી જે અંશથી જ્ઞાનાદિ છે તે અંશથી અબંધન જ છે=કર્મના બંધનો અભાવ જ છે, અને જે અંશથી પ્રમાદાદિ છે તે અંશથી બંધન જ છે.**

અહીં પ્રશ્ન થાય કે જે અંશથી જ્ઞાનાદિ છે તે અંશથી કર્મબંધ નથી જ, તેમ કેમ કહી શકાય ? કેમ કે સમ્યક્ત્વાદિ તીર્થંકરનામકર્માદિના બંધનાં કારણો છે. તેથી જ્ઞાનાદિક પણ બંધનાં કારણ છે, તેમ માનવું પડે. તેથી કહે છે –

**તદ્અવિનાભૂત=સમ્યક્ત્વ આદિની સાથે અવિનાભૂત યોગકષાયગત એવા તીર્થંકરનામકર્માદિના બંધકત્વનું પણ સમ્યક્ત્વાદિમાં ઉપચારથી જ સંભવપણું હોવાને કારણે જ્ઞાનાદિક કર્મબંધનાં કારણ નથી, ઉપચારથી સમ્યક્ત્વાદિને તીર્થંકરનામકર્મના બંધનું કારણ કહેવાય છે, એમ સંબંધ છે.**

શુદ્ધ ધર્મના સેવનથી જે યોગીઓ દેવલોકમાં ગયેલા છે, અને ત્યાંના ભોગો ભોગવે છે, છતાં તેઓને નિશ્ચયનયથી કર્મબંધ નથી એમ પૂર્વમાં સ્થાપન કર્યું, ત્યાં પ્રશ્ન થાય કે દેવભવમાં વિષયોની સાથે તેઓને સંબંધ છે, તત્કૃત કર્મબંધ થશે. માટે ભોગો અનર્થકારી નથી, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

**વળી इन्द्रियार्थसम्बन्धादिकं=ઇન્દ્રિયોની સાથે અર્થના સંબંધો આદિક ઉદાસીન જ છે=કર્મબંધ પ્રત્યે ઉદાસીન જ છે=અકારણ જ છે, એ પ્રમાણે અન્યત્ર વિસ્તાર છે. ॥૬॥**

❖ 'ज्ञानादिकं' - અહીં 'आदि'થી દર્શન અને ચારિત્રનું ગ્રહણ કરવું.

❖ 'प्रमादादिकं' - અહીં 'आदि'થી અજ્ઞાનનું ગ્રહણ કરવું.

❖ 'सम्यक्त्वादिनां' - અહીં 'आदि'થી સરાગ સંયમનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'तीर्थंकरनामकर्मादिबन्धकत्वस्यापि'-અહીં 'आदि'થી દેવલોકની પ્રાપ્તિના કારણીભૂત એવા કર્મબંધનું ગ્રહણ કરવું, અને સમ્યક્ત્વાદિમાં તીર્થંકરનામકર્મનું બંધકપણું પણ ઉપચારથી છે, વાસ્તવિક નથી, તેનો 'अपि'થી સમુચ્ચય છે.

❖ 'इन्द्रियार्थसम्बन्धादिकं' - અહીં 'आदि'થી મહારાજ્યાદિ ભોગનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ધર્મથી થનારા ભોગો અનર્થ માટે છે, તે બતાવવા માટે સામાન્યથી દૃષ્ટાંત બતાવે છે –

આશય એ છે કે વ્યાપ્તિગ્રાહક દૃષ્ટાંતમાં વ્યાપ્તિની પ્રાપ્તિ હોય છે. જેમ પર્વતમાં અગ્નિની સિદ્ધિ માટે અનુમાન કરાય છે ત્યારે મહાનસનું=રસોડાનું દૃષ્ટાંત આપવામાં આવે છે, જેમાં ધૂમ અને અગ્નિની વ્યાપ્તિ હોય છે. આ દૃષ્ટાંત તેવું નથી; અને તેવું દૃષ્ટાંત આપવું હોય તો એ બતાવવું પડે કે જે કોઈ જીવે ધર્મનું સેવન કર્યું હોય, અને તેનાથી ભોગોની પ્રાપ્તિ થઈ હોય, અને તે સર્વ ભોગથી તે જીવને અવશ્ય અનર્થની પ્રાપ્તિ થતી હોય; પરંતુ એવું આ દૃષ્ટાંત નથી, પણ પદાર્થને સમજવા માટે સામાન્યથી આ દૃષ્ટાંત છે. તે બતાવવા માટે અહીં કહ્યું કે સામાન્યથી દૃષ્ટાંતને કહે છે –

તેવા પ્રકારની શીત પ્રકૃતિવાળા એવા ચંદનથી પણ ઉત્પન્ન થયેલો અગ્નિ બાળે છે; કેમ કે અગ્નિના દાહ સ્વભાવની અપરાવૃત્તિ છે અર્થાત્ અગ્નિનો બાળવાનો સ્વભાવ છે. અહીં ચંદનથી થતો અગ્નિ બાળે છે, એમ બતાવીને એ કહેવું છે કે ચંદન પ્રકૃતિથી શીતળ છે, આમ છતાં તેનાથી થતો અગ્નિ શીતળ નથી, પણ બાળવાના સ્વભાવવાળો છે; તેમ ધર્મ પણ આત્માને માટે હિતકારી છે, તોપણ તે ધર્મથી પ્રાપ્ત થતા ભોગો જીવને પ્રમાદ કરાવનારા છે, માટે અનર્થને કરનારા છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા યોગી તે પ્રકારે ભોગનું સ્વરૂપ વિચારીને ભોગથી દૂર રહેવા યત્ન કરે છે, જેથી ભોગ પ્રત્યેના વલણથી પોતાની યોગમાર્ગની પ્રવૃત્તિ શિથિલ થાય નહીં.

ધર્મના સેવનથી ભોગોની પ્રાપ્તિ થાય છે, અને તે ભોગોની પ્રાપ્તિમાં સામાન્ય રીતે જીવોને કંઈક પ્રમાદનો પરિણામ પણ વર્તે છે, તેથી તે ભોગોથી કર્મબંધની પ્રાપ્તિ થાય છે; પરંતુ શુદ્ધ ધર્મથી પ્રાપ્ત થયેલા ભોગો ભોગવતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે ચિત્ત ધર્મસાર વર્તતું હોવાને કારણે કર્મબંધ થતો નથી. આ વાત ચંદનથી થયેલા અગ્નિના દૃષ્ટાંતમાં કઈ રીતે સંગત છે ? તે બતાવવા માટે કહે છે –

જેમ કોઈ વ્યક્તિ અગ્નિને મંત્રથી અભિસંસ્કૃત કરે તો તેની દાહશક્તિ પ્રતિબદ્ધ થઈ જાય છે, તેથી અગ્નિ પણ બાળવાનું કાર્ય કરી શકતો નથી; તેમ શુદ્ધ ધર્મથી પ્રાપ્ત થયેલા ભોગો પણ યોગીઓ તે રીતે ભોગવે છે કે ભોગો ભોગવતાં લેશ પણ ભોગકૃત સંશ્લેષ તેઓને થતો નથી, તેથી કર્મબંધ પણ થતો નથી. આ વાતને દૃઢ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

નિશ્ચયનયથી જે અંશથી જ્ઞાનાદિક છે, તે અંશથી કર્મનો અબંધ જ છે; અને જે અંશથી પ્રમાદાદિ છે, તે અંશથી કર્મબંધ જ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શુદ્ધ ધર્મના સેવનથી યોગીને પ્રાપ્ત થયેલા દેવલોકાદિના ભોગકાળમાં ચિત્ત અવિરતિના ઉદયવાળું હોવા છતાં તે મહાત્માનું ચિત્ત આગમના અભિનિવેશવાળું હોય છે, તેથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ રુચિ વર્તતી હોય છે અને અનંતાનુબંધી કષાયના વિગમનથી અંશથી ચારિત્ર પણ વિદ્યમાન છે. વળી ભોગકાળમાં પ્રમાદવાળો ઉપયોગ નથી, પરંતુ પોતાની રત્નત્રયીની વૃદ્ધિ થાય તેવો ઉપયોગ છે. આથી ભોગકાળમાં પણ અપ્રમાદભાવથી પોતાના ગુણોની વૃદ્ધિ માટેનો યત્ન ચાલુ છે. તેથી ગુણસ્થાનકકૃત કર્મબંધ હોવા છતાં પ્રમાદકૃત કે અજ્ઞાનકૃત કર્મબંધ નથી, તેથી શુદ્ધ ધર્મથી આક્ષિપ્ત એવા દેવલોકના ભોગકાળમાં પણ કર્મબંધની પ્રાપ્તિ નથી.

હવે જે લોકો મોક્ષના અર્થે સંયમ પાળીને દેવલોકમાં ગયા છે, પરંતુ પૂર્વભવમાં તેવો શુદ્ધ ધર્મ સેવ્યો નથી, તેથી દેવભવમાં ભોગો ભોગવતી વખતે આગમના અભિનિવેશવાળું ચિત્ત નથી, તેઓને ચિત્તમાં ભોગોનો કંઈક સંશ્લેષ થાય છે, તે અંશમાં તેઓમાં પ્રમાદ વર્તે છે. તેથી પ્રમાદકૃત કર્મબંધ છે, તોપણ મોક્ષાર્થે સેવેલા ધર્મથી થયેલા ભોગો મોક્ષમાર્ગના બાધક નથી, પરંતુ ભોગકાળમાં થયેલા પ્રમાદને કારણે તેઓને વિલંબથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આનાથી એ ફલિત થયું કે પ્રવૃત્તિકાળમાં અજ્ઞાન અને પ્રમાદ વર્તતો હોય તો કર્મબંધ થાય છે, અને પ્રવૃત્તિકાળમાં અજ્ઞાન અને પ્રમાદ ન વર્તતા હોય તો, જે સમ્યગ્જ્ઞાન છે અને તે સમ્યગ્જ્ઞાનને અનુકૂળ અપ્રમાદભાવથી જે યત્ન છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પ્રવૃત્તિથી રત્નત્રયીની વૃદ્ધિ થાય છે; પરંતુ કર્મબંધ થતો નથી, ફક્ત ગુણસ્થાનકકૃત કર્મબંધ થાય છે. તેથી અવિરતિ ગુણસ્થાનકવાળા, દેશવિરતિ ગુણસ્થાનકવાળા કે સર્વવિરતિ ગુણસ્થાનકવાળા મહાત્માઓ ધર્મસાર ચિત્તવાળા હોય તો લેશ પણ પ્રમાદ વગર પોતાની ભૂમિકાને અનુરૂપ યોગમાર્ગની પ્રવૃત્તિ કરતા હોય છે, અને ક્વચિત્ અવિરતિના ઉદયને કારણે ભોગાદિની પ્રવૃત્તિ કરતા હોય તોપણ ચિત્ત અપ્રમાદભાવવાળું હોવાથી કર્મબંધ થતો નથી; જ્યારે વિરતિના પરિણામવાળા પણ મુનિ જ્યારે પ્રમાદવાળા હોય છે, ત્યારે પડિલેહણાદિ ક્રિયા કરતા હોય તોપણ ષટ્કાયની વિરાધનાકૃત કર્મબંધ થાય છે.

તેથી એ ફલિત થાય કે સમ્યગ્બોધ અને અપ્રમાદભાવથી યત્ન થતો હોય તો મોક્ષમાર્ગને અનુકૂળ પ્રયત્ન ચાલુ છે, સમ્યગ્બોધ હોવા છતાં પ્રમાદ વર્તતો હોય તો કર્મબંધ થાય છે, અને સમ્યગ્બોધમાં ખામી હોય તો અજ્ઞાનકૃત પણ કર્મબંધ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધ ધર્મના સેવનથી દેવલોકાદિ ભવમાં ગયેલા યોગીઓ ભોગકાળમાં પણ પ્રમાદવાળા નથી, માટે તેઓને કર્મબંધ નથી, તેમ કહેવામાં આવે તો ભોગોની સાથેનો સંબંધ શું કાર્ય કરે છે ? તેથી કહે છે –

ઇન્દ્રિયોનો વિષયોની સાથેનો સંબંધ કર્મબંધ પ્રત્યે ઉદાસીન છે, માટે દેવલોકમાં કરાતા ભોગોથી લેશ પણ કર્મબંધ નથી.

આશય એ છે કે જીવના અંતરંગ પરિણામથી કર્મબંધ થાય છે; અને ધર્મસાર ચિત્તવાળા યોગીઓને આગમ પ્રત્યે અભિનિવેશ હોય છે, તેથી જે કંઈ મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરે છે તે આગમવચનાનુસાર કરે છે, અને આગમવચનાનુસાર પ્રવૃત્તિ થતી હોવાને કારણે ચિત્તમાં લેશ પણ પ્રમાદ નથી. તેથી ઇન્દ્રિયોનો જે વિષયો સાથેનો સંબંધ છે તે કર્મબંધ પ્રત્યે કારણ નથી, પરંતુ કર્મબંધ પ્રત્યે ઉદાસીન છે. આથી આવા યોગીઓ નિર્લેપભાવમાં વર્તતા હોય છે. તેથી તેમને કોઈ મહારાજ્યની પ્રાપ્તિ થાય તો રાજ્યની વૃદ્ધિકૃત પણ તેઓને કર્મબંધ થતો નથી; કેમ કે ચિત્ત આગમથી નિયંત્રિત છે અને વિષયોના ભાવોને સ્પર્શતું નથી; પરંતુ જે યોગીઓમાં કંઈક પ્રમાદભાવ વર્તે છે, તેવા યોગીઓને વિષયોની સાથેનો ઇન્દ્રિયોનો સંબંધ પ્રમાદ કરાવીને કર્મબંધ કરાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અને પોતાને મોટા રાજ્યની પ્રાપ્તિ થાય તો 'હું મહાન રાજવી છું' એવી કંઈક બુદ્ધિ કરાવીને કર્મબંધનું કારણ બને છે; પરંતુ ઇન્દ્રિયોનો વિષય સાથે સંબંધ થાય તેટલા માત્રથી ઇન્દ્રિયો કર્મબંધ કરાવતી નથી. ॥૬॥

**અવતરણિકા :-**

**વળી સ્થિરાદૃષ્ટિવાળા જીવો આગમના અભિનિવેશવાળા હોય છે. તેથી જેમ ભોગોની અસારતાનો વિચાર કરે છે, તેમ ભોગોના સેવનથી થતી ભોગોની ઇચ્છાની નિવૃત્તિ, એ ઇચ્છાઓના નાશનો ઉપાય નથી, પરંતુ ભોગોના ત્યાગમાં યત્ન કરીને ધર્મના સેવનથી થતી ઇચ્છાઓની નિવૃત્તિ એ ઇચ્છાઓના નાશનો ઉપાય છે, તેવી બુદ્ધિને સ્થિર કરે છે. તે સ્થિર કરવા અર્થે શું વિચારે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**स्कन्धात्स्कन्धान्तरारोपे भारस्येव न तात्त्विकी ।**
**इच्छाया विरतिर्भोगात्तत्संस्कारानतिक्रमात् ।।७।।**

**અન્વયાર્થ :-**

**स्कन्धात्स्कन्धान्तरारोपे=સ્કંધથી સ્કંધાંતરના આરોપમાં भारस्येव=ભારની જેમ भोगात्=ભોગથી इच्छाया विरति=ઇચ્છાની વિરતિ तात्त्विकी न=તાત્ત્વિકી નથી; કેમ કે तत्संस्कारानतिक्रमात्=તેના સંસ્કારનો અનતિક્રમ છે=ભોગના સંસ્કારનો નાશ નથી. ।।૭।।**

**શ્લોકાર્થ :-**

**સ્કંધથી સ્કંધાંતરના આરોપમાં ભારની જેમ ભોગથી ઇચ્છાની વિરતિ તાત્ત્વિકી નથી; કેમ કે ભોગના સંસ્કારનો નાશ નથી. ।।૭।।**

**ટીકા :-**

**स्कन्धादिति-स्कन्धात् स्कन्धान्तरारोपे भारस्येव भोगादिच्छाया विरतिर्न तात्त्विकी, तत्संस्कारस्य=कर्मबन्धजनिता(जनका)निष्टभोगसंस्कारस्यानतिक्रमात्, तदतिक्रमो हि प्रतिपक्षभावनया तत्तनूकरणेन स्यात्, न तु विच्छेदेन**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रसुप्ततामात्रेण वेति, इत्थं भोगासारताविभावनेन स्थिरायां स्थैर्यमुपजायते, सत्यामस्यामपरैरपि योगाचार्यैरलौल्यादयो गुणाः प्रोच्यन्ते ।**

**ટીકાર્થ :-**

**स्कन्धात् ..... प्रोच्यन्ते । સ્કંધથી સ્કંધાન્તરના આરોપમાં भारस्येव=જેમ ભારની તાત્ત્વિકી નિવૃત્તિ નથી, તેમ ભોગથી ઈચ્છાની વિરતિ તાત્ત્વિકી નથી; કેમ કે તત્સંસ્કારનો=કર્મબંધજનક અનિષ્ટ એવા ભોગના સંસ્કારનો અનતિક્રમ છે=નાશ નથી; हि=જે કારણથી, પ્રતિપક્ષભાવના દ્વારા=ભોગના આકર્ષણની પ્રતિપક્ષભાવના દ્વારા, તેના તનૂકરણથી=ભોગના સંસ્કારના તનૂકરણથી, તેનો અતિક્રમ થાય=ભોગના સંસ્કારનો નાશ થાય, પરંતુ વિચ્છેદથી નહીં=ભોગની પ્રવૃત્તિથી થતા ભોગની ઈચ્છાના વિચ્છેદથી નહીં, અથવા પ્રસુપ્તતામાત્રથી નહીં=સુષુપ્ત એવી ભોગની ઈચ્છામાત્રથી નહીં. 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું કે ભોગથી ભોગની વિરતિ તાત્ત્વિકી નથી એ રીતે, ભોગની અસારતાના વિભાવન વડે, સ્થિરામાં=સ્થિરાદૃષ્ટિમાં, સ્થૈર્ય થાય છે=પ્રત્યાહારનું સ્થિરપણું થાય છે. આ હોતે છતે=પ્રત્યાહારનું સ્થૈર્ય હોતે છતે, બીજા પણ યોગાચાર્યો વડે=અન્ય દર્શનના પણ યોગાચાર્યો વડે, અલૌલ્યાદિ ગુણો કહેવાયા છે=સ્થિરાદૃષ્ટિમાં અલૌલ્યાદિ ગુણો કહેવાયા છે.**

**નોંધ :-** 'कर्मबन्धजनिताऽनिष्टभोगसंस्कारस्याऽनतिक्रमात्' એ પ્રકારનો પાઠ ટીકામાં છે, તેના સ્થાને 'कर्मबन्धजनकानिष्टभोगसंस्कारस्याऽनतिक्रमात्' પાઠ હોય તેમ ભાસે છે. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

સ્થિરાદૃષ્ટિવાળા યોગી વિચારે છે કે ભોગમાં પ્રવૃત્તિ કરીને ભોગની ઇચ્છાની નિવૃત્તિ થાય છે, તે ઇચ્છાની નિવૃત્તિ તાત્કાલિકી છે, પરંતુ તાત્ત્વિકી નથી અર્થાત્ મોક્ષનું કારણ બને તેવી ઇચ્છાની અત્યંત નિવૃત્તિ નથી. જેમ કોઈ માણસના ખભા ઉપર ભાર હોય અને તે ભારની પીડાને દૂર કરવા તે ભારને બીજા ખભા ઉપર મૂકે, ત્યારે જે ખભા ઉપર ભાર હતો ત્યાં ક્ષણભર પીડાની નિવૃત્તિ થાય છે, તોપણ બીજા ખભા ઉપર ભાર જવાને કારણે ત્યાં પીડા ઉત્પન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. તેથી એક ખભા ઉપરથી ભારને ઉપાડીને અન્ય ખભા ઉપર મૂકવાથી ક્ષણિક પીડાની નિવૃત્તિ થાય છે, પણ તે આત્યંતિકી નથી; પરંતુ ખભા ઉપરના ભારને દૂર કરવામાં આવે અને બીજા ખભા ઉપર ન મૂકવામાં આવે તો ભારથી થતી પીડાની અત્યંત નિવૃત્તિ થાય છે; તેમ ભોગ ભોગવીને જે ઇચ્છાની નિવૃત્તિ થાય છે, તે અત્યંત નિવૃત્તિ નથી, પરંતુ ભોગકાળમાં અનુભવાયેલા મધુરપણાના વેદનના સંસ્કારો આત્મા ઉપર રહે છે, તેથી અમુક કાળ પછી ફરી તે ઇચ્છા ઉદ્ભવ પામે છે. માટે ભોગથી થતી ઇચ્છાની નિવૃત્તિ તાત્કાલિકી છે, પણ તાત્ત્વિકી નથી. તેથી એક ખભા ઉપરના ભારને બીજા ખભા ઉપર મૂકવાથી થતી પીડાની નિવૃત્તિ જેવી ક્ષણિક છે; પરંતુ સંસારના સ્વરૂપનું સમ્યક્ પર્યાલોચન કરીને, 'સર્વ ઇચ્છાના ઉપદ્રવથી રહિત મોક્ષ, જીવ માટે પરમાર્થ છે,' તેવો સ્થિર નિર્ણય કરીને, મોક્ષનો ઉપાય બને તે રીતે સ્વભૂમિકાને અનુરૂપ ઉચિત અનુષ્ઠાન સેવવામાં આવે, અને તેનાથી ઇચ્છાનો ઉચ્છેદ થાય, તે ઇચ્છાનો ઉચ્છેદ ઉત્તરોત્તર વૃદ્ધિ થઈને ઇચ્છાના પૂર્ણ ઉચ્છેદમાં વિશ્રાંત થનાર છે.

આશય એ છે કે ભોગની પ્રવૃત્તિ કરવાથી ભોગની ઇચ્છા ક્ષણભર નાશ પામે છે, તોપણ કર્મબંધના જનક એવા અનિષ્ટ ભોગોના સંસ્કારો આત્મા ઉપર પડે છે, તેથી તે ભોગના સંસ્કારથી ફરી ભોગની ઇચ્છા પ્રગટ થાય છે. માટે ભોગની ઇચ્છાની તેવી વિરતિ તાત્ત્વિકી નથી; પરંતુ ભોગની ઇચ્છાની નિવૃત્તિના અર્થે ભોગ પ્રત્યેનાં જે આકર્ષણો છે તેનાથી પ્રતિપક્ષ અર્થાત્ વિરુદ્ધ ભોગોના અનર્થોનું ભાવન કરવામાં આવે, તો તે ભાવનથી આત્મા ઉપર ભોગોના આકર્ષણના વિરુદ્ધના સંસ્કારોનું આધાન થાય છે, અને જેમ ભોગોના આકર્ષણના વિરુદ્ધના સંસ્કારોનું આધાન આત્મા ઉપર અધિક અધિક થાય, તેમ તેમ ભોગોના આકર્ષણના સંસ્કારો ક્ષીણ ક્ષીણતર થાય છે, અને આ રીતે પ્રતિપક્ષના ભાવન દ્વારા ભોગના સંસ્કારો ક્ષીણ ક્ષીણતર થઈને અંતે વિનાશ પામે છે. તેથી ભોગની ઇચ્છાની નિવૃત્તિનો પારમાર્થિક ઉપાય ભોગની પ્રવૃત્તિ નથી, પરંતુ પ્રતિપક્ષ ભાવના છે.

વળી ભોગની પ્રવૃત્તિથી ભોગની ઇચ્છાનો વિચ્છેદ ક્ષણભર થાય છે, તોપણ આકાલભાવી નથી, તેથી તે ઇચ્છાની વિરતિ તાત્ત્વિકી નથી. તેમ ભોગમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ ન કરવામાં આવે અને ભોગની સામગ્રીથી દૂર રહેવામાં આવે, તો ભોગની ઇચ્છા સુષુપ્ત રહે છે; પરંતુ ભોગની ઇચ્છા સુષુપ્ત રહે એટલામાત્રથી ભોગની ઇચ્છાની નિવૃત્તિ તાત્ત્વિકી નથી; પરંતુ ભોગની ઇચ્છાને પ્રસુપ્ત કરીને પ્રતિપક્ષભાવન કરવામાં આવે, તો ભોગના આકર્ષણના નાશક એવા વિરુદ્ધ સંસ્કારો પડે, અને તે વિરુદ્ધ સંસ્કારો બળવાન બને ત્યારે ઇચ્છાની વિરતિ તાત્ત્વિકી થાય છે.

આ રીતે સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ ભોગની અસારતાનું ભાવન કરે છે અને તેના દ્વારા તે યોગીઓને પ્રગટ થયેલો પ્રત્યાહારનો પરિણામ સ્થિર થાય છે; અને જ્યારે પ્રત્યાહારનો પરિણામ સ્થૈર્યભાવને પામે છે, ત્યારે અન્ય દર્શનકારો વડે જે અલૌલ્યાદિ ગુણો કહેવાયા છે, તે સર્વ સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓમાં પ્રગટ થાય છે.

**ટીકા :-**

**यथोक्तं –**

"अलौल्यमारोग्यमनिष्ठुरत्वं, गन्धः शुभो मूत्रपुरीषमल्पम् ।
कान्तिः प्रसादः स्वरसौम्यता च, योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ।।
मैत्र्यादियुक्तं विषयेष्वचेतः, प्रभाववद्धैर्यसमन्वितं च ।
द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभो, जनप्रियत्वं च तथा परं स्यात् ।।
दोषव्यपायः परमा च तृप्तिरौचित्ययोगः समता च गुर्वी ।
वैरादिनाशोऽथ ऋतम्भराधीर्निष्पन्नयोगस्य तु चिह्नमेतत्" ।। **इति । इहाप्येतदकृत्रिमं गुणजातमित एवारभ्य विज्ञेयम् ।।७।।**

**ટીકાર્થ :-**

**यथोक्तं ..... विज्ञेयम् ।। જે પ્રમાણે કહેવાયું છે=જે પ્રમાણે અન્ય દર્શનકારો વડે કહેવાયું છે.**

(૧) "अलौल्यम्=લોલુપતાનો અભાવ, (૨) आरोग्यम्=શરીરનું આરોગ્ય, (૩) अनिष्ठुरत्वं=દયાળુપણું, (૪) शुभोगन्धः=યોગના કારણે શરીરમાં શુભ ગંધનો ઉદ્ભવ, (૫) मूत्रपुरीषमल्पम्=મૂત્ર-વિષ્ટાની અલ્પતા, (૬) कान्तिः=યોગના સેવનના કારણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌમ્યતા, (૭) प्रसादः=પ્રસન્નતા, (૮) स्वरसौम्यता=યોગના સેવનને કારણે મધુરભાષિતા, યોગની પ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે=પૂર્વમાં વર્ણન કર્યું એવા ભાવોની પ્રાપ્તિ એ યોગની પ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે." ॥૧॥

"तथा परं स्यात्=અને બીજું થાય –

શું થાય ? તે બતાવે છે –

(૯) मैत्र्यादियुक्तं=મૈત્ર્યાદિયુક્ત ચિત્ત, (૧૦) विषयेषु अचेतः=વિષયોમાં ચેતનાનો અભાવ, (૧૧) प्रभाववद्=પ્રભાવવાળું ચિત્ત, (૧૨) અને धैर्य समन्वित=ધૈર્યથી સમન્વિત ચિત્ત=યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં ધૈર્યથી સમન્વિત ચિત્ત, (૧૩) द्वन्द्वैरधृष्यत्वम्=અનુકૂળ-પ્રતિકૂળમાં અનાકુળપણું, (૧૪) अभिष्टलाभः=ઇચ્છિતનો લાભ, (૧૫) जनप्रियत्वं= લોકોમાં પ્રિયપણું થાય." ॥૨॥

"(૧૬) दोषव्यपायः=દોષનો વિશેષરૂપે અપગમ, (૧૭) અને परमातृप्तिः=પરમતૃપ્તિ= ભોગાદિથી થતી તૃપ્તિ કરતાં વિશેષ પ્રકારની તૃપ્તિ, (૧૮) औचित्ययोगः=ઔચિત્યયોગ=સર્વત્ર ઉચિત વ્યાપાર, (૧૯) गुर्वी समता च=અને શ્રેષ્ઠ કોટીની સમતા, (૨૦) वैरादिनाशः- =વૈરાદિનો નાશ=સાંનિધ્યમાં આવનારા જીવોના વૈરાદિનો નાશ, (૨૦) ऋतम्भराधीः=અત્યંત તત્ત્વને સ્પર્શનારી બુદ્ધિ=અપેક્ષાએ પ્રાતિભજ્ઞાન અને કેવળજ્ઞાન, નિષ્પન્નયોગનાં આ=પૂર્વમાં વર્ણન કરાયાં એ, ચિહ્ન છે." ॥૩॥ **(યો.દ.સ. શ્લોક-૧૬૧ વૃત્તિ, યોગબિંદુ શ્લોક-૫૫ વૃત્તિમધ્યે)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.**

**અહીં પણ=યોગમાર્ગમાં પણ, આ=પૂર્વના શ્લોકોમાં અલૌલ્યાદિ જે વર્ણન કરાયા એ, અકૃત્રિમ ગુણોનો સમુદાય इतएवारभ्य=અહીંથી જ આરંભીને=સ્થિરાદૃષ્ટિથી જ આરંભીને જાણાવો. ॥૭॥**

**ભાવાર્થ :-**

પાંચમી સ્થિરાદૃષ્ટિ પ્રગટ થાય ત્યારે પ્રત્યાહારનો પરિણામ સ્થૈર્યભાવ પામતાં બીજા આચાર્યોએ અલૌલ્યાદિ ગુણો પ્રગટ થાય, તેમ કહ્યું. તેથી તેમના વચનની સાક્ષી ત્રણ શ્લોકથી આપે છે. તેમાં પ્રથમ શ્લોકમાં યોગના પ્રાથમિક ગુણો બતાવ્યા, બીજા શ્લોકમાં ત્યારપછી યોગના સેવનથી થતા ગુણો બતાવ્યા અને ત્રીજા શ્લોકમાં નિષ્પન્નયોગવાળામાં થતા ગુણો બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાક્ષીના પ્રથમ શ્લોકમાં કહ્યું કે યોગપ્રવૃત્તિનું આ પ્રથમ ચિહ્ન છે. તેથી એ પ્રાપ્ત થાય કે પારમાર્થિક યોગની પ્રવૃત્તિ સ્થિરાદૃષ્ટિથી થાય છે; કેમ કે સ્થિરાદૃષ્ટિમાં વિપર્યાસ વિનાનો બોધ છે, તત્ત્વની સ્થિર રુચિ છે અને શક્તિ અનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ છે; જ્યારે સ્થિરાદૃષ્ટિની પૂર્વમાં=પ્રથમની ચાર દૃષ્ટિમાં, બોધમાં કંઈક વિપર્યાસ હોવાથી સમ્યગ્ યોગમાર્ગની પ્રવૃત્તિ નથી. વળી, સ્થિરાદૃષ્ટિવાળા યોગી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓની યોગની પ્રવૃત્તિથી જે ગુણો પ્રગટે છે તે અહીં બતાવે છે. વળી, સ્થિરાદૃષ્ટિવાળા કેટલાક યોગીઓ અવિરતિના ઉદયવાળા હોય છે, તેઓમાં પ્રત્યાહાર યોગાંગ હોતું નથી. તેથી તેવા યોગીઓને અહીં ગ્રહણ કરેલ નથી, પરંતુ સ્થિરાદૃષ્ટિમાં રહેલા પ્રત્યાહાર યોગાંગવાળા અને ભોગની અસારતાના વિભાવનથી પ્રત્યાહારનો સ્થૈર્યભાવ જેમને પ્રાપ્ત થયો છે એવા વિરતિધરને ગ્રહણ કરીને અહીં અલૌલ્યાદિ ગુણો કહ્યા છે, જે આ પ્રમાણે –

**અન્ય દર્શન દ્વારા કથિત અલૌલ્યાદિ ગુણોની સ્થિરાદૃષ્ટિમાં પ્રાપ્તિ :-**

**(૧) અલૌલ્ય :-** પ્રત્યાહારવાળા યોગીઓ આહારાદિની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ક્યાંય લોલુપતા ન હોય તેવા ઉત્તમ ચિત્તની પ્રાપ્તિ તેમને હોય છે.

**(૨) આરોગ્ય :-** યોગમાર્ગની પ્રવૃત્તિને કારણે ચિત્ત શાંતરસવાળું હોય છે અને ચિત્તના સ્વાસ્થ્યને કારણે પ્રાયઃ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. ક્વચિત્ કર્મ બળવાન હોય તો ચિત્ત સ્વસ્થ હોવા છતાં રોગાદિની પ્રાપ્તિ થઈ શકે; પરંતુ જે જીવોનું બળવાન કર્મ નથી, તેઓને ઉત્તમ ચિત્તને કારણે આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

**(૩) અનિષ્ઠુરત્વ :-** અનિષ્ઠુરત્વ અર્થાત્ દયાળુ ચિત્ત. યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા સ્થિરાદૃષ્ટિવાળા યોગીનું ચિત્ત દયાળુ હોય છે.

**(૪) શુભગંધ :-** યોગમાર્ગની પ્રવૃત્તિને કારણે યોગીઓનું ઉત્તમ ચિત્ત હોય છે, તેથી દેહમાં પણ પ્રાયઃ શુભગંધ પ્રગટે છે, જે યોગનું કાર્ય છે.

**(૫) મૂત્ર અને વિષ્ટાની અલ્પતા :-** યોગીના યોગના સેવનથી આહારાદિ પણ પ્રાયઃ સાત ધાતુરૂપે પરિણમન પામે છે અને મલાદિરૂપે અલ્પ પરિણમન પામે છે. તેથી યોગીઓને મૂત્ર અને વિષ્ટાની અલ્પતા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૬) કાંતિ :-** યોગમાર્ગની પ્રવૃત્તિને કારણે પૂર્વે શરીરની જે સુંદરતા હોય તેમાં પ્રાયઃ અતિશયતા થાય તેવી કાંતિ પ્રગટે છે; કેમ કે યોગના સેવનથી સૌમ્યતાની વૃદ્ધિ થાય, તે રીતે આહારાદિનાં પુદ્ગલો પરિણમન પામે છે.

**(૭) પ્રસાદ :-** યોગમાર્ગની પ્રવૃત્તિ કરનાર યોગીનું ચિત્ત હંમેશાં પ્રસન્નતાવાળું હોય છે.

**(૮) સ્વરસૌમ્યતા :-** યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારા યોગીઓને કુદરતી શરીરની રચનાના અનુસારે જે પ્રકારનો સ્વર પ્રાપ્ત થયો હોય, તેમાં યોગના સેવનથી સૌમ્યતા પ્રગટે છે. તેથી તેમના વચનપ્રયોગમાં સૌમ્યતાનું દર્શન થાય છે.

યોગમાર્ગની પ્રવૃત્તિનાં આ પ્રથમ ચિહ્નો છે. તેથી એ ફલિત થાય કે સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ યોગમાર્ગને યથાર્થ જોઈને યોગમાર્ગની પ્રાથમિક પ્રવૃત્તિ કરે છે, જેના ફળરૂપે ઉપર્યુક્ત આઠ ગુણોની પ્રાપ્તિ થાય છે.

આ યોગમાર્ગની પ્રાથમિક પ્રવૃત્તિ કર્યા પછી યોગીઓ જેમ જેમ યોગમાર્ગનું આગળ સેવન કરે છે, તેમ તેમ નવા નવા ગુણો પ્રગટ થાય છે, તે આ પ્રમાણે -

**(૯) મૈત્રી આદિ યુક્ત ચિત્ત :-** યોગીઓ ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિવાળા હોય છે. તેથી યોગના સેવનના કારણે જગતના તમામ જીવો પ્રત્યે મૈત્રી આદિ ભાવો પ્રગટે છે.

**મૈત્રી :-** જીવોનું હિત થઈ શકે ત્યાં હિત કરવાનો પ્રયત્ન થાય છે, અને જ્યાં હિત કરવાનું શક્ય ન હોય ત્યાં પણ તેમનું હિત કરવાનો પરિણામ હોય છે. આવો મૈત્રીભાવ તેમનામાં હોય છે.

**પ્રમોદ :-** ગુણવાન જીવોના ગુણો પ્રત્યે પક્ષપાતનો પરિણામ તેમને થાય છે.

**કરુણા :-** દુઃખી જીવો પ્રત્યે તેમને કરુણા થાય છે.

**માધ્યસ્થ્ય :-** તેમને અયોગ્ય જીવો પ્રત્યે પણ દ્વેષ થતો નથી, અને પ્રયત્નથી સુધરે તેવું ન જણાય તો ઉપેક્ષાનો પરિણામ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેનું ચિત્ત મૈત્રી આદિ ચાર ભાવોથી અત્યંત વાસિત હોય તેવો જીવ જીવમાત્ર સાથે ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે, અને ઉચિત પ્રવૃત્તિમાં જે કંઈ સ્ખલના થાય છે, તેનું કારણ વિવેકપૂર્વકના મૈત્રી આદિ ભાવોની ન્યૂનતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧૦) વિષયોમાં અચેત :-** યોગના સેવનથી વિષયોની પ્રવૃત્તિમાં ચિત્ત અચેતન જેવું બને છે. પ્રાયઃ યોગીઓ વિષયોની પ્રવૃત્તિ કરતા નથી; તોપણ પાંચે ઇન્દ્રિયો વિદ્યમાન છે અને જગતમાં તેના વિષયો પણ વિદ્યમાન છે અને તે વિષયોનો ઇન્દ્રિયોની સાથે સંપર્ક પણ અનાયાસે થતો હોય છે, છતાં ચિત્ત નિર્લેપ હોવાથી વિષયોમાં તેમની ચેતના પ્રવર્તતી નથી. તેથી પદાર્થનો બોધમાત્ર થાય છે, પરંતુ ઔત્સુક્યપૂર્વક વિષયોમાં પ્રવૃત્તિ થતી નથી.

**(૧૧) પ્રભાવવાળું ચિત્ત :-** યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલા યોગીઓ જગત પ્રત્યે નિરપેક્ષભાવવાળા હોય છે, તેમની પ્રવૃત્તિ અન્ય જીવો ઉપર પ્રભાવ પડે તેવી હોય છે.

**(૧૨) ધૈર્ય સમન્વિત ચિત્ત :-** સંસારનો ઉચ્છેદ અતિ દુષ્કર છે, સાધના અતિ દુષ્કર છે, તોપણ યોગના સેવનથી યોગીઓમાં દુષ્કર એવા પણ યોગમાર્ગને સેવવાને અનુકૂળ ધૈર્યથી યુક્ત ચિત્ત હોય છે.

**(૧૩) દ્વન્દ્વ અધૃષ્યતા :-** શાતા-અશાતાનાં દ્વન્દ્વો કે અનુકૂળ-પ્રતિકૂળ ભાવોનાં દ્વન્દ્વોમાં યોગીઓનું ચિત્ત વ્યાકુળ થતું નથી. આવું ઉત્તમ ચિત્ત તેમને યોગના સેવનથી પ્રગટે છે.

**(૧૪) અભીષ્ટ લાભ :-** યોગીઓ યોગનું સેવન કરતા હોય છે, અને તેનાથી તેઓને યોગમાર્ગના અતિશય અર્થે જે જે અભીષ્ટ હોય છે, તેની પ્રાપ્તિને અનુકૂળ એવી પુણ્ય-પ્રકૃતિઓ જાગૃત થાય છે, જેથી પોતાને અભીષ્ટ એવી સામગ્રી પ્રાપ્ત થાય છે.

**(૧૫) જનપ્રિયત્વ :-** યોગીઓનું ચિત્ત અને આચારો ઉત્તમ હોવાથી લોકોમાં તેઓ પ્રિય બને છે. તેથી યોગના સેવનનું ફળ જનપ્રિયત્વ છે.

નં. ૧ થી ૮ યોગના પ્રાથમિક ગુણો છે. ત્યારપછી નં. ૯ થી ૧૫. યોગના સેવનથી પ્રાપ્ત થતા ગુણો છે. હવે આગળ નિષ્પન્નયોગવાળાના ગુણો નં. ૧૬ થી ૨૧માં બતાવે છે –

**(૧૬) દોષવ્યપાય :-** દોષવ્યપાય અર્થાત્ દોષોનો વિશેષ રીતે અપગમ. નિષ્પન્ન યોગીઓ પ્રાયઃ સર્વત્ર અસંગભાવવાળા હોય છે. તેથી રાગાદિ દોષો વિશેષ રીતે તેઓમાંથી દૂર થયેલા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧૭) પરમ તૃપ્તિ :-** નિષ્પન્નયોગવાળા યોગીઓનું ચિત્ત અસંગભાવવાળું હોવાથી આત્માને નિષ્પન્ન કરવાને અનુકૂળ ધ્યાનાદિથી એવી પરમ તૃપ્તિને અનુભવે છે કે જેવી તૃપ્તિ ચક્રવર્તી આદિને પોતાના ભોગોથી પણ અનુભવાતી નથી.

**(૧૮) ઔચિત્ય યોગ :-** નિષ્પન્ન યોગીઓ રાગાદિથી અનાકુળ હોવાને કારણે સર્વત્ર ઉચિત વ્યાપાર કરનારા હોય છે. જીવ જે કંઈ મનથી, વચનથી કે કાયાથી અનુચિત વ્યાપાર કરે છે તેનું બીજ રાગાદિ આકુળતા છે, અને નિષ્પન્ન યોગીના રાગાદિ ભાવો અત્યંત નષ્ટપ્રાય છે, તેથી સહજ પ્રકૃતિથી તેઓ ઉચિત પ્રવૃત્તિ કરે છે.

**(૧૯) ગુર્વી સમતા :-** ગુર્વી સમતા અર્થાત્ શ્રેષ્ઠ સમતા. નિષ્પન્ન યોગીઓ સહજ પ્રકૃતિથી ધ્યાનમાં વર્તતા હોય છે અને તેથી ધ્યાનના બળથી સમતાની વૃદ્ધિ થાય છે, અને વૃદ્ધિ પામેલી સમતા ઉપરની કક્ષાના ધ્યાનમાં સહજ પ્રવર્તાવે છે. તેથી નિષ્પન્ન યોગીઓની સમતા ઉત્તરોત્તર પ્રકર્ષને પામતી જાય તેવી શ્રેષ્ઠ કોટીની હોય છે.

**(૨૦) વૈરાદિ નાશ :-** યોગનું સેવન કરીને સિદ્ધયોગી બનેલા એવા તે યોગીઓના સાંનિધ્યમાં આવનારાં હિંસક પ્રાણીઓમાં પણ વૈરાદિનો નાશ થાય છે.

**(૨૧) ઋતંભરા બુદ્ધિ :-** યોગના સેવનના પ્રકર્ષથી ઋતંભરા પ્રજ્ઞા પ્રગટે છે, જે પ્રાતિભજ્ઞાન અને કેવળજ્ઞાનસ્વરૂપ છે.

ઉપર્યુક્ત ૨૧ ગુણોનું વર્ણન કર્યા પછી અંતમાં ગ્રંથકારશ્રી જણાવે છે કે અહીં પણ=યોગમાર્ગમાં પણ, આ=પૂર્વના ત્રણ શ્લોકોમાં અલૌલ્યાદિ ગુણો વર્ણન કરાયા એ, અકૃત્રિમ ગુણોનો સમુદાય અહીંથી માંડીને જ=પાંચમી સ્થિરાદષ્ટિથી માંડીને જ જાણવા.

આશય એ છે કે પાંચમી દૃષ્ટિવાળા યોગીઓ વેદ્યસંવેદ્યપદને પામેલા છે, તેથી તત્ત્વને સ્પષ્ટ જુએ છે અને સ્વશક્તિ અનુસાર તત્ત્વની નિષ્પત્તિમાં ઉદ્યમવાળા હોય છે. તેથી પાંચમી દૃષ્ટિથી આરંભીને ઉપર વર્ણન કરાયેલા ગુણોનો પ્રારંભ થાય છે, અને તે સર્વ ગુણો કૃત્રિમ નથી હોતા, પરંતુ યોગના સેવનથી પ્રગટેલા હોય છે, અને તે ગુણો ઉત્તર ઉત્તરની દૃષ્ટિમાં ક્રમસર વધે છે. જોકે નિષ્પન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગીના ગુણો પાંચમી દૃષ્ટિમાં હોતા નથી, તોપણ બીજભૂમિકાના આ ગુણો પાંચમી દૃષ્ટિમાં પણ છે. તેથી અહીં કહ્યું કે આ અકૃત્રિમ ગુણોનો સમુદાય પાંચમી દૃષ્ટિથી પ્રગટ થાય છે. **II૭II**

## -: કાન્તાદૃષ્ટિ :-

**અવતરણિકા :-**

**સ્થિરાદૃષ્ટિનું વર્ણન શ્લોક-૧ થી ૭માં કર્યા પછી ક્રમપ્રાપ્ત કાન્તાદૃષ્ટિનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**धारणा प्रीतयेऽन्येषां कान्तायां नित्यदर्शनम् ।**
**नान्यमुत् स्थिरभावेन मीमांसा च हितोदया ।।८।।**

**અન્વયાર્થ :-**

कान्तायां=કાન્તાદૃષ્ટિમાં नित्यदर्शनम्=નિત્ય અર્થાત્ અપ્રતિપાતિ દર્શન=બોધ, અને धारणा=ધારણા યોગાંગ अन्येषां=અન્યોની प्रीतये=પ્રીતિ માટે થાય છે, स्थिरभावेन च=અને સ્થિરભાવ હોવાને કારણે=ધારણાકૃત સ્થૈર્ય હોવાને કારણે न अन्यमुद्=અન્યમુદ્ નથી=અનુષ્ઠાનમાં અન્યમુદ્ દોષ નથી, हितोदया मीमांसा=અને હિતોદયવાળી મીમાંસા છે. ॥૮॥

**શ્લોકાર્થ :-**

**કાન્તાદૃષ્ટિમાં નિત્યદર્શન અને ધારણા અન્યની પ્રીતિ માટે છે, અને સ્થિરભાવ હોવાને કારણે અન્યમુદ્ નથી અને હિતોદયવાળી મીમાંસા છે. ॥૮॥**

**ટીકા :-**

**धारणेति-कान्तायामुक्तरीत्या नित्यदर्शनं तथा धारणा वक्ष्यमाणलक्षणा अन्येषां प्रीतये भवति तथा स्थिरभावेन नान्यमुद्=नान्यत्र हर्षः, तदा तत्प्रतिभासाभावात्, हितोदया=सम्यग्ज्ञानफला मीमांसा च सद्विचारात्मिका भवति ।।८।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**कान्ताया ..... भवति ।। ઉક્ત રીતિથી=શ્લોક-૧માં બતાવ્યું તે રીતથી, કાન્તામાં=કાન્તાદૃષ્ટિમાં, નિત્યદર્શન, અને આગળમાં કહેવાશે એવા લક્ષણવાળી ધારણા, અન્યની પ્રીતિ માટે થાય છે; અને સ્થિરભાવને કારણે=ધારણાયોગાંગથી પ્રગટેલા સ્થિરભાવને કારણે, અન્યમુદ્ નથી= સેવાતા ધર્મઅનુષ્ઠાનથી અન્યત્ર હર્ષ નથી; કેમ કે ત્યારે=સેવાતા ધર્મઅનુષ્ઠાનકાળમાં, તેના પ્રતિભાસનો અભાવ છે=સેવાતા ધર્મઅનુષ્ઠાનથી અન્ય અનુષ્ઠાનના પ્રતિભાસનો અભાવ છે, અને સમ્યગ્જ્ઞાનના ફળવાળી હિતોદયા સદ્વિચારાત્મિકા મીમાંસા હોય છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

**કાન્તાદૃષ્ટિનું દર્શન=બોધ :-** પાંચમી સ્થિરાદૃષ્ટિમાં બતાવ્યું કે નિરતિચાર સ્થિરાદૃષ્ટિમાં નિત્યદર્શન છે, તે જ રીતે કાન્તાદૃષ્ટિમાં પણ નિત્યદર્શન છે.

**કાન્તાદૃષ્ટિમાં પ્રગટ થતું ધારણાયોગાંગ :-** કાન્તાદૃષ્ટિમાં ધારણા નામનું યોગાંગ પ્રગટ થાય છે.

કાન્તાદૃષ્ટિમાં પ્રગટ થયેલ નિત્યદર્શન અને ધારણાયોગાંગ બીજાની પ્રીતિ માટે થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને જે તત્ત્વનું દર્શન છે, અને જે ધારણા નામનું યોગાંગ છે, તેનાથી તેઓની સર્વત્ર વર્તતી ઉચિત પ્રવૃત્તિ યોગ્ય જીવોને પ્રીતિ ઉત્પન્ન કરે છે.

**કાન્તાદૃષ્ટિમાં અન્યમુદ્ દોષનો અભાવ :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ધારણાયોગાંગને કારણે સદનુષ્ઠાનકાળમાં સ્થિરભાવવાળા હોય છે. તેથી જે અનુષ્ઠાન પોતે સેવે છે, તેનાથી અન્યત્ર પ્રીતિને ધારણ કરતા નથી અર્થાત્ ધારણાયોગાંગને કારણે સેવાતા અનુષ્ઠાનને અત્યંત પ્રીતિપૂર્વક સેવે છે; કેમ કે તે વખતે સેવાતા અનુષ્ઠાનથી અન્ય અનુષ્ઠાનનો પ્રતિભાસ થતો નથી.

આશય એ છે કે સેવાતા અનુષ્ઠાનથી અન્ય અનુષ્ઠાનમાં ચિત્ત જાય તો ક્ષેપદોષ પ્રાપ્ત થાય, તે અન્યમુદ્દોષ નથી. વસ્તુતઃ જે યોગીઓ સેવાતા અનુષ્ઠાનથી અન્ય અનુષ્ઠાનનો, સેવાતા અનુષ્ઠાનના કાળ દરમ્યાન વિચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ કરતા નથી, તેઓને પણ અન્ય અનુષ્ઠાન પ્રત્યે અધિક પ્રીતિ હોય તો, જે અનુષ્ઠાન પોતે સેવે છે તે અનુષ્ઠાનમાં માનસઉપયોગ વર્તતો હોય તોપણ તેમાં પ્રીતિ ઉલ્લસિત થતી નથી; કેમ કે તેની પ્રીતિ અન્ય અનુષ્ઠાનમાં અધિક વર્તે છે; જેથી અપ્રીતિપૂર્વક આ અનુષ્ઠાનનું સેવન થાય છે, તે અન્યમુદ્ દોષ છે; અને કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ જે અનુષ્ઠાન જે વખતે સેવે છે, તેમાં ચિત્તનું અત્યંત સ્થાપન હોવાને કારણે સેવાતા અનુષ્ઠાનમાં જ અત્યંત પ્રીતિ વર્તે છે, પરંતુ અન્ય અનુષ્ઠાનમાં પ્રીતિ હોતી નથી. તેથી કાન્તાદૃષ્ટિમાં અન્યમુદ્ નામનો દોષ નથી. વસ્તુતઃ વિવેકી એવા કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને યોગમાર્ગનાં સર્વ અનુષ્ઠાનો પ્રત્યે સમાન પ્રીતિ હોય છે, અને જે વખતે જે અનુષ્ઠાન બળવાન હિતનો હેતુ હોય તેમાં ત્યારે પ્રવૃત્તિ હોય છે. તેથી તેવા યોગી જે વખતે જે અનુષ્ઠાન સેવે, તેમાં જ અત્યંત પ્રીતિને ધારણ કરે છે, તેથી તેમને અન્યમુદ્દોષ હોતો નથી.

**કાન્તાદૃષ્ટિમાં મીમાંસા ગુણ :-** કાન્તાદૃષ્ટિમાં સમ્યગ્જ્ઞાનના ફળવાળી હિતોદયા સદ્વિચારાત્મક મીમાંસા પ્રગટે છે.

આશય એ છે કે જીવમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું અને તેના ફળરૂપે મીમાંસા ગુણ પ્રગટ્યો, આ મીમાંસા તત્ત્વાતત્ત્વના સૂક્ષ્મ ઊહ સ્વરૂપ છે, તેથી સદ્વિચારાત્મીકા છે; અને આ મીમાંસા સમ્યગ્જ્ઞાનના ફળરૂપ હોવાને કારણે હિતોદયવાળી છે=હિતની પરંપરાને કરનારી છે; કેમ કે સમ્યગ્જ્ઞાન સૂક્ષ્મ પદાર્થોની મીમાંસા કરીને હિતની પરંપરા ઉત્પન્ન કરે છે.

'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ શ્લોક-૧૬૨માં કહેલ છે કે 'કાન્તાદૃષ્ટિમાં પ્રગટ થયેલ નિત્યદર્શનાદિ અન્યની પ્રીતિ માટે હોય છે.' હવે આ શ્લોકનો એવો અર્થ કરીએ કે 'કાન્તાદૃષ્ટિમાં નિત્યદર્શન છે, અને ધારણા અન્યની પ્રીતિ માટે છે' તો 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથના શ્લોક સાથે વિરોધ આવે. તેથી તેના પરિહાર માટે એ અર્થ કરેલ છે કે 'કાન્તાદૃષ્ટિમાં નિત્યદર્શન અને ધારણા અન્યોની પ્રીતિ માટે થાય છે.' તેથી 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથના પાઠ સાથે વિરોધ ન આવે, અને એ અર્થ થાય કે કાન્તાદૃષ્ટિનાં નિત્યદર્શનાદિ અન્યની પ્રીતિ માટે છે, તેમ ધારણા પણ અન્યની પ્રીતિ માટે છે, અને તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વશ્લોક-૮માં કહ્યું કે કાન્તાદૃષ્ટિમાં ધારણા નામનું યોગાંગ પ્રગટે છે. તેથી હવે ધારણા યોગાંગનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોક :-**

देशबन्धो हि चित्तस्य धारणा तत्र सुस्थितः ।
प्रियो भवति भूतानां धर्मैकाग्रमनास्तथा ।।९।।

**અન્વયાર્થ :-**

चित्तस्य=ચિત્તનો देशबन्धो हि=દેશબંધ धारणा=ધારણા છે, तत्र=ત્યાં= ધારણામાં सुस्थितः=સમ્યગ્ વ્યવસ્થિત એવા યોગી भूतानां प्रियः=જીવોને પ્રિય तथा=અને धर्मैकाग्रमनाः=ધર્મમાં એકાગ્રમનવાળા भवति=થાય છે. ।।૯।।

**શ્લોકાર્થ :-**

**ચિત્તનો દેશબંધ ધારણા છે, ધારણામાં સુસ્થિત એવા યોગી જીવોને પ્રિય અને ધર્મમાં એકાગ્રમનવાળા થાય છે. ।।૯।।**

**ટીકા :-**

देशेति-देशे=नाभिचक्रनासाग्रादौ, बन्धो=विषयान्तरपरिहारेण स्थिरीकरणात्मा, हि चित्तस्य धारणा, यदाह - "देशबन्धश्चित्तस्य धारणा" (यो.सू. ३-१) । तत्र= धारणायां सुस्थितः मैत्र्यादिचित्तपरिकर्मवासितान्तःकरणतया, स्वभ्यस्तयमनियम-तया, जितासनत्वेन परिहृतप्राणविक्षेपतया, प्रत्याहृतेन्द्रियग्रामत्वेन ऋजुकायतया, जितद्वन्द्वतया, संप्रज्ञाताभ्यासाविष्टतया च सम्यग्व्यवस्थितः भूतानां=जगल्लोकानां प्रियो भवति, तथा धर्मैकाग्रमना भवति ।।९।।

**ટીકાર્થ :-**

देशे नाभिचक्र ..... भवति ।। દેશમાં=નાભિચક્ર, નાસાગ્ર આદિ દેશમાં, ચિત્તનો બંધ=વિષયાંતરના પરિહાર વડે ચિત્તના સ્થિરીકરણરૂપ બંધ, ધારણા છે.

જે કારણથી કહે છે=જે કારણથી પાતંજલ યોગસૂત્ર-૩-૧માં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ચિત્તનો દેશબંધ ધારણા છે." **(પા.યો.સૂ. ૩-૧) ત્યાં=ધારણામાં, સુસ્થિત એવા યોગી=મૈત્ર્યાદિ ભાવો વડે ચિત્તના પરિકર્મથી વાસિત અંતઃકરણપણું હોવાથી, સુઅભ્યસ્ત યમનિયમપણું હોવાથી, જિતઆસનપણું હોવાથી, પરિહૃત પ્રાણવિક્ષેપપણું હોવાથી, પ્રત્યાહૃત ઈન્દ્રિયસમૂહ હોવાથી, ઋજુકાયપણું હોવાથી, જિતદ્વન્દ્વપણું હોવાથી અને સંપ્રજ્ઞાત સમાધિના અભ્યાસમાં આવિષ્ટપણું હોવાથી, સમ્યગ્વ્યવસ્થિત એવા કાન્તાદૃષ્ટિવાળા યોગી, ભૂતોને=જગતના લોકોને, પ્રિય થાય છે અને ધર્મમાં એકાગ્રમનવાળા થાય છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

**કાન્તાદૃષ્ટિમાં પ્રગટ થતા ધારણાયોગાંગનું સ્વરૂપ, સહભાવી ગુણો અને કાર્યો :-**

કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ સંપ્રજ્ઞાતસમાધિ અર્થે અભ્યાસ કરતા હોય ત્યારે, ચિત્તને નાભિચક્ર કે નાસાગ્રાદિમાં સ્થાપન કરીને વિષયાંતરના પરિહારપૂર્વક સ્થિર કરે છે, તે ચિત્તની ધારણા છે, પરંતુ કોઈ યોગી માત્ર નાભિચક્રાદિમાં ચિત્તને વિષયાંતરના પરિહારપૂર્વક સ્થિર કરે, અને નાભિચક્રાદિને જોવા માટેનો માત્ર યત્ન કરે, તે ધારણા અહીં ગ્રહણ કરવાની નથી. તે સ્પષ્ટ કરવા માટે ધારણામાં સુસ્થિત યોગી કેવા હોય છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે.

**(૧) મૈત્ર્યાદિચિત્તપરિકર્મવાસિત અન્તઃકરણ :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી ચિત્તને પરિકર્મિત કરે છે. તેથી તેઓનું અંતઃકરણ મૈત્ર્યાદિ ભાવોથી વાસિત હોય છે, જેના કારણે મૈત્ર્યાદિભાવોને સ્પર્શવાથી અંતઃકરણમાંથી સ્વાર્થનો પરિણામ ઊઠતો નથી, અને કોઈ જીવનું હિત થતું હોય તો તેનું હિત કરવાનો પરિણામ થાય છે, અને કોઈનું અહિત ન થાય તે રીતે પ્રવૃત્તિ કરવા ચિત્ત પ્રેરણા કરે છે. વળી તેમને સામાન્ય જીવોની જેમ પોતાને થતા લાભમાત્રથી ગુણવાન પ્રત્યે પ્રીતિ થતી નથી, પરંતુ ગુણના પક્ષપાતથી ગુણવાન પ્રત્યે પ્રીતિ થાય છે; અને તેઓનું અંતઃકરણ સંસારમાં ભટકતા જીવોનું હિત કરવાની બુદ્ધિરૂપ કરુણાવાળું હોય છે, પરંતુ જગતના જીવોની વિડંબના જોઈને તેઓ પ્રત્યે ઉપેક્ષા કરે તેવું કઠોર હૈયું હોતું નથી; અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અયોગ્ય જીવોને જોઈને પણ તેઓના પ્રતિ દ્વેષ થતો નથી, પરંતુ માધ્યસ્થ્ય રહે છે. આવા યોગીઓ મૈત્ર્યાદિ ભાવોથી સુસ્થિત છે.

**(૨) સુઅભ્યસ્ત યમનિયમ :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓએ યમનિયમનો સારો અભ્યાસ કરેલ છે, તેથી યમનિયમની આચરણા તેઓની પ્રકૃતિરૂપે વર્તે છે. આ યમ અને નિયમની આચરણા પહેલી અને બીજી દૃષ્ટિનું યોગાંગ છે, જે કાન્તાદૃષ્ટિમાં ખીલેલી અવસ્થામાં હોય છે.

**(૩) જિતઆસન :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓએ અસત્ તૃષ્ણારૂપ આસનનો જય કરેલો હોય છે. આ ત્રીજી દૃષ્ટિનું યોગાંગ છે, જે કાન્તાદૃષ્ટિમાં ખીલેલી અવસ્થામાં હોય છે.

**(૪) પરિહૃત પ્રાણવિક્ષેપ :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓએ પ્રાણવિક્ષેપનો ત્યાગ કરેલ હોય છે અર્થાત્ ભાવરેચક, ભાવપૂરક અને ભાવકુંભક કરીને શુભ ભાવો આત્મામાં સ્થિર કરેલા છે. તેથી ભાવપ્રાણોનો વિક્ષેપ ન થાય તેવો સ્થિરભાવ આ દૃષ્ટિમાં વર્તે છે. આ ચોથી દૃષ્ટિનું યોગાંગ છે, જે કાન્તાદૃષ્ટિમાં ખીલેલી અવસ્થામાં હોય છે.

**(૫) પ્રત્યાહૃત્ ઇન્દ્રિયગ્રામ :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનો ઇન્દ્રિયોનો સમુદાય પ્રત્યાહાર યોગાંગવાળો હોય છે અર્થાત્ પાંચે ઇન્દ્રિયો સંવૃતચારી હોય છે. આ પાંચમી દૃષ્ટિનું યોગાંગ છે, જે કાન્તાદૃષ્ટિમાં ખીલેલી અવસ્થામાં હોય છે.

**(૬) ઋજુકાય :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ કાયાને શિથિલ કરીને ઋજુકાયવાળા હોય છે=કાયાને સહજભાવમાં રાખનાર હોય છે.

**(૭) જિતદ્વન્દ્વ :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ રાગ-દ્વેષ, રતિ-અરતિ આદિ દ્વન્દ્વોને જિતેલા હોય છે.

**(૮) સંપ્રજ્ઞાત અભ્યાસાવિષ્ટ :-** કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ સંપ્રજ્ઞાતસમાધિના અભ્યાસમાં યત્નવાળા હોય છે. સંપ્રજ્ઞાતસમાધિના સ્વરૂપ માટે જુઓ યોગાવતાર દ્વાત્રિંશિકા.

ઉપર્યુક્ત ગુણસમુદાયવાળા યોગીઓ ધારણાયોગાંગમાં સુસ્થિત છે=સમ્યગ્ વ્યવસ્થિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત ગુણસમુદાયવાળા કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ જગતના જીવોને પ્રિય બને છે; કેમ કે જેની પ્રકૃતિ તદ્દન નિઃસ્પૃહ છે, વળી જેઓ યોગમાર્ગમાં સુદૃઢ યત્નવાળા છે, તેવા યોગીઓને જોઈને લોકોને પ્રીતિ થાય છે, તથા આ દૃષ્ટિના યોગીઓ ધર્મમાં એકાગ્રમનવાળા હોય છે; કેમ કે ધર્માનુષ્ઠાનકાળમાં ચિત્તને નિયત સ્થાને રાખીને યોગમાર્ગની નિષ્પત્તિ અર્થે પ્રકર્ષથી અભ્યાસ કરનારા છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**કાન્તાદૃષ્ટિમાં પ્રગટ થતા ધારણાયોગાંગનું સ્વરૂપ બતાવ્યું અને તે ધારણાયોગાંગને કારણે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ધર્મમાં એકાગ્રમનવાળા હોય છે એમ બતાવ્યું. હવે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ક્વચિત્ અવિરતિના ઉદયથી ભોગમાં પ્રવૃત્તિ કરતા હોય તોપણ સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ કરતાં કાન્તાદૃષ્ટિવાળા યોગીઓના ભોગમાં શું ભેદ છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :**

**अस्यामाक्षेपकज्ञानान्न भोगा भवहेतवः ।**
**श्रुतधर्मे मनोयोगाच्चेष्टाशुद्धेर्यथोदितम् ।।१०।।**

**અન્વયાર્થ :-**

**अस्याम्=આ હોતે છતે=કાન્તાદૃષ્ટિ હોતે છતે श्रुतधर्मे मनोयोगात्=શ્રુતધર્મમાં મનોયોગ હોવાને કારણે=નિત્ય મનનો સંબંધ હોવાને કારણે आक्षेपकज्ञानात्=આક્ષેપકજ્ઞાન હોવાથી=નિત્ય એવા શુદ્ધ આત્મા પ્રત્યે આક્ષેપ કરે તેવું જ્ઞાન હોવાથી भोगाः=ભોગો भवहेतवः=ભવના હેતુઓ न=નથી; કેમ કે चेष्टाशुद्धेः=ચેષ્ટાની શુદ્ધિ છે=પ્રવૃત્તિમાં મનનું નિર્મળપણું છે, यथोदितम्=જે કારણથી કહેવાયું છે=જે કારણથી પૂ. આ. હરિભદ્રસૂરિ વડે કહેવાયું છે. ॥૧૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**કાન્તાદૃષ્ટિ હોતે છતે શ્રુતધર્મમાં મનોયોગ હોવાને કારણે આક્ષેપકજ્ઞાન હોવાથી ભોગો ભવના હેતુઓ નથી; કેમ કે ચેષ્ટાની શુદ્ધિ છે, જે કારણથી પૂ. આ. હરિભદ્રસૂરિ વડે કહેવાયું છે. ।।૧૦।।**

**ટીકા :-**

**अस्यामिति-अस्यां=कान्तायां=कायचेष्टाया अन्यपरत्वेऽपि, श्रुतधर्मे=आगमे, मनोयोगात्=नित्यं मनःसम्बन्धात्, आक्षेपकज्ञानान्=नित्यप्रतिबन्धरूपचित्ताक्षेपकारिज्ञानात्, न भोगा=इन्द्रियार्थसम्बन्धा भवहेतवो भवन्ति, चेष्टायाः=प्रवृत्तेः शुद्धेः=मनोनैर्मल्यात् । यथोदितं हरिभद्रसूरिभिर्योगदृष्टिसमुच्चये ।।१०।।**

**ટીકાર્થ :-**

**अस्यां ..... योगदृष्टिसमुच्चये ।। આ હોતે છતે=કાન્તાદૃષ્ટિ હોતે છતે, કાયચેષ્ટાનું અન્યપરપણું હોવા છતાં પણ=ધર્મપ્રવૃત્તિથી અન્ય ભોગપ્રવૃત્તિપરપણું હોવા છતાં પણ, શ્રુતધર્મમાં=આગમમાં, મનોયોગ હોવાથી=નિત્ય મનનો સંબંધ હોવાથી, આક્ષેપકજ્ઞાન થવાને કારણે=નિત્ય એવા શુદ્ધ આત્મા પ્રત્યે પ્રતિબંધરૂપ ચિત્તના આક્ષેપને કરનાર જ્ઞાન થવાને કારણે, ઇન્દ્રિયોના અર્થની સાથે સંબંધરૂપ ભોગો, ભવના હેતુઓ થતા નથી; કેમ કે ચેષ્ટાની=પ્રવૃત્તિની, શુદ્ધિ છે અર્થાત્ ભોગની ચેષ્ટામાં મનનું નિર્મળપણું છે, જે પ્રમાણે પૂ. આ. હરિભદ્રસૂરિ વડે 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથમાં કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકોમાં બતાવશે. ।।૧૦।।**

✤ 'अन्यपरत्वेऽपि' - અહીં 'अपि'થી કાયચેષ્ટાના ધર્મપરપણાનો સમુચ્ચય કરવો.

**ભાવાર્થ :-**

કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ક્વચિત્ અવિરતિના ઉદયવાળા પણ હોય, ક્વચિત્ દેશવિરતિવાળા પણ હોય અને ક્વચિત્ સર્વવિરતિવાળા પણ હોય; સર્વવિરતિવાળા યોગીઓને ભોગની કોઈ પ્રવૃત્તિ નથી, પરંતુ દેશવિરતિવાળા કે અવિરતિના ઉદયવાળા કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને ભોગમાં પ્રવૃત્તિ છે; તોપણ સ્થિરાદૃષ્ટિ કરતાં વિશેષ પ્રકારનો બોધ હોવાને કારણે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનું મન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતધર્મમાં નિત્ય હોય છે. તેથી તે યોગીઓને શુદ્ધ આત્મા પ્રત્યેનો આક્ષેપ કરે તેવું જ્ઞાન પ્રગટ થયેલું હોય છે, અને તેઓનું ચિત્ત આત્માની શુદ્ધ અવસ્થા પ્રત્યે સદા આક્ષિપ્ત હોય છે. માટે ભોગએકનાશ્ય કર્મ હોય તો કર્મના નાશ માટે ભોગમાં પ્રવૃત્તિ થાય, છતાં ભોગકાળમાં ભોગની પ્રવૃત્તિથી લેશ પણ પ્રમાદ ઉત્પન્ન થતો નથી. તેથી ભોગો ભવના કારણ બનતા નથી; કેમ કે ભોગના પ્રવૃત્તિકાળમાં મન નિર્મળ વર્તે છે અર્થાત્ પોતાના સાધ્યની પ્રાપ્તિ માટે અપ્રમાદભાવવાળું વર્તે છે.

અહીં વિશેષ એ છે કે :

(૧) **કૂર્માપુત્ર** કેવળજ્ઞાન થયા પછી છ મહિના ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. તે વખતે તેમની સંસારની પ્રવૃત્તિ ચાલુ છે. તેથી **બાહ્યથી અવિરતિની પ્રવૃત્તિ** દેખાય, પણ તત્ત્વથી અવિરતિનો ઉદય નથી. તેથી તેમનું ચિત્ત પૂર્ણ વીતરાગભાવવાળું છે. માટે તેમને **અવિરતિકૃત કોઈ કર્મબંધ નથી, ફક્ત યોગકૃત એક સામયિક=એક સમયનો કર્મબંધ છે.**

(૨) **કાન્તાદૃષ્ટિવાળા જે જીવો અવિરતિના ઉદયવાળા છે,** તેઓ ભોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે, અવિરતિઆપાદક પ્રત્યાખ્યાનીય કે અપ્રત્યાખ્યાનીય કર્મનો ઉદય છે; તોપણ ભોગકાળમાં લેશ પણ પ્રમાદ નથી અને અજ્ઞાન પણ નથી. તેથી તેઓને **અવિરતિકૃત કર્મબંધ છે, પરંતુ પ્રમાદકૃત કે અજ્ઞાનકૃત લેશ પણ કર્મબંધ નથી.**

(૩) **સ્થિરાદૃષ્ટિવાળા જે જીવો અવિરતિના ઉદયવાળા છે,** તેઓ પણ અવિરતિના ઉદયથી ભોગમાં પ્રવૃત્તિ કરે છે; આમ છતાં કાન્તાદૃષ્ટિ જેવું આક્ષેપક જ્ઞાન નહીં હોવાને કારણે ભોગની પ્રવૃત્તિથી ક્યારેક કંઈક પ્રમાદ પણ થાય છે. તેથી ભોગકાળમાં **અવિરતિકૃત અને પ્રમાદકૃત કર્મબંધ થાય છે, પરંતુ અજ્ઞાનકૃત કર્મબંધ નથી.**

(૪) **સ્થિરાદૃષ્ટિથી પૂર્વના જીવોને અવિરતિથી ભોગમાં પ્રવૃત્તિ થાય છે** ત્યારે, પ્રમાદ પણ ઉત્પન્ન થાય છે અને અજ્ઞાન પણ વર્તે છે. તેથી તેઓને **અવિરતિકૃત, પ્રમાદકૃત અને અજ્ઞાનકૃત કર્મબંધ થાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) ભાવમુનિની અવિરતિની કોઈ પ્રવૃત્તિ નથી, તેથી અવિરતિકૃત કોઈ કર્મબંધ નથી; આમ છતાં, પડિલેહણાદિ ક્રિયામાં ક્વચિત્ પ્રમાદ વર્તતો હોય તો પ્રમાદથી કર્મબંધ છે, પણ અજ્ઞાન નથી તેથી અજ્ઞાનકૃત કર્મબંધ નથી. ॥૧૦॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૧૦માં કહ્યું કે 'જે કારણથી પૂ. આ. હરિભદ્રસૂરિ વડે કહેવાયું છે.' તેથી આ. હરિભદ્રસૂરિ મહારાજનું કથન જે 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ શ્લોક-૧૬૫ થી ૧૬૮માં છે, તે અહીં શ્લોક-૧૧ થી ૧૪માં બતાવે છે -**

**શ્લોક :-**

**मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।**
**तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ।।११।।**
**भोगान् स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान् ।**
**भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ।।१२।।**

**અન્વયાર્થ :-**

मायाम्भस्तत्त्वतः पश्यन्=માયારૂપી જળને તત્ત્વથી=માયાજળરૂપે જ, જોતો ततः अनुद्विग्नः=તેનાથી અનુદ્વિગ્ન=માયારૂપી જળથી અનુદ્વિગ્ન व्याघातवर्जितः=વ્યાઘાતરહિત પથિક, यथा=જે પ્રમાણે तन्मध्येन=તેની વચ્ચેથી= માયાજળની વચ્ચેથી द्रुतम्=શીઘ્ર प्रयात्येव=જાય છે જ. ।।૧૧।।

तथा=તે પ્રમાણે मायोदकोपमान् भोगान् स्वरूपतः पश्यन्=માયાજળની ઉપમાવાળા ભોગોને સ્વરૂપથી જોતો, भुञ्जानोऽपि हि=ભોગવતો પણ असङ्गः सन्=અસંગ છતો, परं पदम्=મોક્ષ તરફ प्रयात्येव=જાય છે જ. ।।૧૨।।

**શ્લોકાર્થ :-**

**માયારૂપી જળને માયાજળરૂપે જ જોતો, માયારૂપી જળથી અનુદ્વિગ્ન, વ્યાઘાત રહિત થયેલો પથિક, જે પ્રમાણે માયાજળની વચ્ચેથી શીઘ્ર જાય છે જ. ।।૧૧।।**

**તે પ્રમાણે માયાજળની ઉપમાવાળા ભોગોને સ્વરૂપથી જોતો, ભોગવતો પણ અસંગ છતો, મોક્ષ તરફ જાય છે જ. ।।૧૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'भुञ्जानोऽपि' કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ અવિરતિના ઉદયવાળા હોય ત્યારે કર્મથી આક્ષિપ્ત ભોગો પણ ભોગવે છે, અને જેઓને અવિરતિઆપાદક કર્મ બળવાન નથી, તેઓ ભોગનો ત્યાગ કરીને સંયમમાં યત્ન કરે છે; તેઓનો અહીં 'अपि' થી સંગ્રહ છે.

**ટીકા :-**

**मायाम्भ इति-मायाम्भस्तत्त्वतो=मायाम्भस्त्वेनैव पश्यन् अनुद्विग्नः, ततो= मायाम्भसो द्रुतं=शीघ्रं, तन्मध्येन=मायाम्भोमध्येन प्रयात्येव=न न प्रयाति, यथेत्यु- दाहरणोपन्यासार्थः, व्याघातवर्जितो मायाम्भसस्तत्त्वेन व्याघातासमर्थत्वात् ।।११।।**

**ટીકાર્થ :-**

**मायाम्भस्तत्त्वतो ..... व्याघातासमर्थत्वात् ।। માયાજળને તત્ત્વથી= માયાજળરૂપે જ, જોતો, તેનાથી=માયાજળથી, અનુદ્વિગ્ન શીઘ્ર તેની વચ્ચેથી= માયાજળની વચ્ચેથી, જે પ્રમાણે જાય છે જ, નથી જતો એમ નહીં.**

કઈ રીતે જાય છે ? એ બતાવવા માટે જનારનું વિશેષણ બતાવે છે –

**વ્યાઘાતરહિત થયેલો જાય છે.**

અહીં પ્રશ્ન થાય કે વ્યાઘાતવર્જિત કેમ જાય છે ? તેથી કહે છે –

**માયાજળનું તત્ત્વથી વ્યાઘાત કરવામાં અસમર્થપણું છે.**

**'यथा' ઉદાહરણના ઉપન્યાસ માટે છે, તેથી આગળ 'तथा'થી કહે છે. ॥૧૧॥**

**ટીકા :-**

**भोगानिति-भोगान्=इन्द्रियार्थसम्बन्धान् स्वरूपतः पश्यन् समारोपमन्तरेण, तथा=तेनैव प्रकारेण, मायोदकोपमानसारान् भुञ्जानोऽपि हि कर्माक्षिप्तान् असङ्गः सन् प्रयात्येव परं पदं, तथाऽनभिष्वङ्गतयाऽपरवशभावात् ।।१२।।**

**ટીકાર્થ :-**

**भोगानिन्द्रियार्थसम्बन्धान् ..... ऽपरवशभावात् ।। તથા=તે જ પ્રકારે માયાજળની ઉપમાવાળા અસાર, ઈન્દ્રિય અને અર્થના સંબંધરૂપ ભોગોને**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્વરૂપથી=સમારોપ વગર, જોતો, કર્મથી આક્ષિપ્ત એવા ભોગોને ભોગવતો પણ અસંગ છતો=ભોગો પ્રત્યેના સંશ્લેષ વગરનો છતો, પરં પદ=મોક્ષ પ્રત્યે, જાય છે જ; કેમ કે તે પ્રકારનું=ભોગના પ્રવૃત્તિકાળમાં ભોગ પ્રત્યે સંશ્લેષ ન થાય તે પ્રકારનું, અનભિષ્વંગપણું હોવાથી=રાગનો અભાવ હોવાથી, અપરવશભાવ છે. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

**કાન્તાદષ્ટિવાળા યોગીના ભોગવિષયક પારમાર્થિક બોધનું સ્વરૂપ :-**

કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનું ચિત્ત હંમેશાં શ્રુતમાં હોય છે. તેથી શ્રુતજ્ઞાન જે રીતે પદાર્થોને બતાવે, તે રીતે તેઓને પદાર્થ દેખાય છે. તેના કારણે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ભોગોને કઈ રીતે જુએ છે, તે દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ કોઈ મુસાફર અન્ય સ્થાને જતો હોય અને વચમાં માયાજળ આવતું હોય અર્થાત્ પાણી નહીં હોવા છતાં પાણીનો પ્રતિભાસ થાય તેવી સ્ફટિકવાળી ભૂમિ આવતી હોય, અને જનાર મુસાફર 'આ માયાજળ છે, વસ્તુતઃ પાણી નથી' તેમ જોતો હોય તો તે માયાજળથી ઉદ્વેગ પામતો નથી, પરંતુ વ્યાઘાત વિના તે માયાજળમાંથી જાય છે જ=પસાર થાય છે જ; કેમ કે પાણી જેવું દેખાતું સ્ફટિક ગમનમાં વ્યાઘાત કરવા માટે અસમર્થ છે. તેમ કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ઇન્દ્રિયો સાથે સંબંધમાં આવતા ભોગોને સ્વરૂપથી જુએ છે અર્થાત્ આ ભોગો સુખના કારણ છે, તે પ્રકારના સમારોપ વિના જુએ છે; તેથી નિર્મળ શ્રુતવિવેકવાળી તેમની દૃષ્ટિમાં 'ભોગો સુખના ઉપાય છે,' તેવી બુદ્ધિ પેદા કરાવતા નથી, પરંતુ 'માયાજળ અતાત્ત્વિક છે, તેમ ભોગો અતાત્ત્વિક છે,' માટે અસાર છે, તેમ તેમને દેખાય છે.

આશય એ છે કે જેમ સ્થાનાંતર ગમનમાં માયાજળ વ્યાઘાત કરવા માટે અસમર્થ છે, તેમ અસંગભાવ તરફ જવા માટે કરાતા યત્નમાં ભોગો સ્ખલના કરવા અસમર્થ છે, તેમ જોતા કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ કર્મથી આક્ષિપ્ત એવા ભોગોને ભોગવતા હોવા છતાં પણ ભોગમાં સંશ્લેષ પામતા નથી; પરંતુ ભોગકાળમાં પણ અસંગભાવને અનુકૂળ યત્ન કરતા હોય છે. તેથી પરમપદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યે જવા માટેનો યત્ન સ્ખલના પામતો નથી અર્થાત્ ભોગો પ્રત્યેનો અભિષ્વંગ નહીં હોવાને કારણે ભોગને વશ થઈને લક્ષ્ય તરફના યત્નમાં સ્ખલના થતી નથી.

અહીં વિશેષ એ છે કે પાણીના ભ્રમને ઉત્પન્ન કરાવે તેવી સ્ફટિકની ભૂમિ જોઈને, પાણીના ભ્રમવાળો મુસાફર ત્યાંથી જવા માટે પ્રયત્ન કરી શકતો નથી, પણ જે મુસાફરને જ્ઞાન છે કે પાણી જેવું દેખાતું આ સ્થળ પાણીવાળું નથી, તેથી જવામાં કોઈ વાંધો નથી, તે મુસાફર કોઈ જાતના વ્યાઘાત વિના ગમનક્રિયા કરે છે; તેમ છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ જાણે છે કે દેખાતા પુદ્ગલાત્મક પદાર્થોમાંથી કોઈ ભાવ નીકળીને પોતાના આત્મામાં પ્રવેશ પામતો નથી કે જેથી તે પુદ્ગલના બળથી પોતાને સુખ પ્રાપ્ત થાય; પરંતુ અસંગભાવવાળું ચિત્ત સુખનું બીજ છે. આ પ્રકારની શ્રુતની પરિણતિને કારણે ભોગોને તે રીતે જુએ છે કે ભોગોમાં સુખના ઉપાયની બુદ્ધિ થતી નથી; આમ છતાં ભોગએકનાશ્ય એવા કર્મથી આક્ષિપ્ત ભોગો પ્રાપ્ત થયા હોય, અને અવિરતિઆપાદક કર્મ ઉદયમાં વિદ્યમાન હોય, અને તેના વિપાકથી અવિરતિની પ્રવૃત્તિરૂપ ભોગની પ્રવૃત્તિ કરતા હોય, તોપણ ભોગના પારમાર્થિક સ્વરૂપનો બોધ હોવાને કારણે, ભોગકાળમાં ચિત્ત સંશ્લેષ પામે તેવો રાગનો પરિણામ તેમને હોતો નથી, પરંતુ ભોગકાળમાં પણ ભોગ પ્રત્યે સંગ વગરનું ચિત્ત હોય છે. માટે ભોગક્રિયા દ્વારા ભોગકર્મનો નાશ કરીને આ મહાત્માઓ પરમપદ તરફ ગમન કરતા હોય છે.

સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને ભોગની અસારતાનો બોધ હોય છે, અને અવિરતિઆપાદક કર્મ ન હોય તો તેઓની ભોગમાં પ્રવૃત્તિ હોતી નથી; પરંતુ કેટલાક યોગીઓને અવિરતિઆપાદક કર્મ હોય છે, તેથી ભોગમાં પ્રવૃત્તિ પણ હોય છે, છતાં ભોગનો ચિત્તમાં સંશ્લેષ નથી, પરંતુ ભોગકાળમાં કંઈક પ્રમાદ પણ થાય છે; અને કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ અવિરતિના ઉદયવાળા હોય અને ભોગની પ્રવૃત્તિ કરતા હોય તોપણ ભોગકાળમાં પ્રમાદ થતો નથી. તેથી સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને અવિરતિકૃત અને પ્રમાદકૃત કર્મબંધ થાય છે અને છઠ્ઠી કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને માત્ર અવિરતિકૃત કર્મબંધ થાય છે, પરંતુ પ્રમાદકૃત કર્મબંધ થતો નથી. **॥૧૧-૧૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૧૦માં બતાવ્યું કે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનું ચિત્ત નિત્ય શ્રુતધર્મમાં હોય છે, તેથી તેઓના ભોગો ભવના હેતુ થતા નથી, અને તે વાતને દૃષ્ટાંતથી શ્લોક-૧૧-૧૨માં બતાવી. હવે વ્યતિરેકથી તે કથનને દૃઢ કરવા માટે જેઓને ભોગો સુખના ઉપાયરૂપ દેખાય છે, તેઓ ધર્મની પ્રવૃત્તિ કરતા હોય તોપણ મોક્ષમાર્ગમાં યત્ન કરી શકતા નથી, તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

भोगतत्त्वस्य तु पुनर्न भवोदधिलङ्घनम् ।
मायोदकदृढावेशस्तेन यातीह कः पथा ।।१३।।
स तत्रैव भयोद्विग्नो यथा तिष्ठत्यसंशयम् ।
मोक्षमार्गेऽपि हि तथा भोगजम्बालमोहितः ।।१४।।

**અન્વયાર્થ :-**

पुनः=વળી भोगतत्त्वस्य तु=ભોગને તત્ત્વરૂપે જોનારાનું भवोदधिलङ्घनम् न=ભવસમુદ્રનું ઉલ્લંઘન નથી. मायोदकदृढावेशः कः=માયાજળમાં દૃઢ-આવેશવાળો કોણ પથિક=માયાજળમાં 'આ જળ છે' એવા દૃઢ નિર્ણયવાળો કોણ પથિક तेन पथा=તે માર્ગથી इह=અહીં=ઈષ્ટસ્થાને याति=જાય ? ।।૧૩।।

स=તે=માયાજળમાં જળના દૃઢ આવેશવાળો भयोद्विग्नः=ભયથી ઉદ્વિગ્ન=આગળ જવાથી ડૂબી જવાના ભયથી ઉદ્વિગ્ન થયેલો यथा=જે પ્રમાણે तत्रैव=ત્યાં જ=તે માર્ગમાં જ असंशयम्=નક્કી तिष्ठति=ઊભો રહે છે, तथा=તે પ્રમાણે भोगजम्बालमोहितः=ભોગ જંબાલથી મોહિત થયેલો=ભોગના સમુદાયમાં મૂંઝાયેલો मोक्षमार्गेऽपि हि=મોક્ષમાર્ગમાં પણ આગળ જતાં અટકે છે. ।।૧૪।।

**શ્લોકાર્થ :-**

**વળી ભોગને તત્ત્વરૂપે જોનારાનું ભવસમુદ્રનું ઉલ્લંઘન નથી. માયાજળમાં 'આ જળ છે' એવા દૃઢ નિર્ણયવાળો કોણ મુસાફર તે માર્ગથી ઈષ્ટસ્થાને જાય ? ।।૧૩।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માયાજળમાં જળના દૃઢ આવેશવાળો, આગળ જવાથી ડૂબી જવાના ભયથી ઉદ્વિગ્ન થયેલો જે પ્રમાણે તે માર્ગમાં જ નક્કી ઊભો રહે છે, તે પ્રમાણે ભોગના સમુદાયમાં મૂંઝાયેલો, મોક્ષમાર્ગમાં પણ આગળ જતાં અટકે છે. ।।૧૪।।

**ટીકા :-**

भोगेति-भोगतत्त्वस्य तु=भोगं परमार्थतया पश्यतस्तु न भवोदधिलङ्घनं, मायोदकदृढावेशः तथाविपर्यासात्, तेन यातीह कः पथा यत्र मायायामुदकबुद्धिः ।।१३।।

**ટીકાર્થ :-**

भोगतत्त्वस्य ..... मुदकबुद्धिः ।। વળી ભોગતત્ત્વવાળાને=ભોગને પરમાર્થરૂપે જોનારાને, ભવોદધિલંઘન નથી. તે પ્રકારનો વિપર્યાસ હોવાને કારણે માયાજળમાં દૃઢ આવેશવાળો એવો કોણ મુસાફર यत्र=જેમાં=જે માર્ગમાં, मायायामुदकबुद्धिः=માયામાં જળબુદ્ધિ છે=માયાજળમાં જળની બુદ્ધિ છે, तेन पथा=તે માર્ગથી इह= અહીં=ઈષ્ટસ્થાનમાં याति=જાય ? ।।૧૩।।

નોંધ :- શ્લોકમાં 'मायोदकदृढावेशः' એ 'कः' નું વિશેષણ છે, અને તે માર્ગથી જતો નથી, તે બતાવવામાં હેતુઅર્થક વિશેષણ છે, અને તેથી જ ટીકામાં તેનું તાત્પર્ય ખોલતાં કહ્યું કે તે પ્રકારનો વિપર્યાસ હોવાથી તે માર્ગથી જતો નથી.

**ટીકા :-**

स इति-स=मायायामुदकसमावेशः, तत्रैव पथि, भयोद्विग्नः सन्, यथेत्युदाहरणोपन्यासार्थः, तिष्ठत्यसंशयं तिष्ठत्येव जलबुद्धिसमावेशात्, मोक्षमार्गेऽपि हि ज्ञानादिलक्षणे तिष्ठत्यसंशयं, भोगजम्बालमोहितो=भोगनिबन्धनदेहादिप्रपञ्चमोहित इत्यर्थः ।।१४।।

**ટીકાર્થ :-**

स मायाया ..... इत्यर्थः ।। 'यथा' એ શબ્દ ઉદાહરણને બતાવવા માટે છે. તે=માયામાં જળસમાવેશવાળો=માયાજળમાં જળબુદ્ધિવાળો, ત્યાં જ=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પથમાં જ, ભયોદ્વિગ્ન છતો, જે પ્રમાણે અસંશય રહે જ છે; કેમ કે જળબુદ્ધિનો સમાવેશ છે=જળબુદ્ધિની ઉપસ્થિતિ છે, તે પ્રમાણે ભોગજંબાલમોહિત=ભોગના કારણ એવા દેહાદિ પ્રપંચથી મોહિત, જ્ઞાનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગમાં પણ સંશય વિના ઊભો રહે છે, એ પ્રમાણે અર્થ છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

જે જીવો ધર્મમાં પ્રવૃત્તિ કરે છે અને ભોગસુખમાં સુખબુદ્ધિને ધારણ કરે છે, તે જીવોને ભોગ પરમાર્થરૂપે દેખાય છે. તેથી તેઓની ધર્મપ્રવૃત્તિથી પણ ભવસમુદ્રનું ઉલ્લંઘન નથી; કેમ કે ભોગમાં પરમાર્થ બુદ્ધિ હોવાથી ભવસમુદ્રના ઉલ્લંઘનના કારણીભૂત એવી નિર્લેપદશાને અનુકૂળ ધર્મસેવનની પ્રવૃત્તિ થતી નથી. આ કથનને દૃષ્ટાંતથી બતાવે છે : કોઈ પથિક માયાજળમાં 'આ જળ છે' એવા દૃઢ નિર્ણયવાળો હોય, તે મુસાફર તે સ્થાનને ઓળંગીને સામે જવાની ઇચ્છાવાળો હોય તોપણ તે માર્ગથી જતો નથી; કેમ કે માયાજળમાં 'આ વાસ્તવિક પાણી છે' એવો વિપર્યાસ છે. તેથી તે સ્થાનમાંથી જવા તે યત્ન કરતો નથી, પરંતુ ડૂબી જવાના ભયથી ઉદ્વિગ્ન થયેલો ત્યાં જ નક્કી ઊભો રહે છે. તે રીતે જે જીવો ભોગના કારણીભૂત એવા દેહ આદિ સમુદાયમાં મોહવાળા છે, તેઓ ધર્મની પ્રવૃત્તિ કરે તોપણ ચિત્તને નિર્લેપ કરવા અર્થે યત્ન કરી શકતા નથી, અને ચિત્ત નિર્લેપ થયા વિના મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થતી નથી. **॥૧૩-૧૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨માં સ્થાપન કર્યું કે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ભોગ ભોગવતા છતા અસંગભાવવાળા પરમપદ તરફ જાય છે. ત્યાં પ્રશ્ન થાય કે ભોગની પ્રવૃત્તિ મોક્ષની વિરુદ્ધ છે, અને ધર્મની પ્રવૃત્તિ મોક્ષને અનુકૂળ છે, તેથી કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ધર્મની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે મોક્ષ તરફ જાય છે, પરંતુ ભોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે પણ મોક્ષ તરફ જાય છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**धर्मशक्तिं न हन्त्यस्यां भोगशक्तिर्बलीयसीम् ।**
**हन्ति दीपापहो वायुर्ज्वलन्तं न दवानलम् ।।१५।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

अस्यां=આમાં=કાન્તાદષ્ટિમાં भोगशक्तिः=ભોગશક્તિ बलीयसीम् धर्मशक्तिं=બળવાન એવી ધર્મશક્તિને न हन्ति=હણતી નથી, दीपापहो वायुः=દીવાને બુઝાવનાર એવો વાયુ ज्वलन्तं दवानलम्=મોટી જ્વાળાવાળા દાવાનળને न हन्ति=હણતો નથી. ।।૧૫।।

**શ્લોકાર્થ :-**

**કાન્તાદષ્ટિમાં ભોગશક્તિ, બળવાન એવી ધર્મશક્તિને હણતી નથી. દીવાને બુઝાવનાર વાયુ મોટી જ્વાળાવાળા દાવાનળને હણતો નથી. ।।૧૫।।**

**ટીકા :-**

धर्मशक्तिमिति-अस्यां=कान्तायां, कर्माक्षिप्तत्वेन निर्बला भोगशक्तिः, अनवरत-स्वरसप्रवृत्तत्वेन बलीयसीं धर्मशक्तिं न हन्ति, विरोधिनोऽपि निर्बलस्याकिञ्चित्कर-त्वात्, अत्र दृष्टान्तमाह-दीपापहो=दीपविनाशको वायुर्ज्वलन्तं दवानलं न हन्ति, प्रत्युत बलीयसस्तस्य सहायतामेवालम्बते, इत्थमत्र धर्मशक्तेरपि बलीयस्या अवश्यभोग्यकर्मक्षये भोगशक्तिः सहायतामेवालम्बते न तु निर्बलत्वेन तां विरुणद्धीति । यद्यपि स्थिरायामपि ज्ञानापेक्षया भोगानामकिञ्चित्करत्वमेव, तथापि तदांशे प्रमादसहकारित्वमपि तेषां, कान्तायां तु धारणया ज्ञानोत्कर्षात्र तथात्वमपि तेषां, गृहिणोऽप्येवंविधदशायामुपचारतो यतिभाव एव चारित्रमोहोदय-मात्रात्केवलं न संयमस्थानलाभः, न तु तद्विरोधिपरिणामलेशतोऽपीत्याचार्याणा-माशयः ।।१५।।

**ટીકાર્થ :-**

अस्यां ..... चार्याणामाशयः ।। આમાં=કાન્તાદષ્ટિમાં, કર્મથી આક્ષિપ્તપણું હોવાને કારણે=સ્વરસપ્રવૃત્તિથી નહીં પરંતુ કર્માક્ષિપ્તપણું હોવાને કારણે, નિર્બળ એવી ભોગશક્તિ, અનવરત સ્વરસપ્રવૃત્તપણું હોવાને કારણે, બળવાન એવી ધર્મશક્તિને હણતી નથી; કેમ કે વિરોધી પણ નિર્બળનું અકિંચિત્કરપણું છે. અહીં=નિર્બળ ભોગશક્તિ બળવાન એવી ધર્મશક્તિને હણતી નથી, એમાં દૃષ્ટાંતને કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીપવિનાશક=દીવાને બુઝાવનાર, પવન, મોટી જ્વાળાવાળા દાવાનળને હણતો નથી, ઊલટું બળવાન એવા તેની=દાવાનળની, સહાયતાને જ કરે છે. એ રીતે=દીવાનો વિનાશ કરનાર વાયુ જ્વાળાવાળા દાવાનળને સહાય કરે છે એ રીતે, અહીં=કાન્તાદૃષ્ટિમાં, ભોગશક્તિ, અવશ્યભોગ્યકર્મના ક્ષયમાં બળવાન એવી ધર્મશક્તિની પણ સહાયતાને કરે છે; પરંતુ નિર્બળપણું હોવાને કારણે=ભોગશક્તિનું નિર્બળપણું હોવાને કારણે, તેનો=ધર્મશક્તિનો, વિરોધ કરતી નથી. 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે.

જોકે જ્ઞાનની અપેક્ષાએ સ્થિરામાં પણ=સ્થિરાદૃષ્ટિમાં પણ ભોગોનું અકિંચિત્કરપણું છે જ, તોપણ ત્યારે=ભોગકાળમાં, તેઓનું=ભોગોનું, અંશમાં પ્રમાદસહકારીપણું પણ છે. વળી કાન્તામાં=કાન્તાદૃષ્ટિમાં, ધારણાને કારણે= ધારણાયોગાંગને કારણે, જ્ઞાનનો ઉત્કર્ષ હોવાથી, તેઓનું=ભોગોનું, તથાપણું પણ નથી=અંશમાં પ્રમાદસહકારીપણું પણ નથી. ગૃહસ્થને પણ આવી દશામાં=કાન્તાદૃષ્ટિની ધારણાયોગાંગને કારણે થતી જ્ઞાનની ઉત્કર્ષદશામાં, ઉપચારથી યતિભાવ જ છે. ચારિત્રમોહના ઉદયમાત્રથી કેવળ સંયમસ્થાનનો લાભ નથી, પરંતુ તેનો વિરોધી પરિણામ લેશથી પણ નથી=યતિભાવનો વિરોધી પરિણામ લેશથી પણ નથી, એ પ્રમાણે આચાર્યોનો આશય છે. ॥૧૫॥

❖ 'विरोधिनोऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે વિરોધી છે પણ નિર્બળ છે, તેથી અકિંચિત્કર છે, વિરોધી ન હોય તો તો અકિંચિત્કરપણું છે, પરંતુ અહીં વિરોધી પણ નિર્બળનું અકિંચિત્કરપણું છે.

❖ 'धर्मशक्तेरपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે ભોગશક્તિ સંસારશક્તિની સહાયતાને તો કરે છે, પરંતુ અહીં ભોગશક્તિ બળવાન એવી ધર્મશક્તિની પણ સહાયતાને કરે છે.

❖ 'स्थिरायामपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે કાન્તાદૃષ્ટિમાં તો ભોગોનું અકિંચિત્કરપણું છે, પરંતુ સ્થિરાદૃષ્ટિમાં પણ જ્ઞાનની અપેક્ષાએ ભોગોનું અકિંચિત્કરપણું છે.

❖ 'प्रमादसहकारित्वमपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે સ્થિરાદૃષ્ટિમાં ભોગો ભોગ્યકર્મનો નાશ તો કરે જ છે; પરંતુ અંશથી પ્રમાદના સહકારી પણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'न तथात्वमपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે કાન્તાદૃષ્ટિમાં ભોગોનું અકિંચિત્કરપણું તો છે જ, પરંતુ સ્થિરાદૃષ્ટિની જેમ અંશથી પ્રમાદસહકારીપણું પણ નથી.

❖ 'गृहिणोऽपि' - અહીં 'अपि'થી કાન્તાદૃષ્ટિમાં રહેલા મુનિઓને તો યતિભાવ છે, પરંતુ ગૃહસ્થોને પણ ઉપચારથી યતિભાવ છે.

❖ 'तद्विरोधिपरिणामलेशतोऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે કાન્તાદૃષ્ટિમાં રહેલા ગૃહસ્થને યતિભાવનો વિરોધી પરિણામ ઘણો તો નથી, પરંતુ લેશથી પણ નથી.

**ભાવાર્થ :-**

## ભોગશક્તિ કરતાં ધર્મશક્તિનું બળવાનપણું :-

કાન્તાદૃષ્ટિમાં કર્મથી આક્ષિપ્ત ભોગો હોવાને કારણે ભોગોની શક્તિ નિર્બળ છે.

આશય એ છે કે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનું નિત્ય શ્રુતમાં મન છે, તેથી અંશથી પણ પ્રમાદમાં સહકારી ન થાય તેવા અવશ્ય ભોગ્ય એવા કર્મોથી આક્ષિપ્ત ભોગો હોય છે, માટે તેઓના ભોગોમાં ભોગશક્તિ નિર્બળ છે. વળી તેઓ સતત સ્વરસથી ધર્મમાં પ્રવૃત્ત હોય છે; કેમ કે નિત્ય શ્રુતધર્મમાં તેઓનું મન છે, તેથી તેઓમાં વર્તતી ધર્મશક્તિ ભોગશક્તિ કરતાં બળવાન છે.

જીવમાં વર્તતી ભોગશક્તિ અને ધર્મશક્તિ પરસ્પર વધ્ય-ઘાતકભાવથી રહેલી છે. જેમ સર્પ અને નોળિયો બંને સાથે રહે છે, છતાં જે બળવાન હોય તે નિર્બળનો ઘાત કરે છે; તેમ કાન્તાદૃષ્ટિવાળા યોગીઓમાં ભોગશક્તિ અને ધર્મશક્તિ બંને સાથે રહેલી છે, છતાં બળવાન એવી ધર્મશક્તિ નિર્બળ એવી ભોગશક્તિનો ઘાત કરે છે.

આશય એ છે કે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓમાં અવિરતિઆપાદક કર્મના ઉદયથી વર્તતી ભોગશક્તિ નિર્બળ છે; કેમ કે ભોગશક્તિને પ્રમાદનો સહકાર નથી. તેથી નિર્બળ બનેલી ભોગશક્તિ બળવાન એવી ધર્મશક્તિનો નાશ કરી શકતી નથી. જેમ પરસ્પર વિરોધી એવા સર્પ અને નોળિયામાં જે નિર્બળ હોય તે અન્યનો નાશ કરવા અસમર્થ છે, તેમ પરસ્પર વિરોધી એવી ધર્મશક્તિ અને ભોગશક્તિમાં નિર્બળ એવી ભોગશક્તિ ધર્મશક્તિનો નાશ કરવા અસમર્થ છે.

ઉપર્યુક્ત કથનને પુષ્ટ કરવા દૃષ્ટાંત બતાવે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ દીવાનો નાશ કરવા માટે સમર્થ એવો વાયુ, જ્વાળાવાળા દાવાનળને બુઝવી શકતો નથી, ઊલટું તે દાવાનળને પ્રજ્વલિત કરવામાં સહાય કરે છે; તેમ કાન્તાદૃષ્ટિમાં રહેલા યોગીઓની ભોગની પ્રવૃત્તિ ધર્મશક્તિને હણતી નથી, ઊલટું ધર્મશક્તિમાં બાધક એવા અવશ્યભોગ્ય કર્મનો ક્ષય કરીને ધર્મશક્તિને અતિશયિત કરવામાં સહાય કરે છે; તેથી અવશ્યભોગ્ય કર્મનો ક્ષય થવાથી આ દૃષ્ટિવાળા યોગીઓમાં પૂર્વ કરતાં ઉત્તરમાં અધિક ધર્મશક્તિ પ્રગટ થાય છે. તેથી કાન્તાદૃષ્ટિમાં ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે

જોકે સ્થિરાદૃષ્ટિમાં સૂક્ષ્મબોધ છે, તેથી સ્થિરાદૃષ્ટિમાં રહેલું સમ્યગ્જ્ઞાન મોક્ષ પ્રત્યે જીવને આકર્ષણ ઉત્પન્ન કરે છે, અને 'મોક્ષના ઉપાય સેવવા જેવા છે, અન્ય કંઈ સેવવા જેવું નથી.' તેવી સ્થિરબુદ્ધિ ઉત્પન્ન કરે છે, તેથી તેવા સૂક્ષ્મબોધને કારણે તેઓના ભોગો પણ અકિંચિત્કર છે; તોપણ કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ જેવો અતિશય બોધ નથી. તેથી ભોગકાળમાં અંશથી પ્રમાદ સહકારી બને છે અર્થાત્ ભોગમાં સારબુદ્ધિ કરાવે તેવો પ્રમાદ નથી, તોપણ ભોગકાળમાં ભોગમાં કંઈક પ્રીતિ ઉત્પન્ન કરાવે તેવો પ્રમાદ થાય છે. તેથી અનવરત શ્રુતધર્મમાં તેઓનું મન પ્રવૃત્ત રહી શકતું નથી, પરંતુ ભોગના સંશ્લેષવાળું ચિત્ત બને છે, તે અંશથી ભોગની પ્રવૃત્તિ પ્રમાદના સહકારવાળી છે. તેથી ભોગની પ્રવૃત્તિ સર્વથા અકિંચિત્કર નથી, પરંતુ કંઈક અંશથી ધર્મશક્તિને નિર્બળ કરે છે. જ્યારે કાન્તાદૃષ્ટિમાં તો ધારણા નામનું યોગાંગ હોવાને કારણે જ્ઞાનનો ઉત્કર્ષ વર્તી રહ્યો છે, તેથી ભોગકાળમાં અંશથી પણ પ્રમાદ નથી. તેથી અપ્રમાદભાવથી ધર્મશક્તિમાં યત્ન વર્તી રહ્યો છે, માત્ર ભોગએકનાશ્ય એવા અવિરતિઆપાદક કર્મને કારણે અપ્રત્યાખ્યાનીય કે પ્રત્યાખ્યાનીય ચારિત્રમોહનીય કર્મનો ઉદયમાત્ર વર્તે છે. તેથી સંયમસ્થાનનો યત્ન થતો નથી, તોપણ અપ્રમાદભાવથી ધર્મમાં સુદૃઢ યત્ન થાય છે, અને આથી કાન્તાદૃષ્ટિમાં રહેલા ગૃહસ્થને પણ ઉપચારથી યતિભાવ જ છે.

આશય એ છે કે 'યતમાન હોય તે યતિ અર્થાત્ મોક્ષમાર્ગમાં જે સતત યતમાન હોય તે યતિ' એ પ્રકારનો 'યતિ' શબ્દનો અર્થ કરીએ, તો કાન્તાદૃષ્ટિમાં રહેલા ગૃહસ્થો ભોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે લેશ પણ પ્રમાદ કરતા નથી; પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રમાદભાવથી યોગમાર્ગમાં યતમાન છે. તેથી ભોગના પ્રવૃત્તિકાળમાં પણ ભોગના સંશ્લેષવાળું ચિત્ત બનતું નથી, પરંતુ અપ્રમાદભાવથી ભોગ્યકર્મના નાશને અનુકૂળ યત્નવાળું ચિત્ત વર્તે છે. માટે ઉપચારથી તેઓને યતિ કહેવાય અર્થાત્ પરમાર્થથી યતિ તો સર્વવિરતિવાળા મુનિઓ છે, અને અવિરતિના ઉદયવાળા કાન્તાદૃષ્ટિવાળા ગૃહસ્થો યતિ નથી; પરંતુ મુનિની જેમ અપ્રમાદભાવથી યોગમાર્ગમાં યતમાન છે, માટે ઉપચારથી તેઓને યતિભાવ છે. વળી, કાન્તાદૃષ્ટિવાળા યોગી ભોગમાં યત્ન કરે છે ત્યારે યતિભાવથી વિરુદ્ધ પરિણામ લેશથી પણ નથી અર્થાત્ યોગમાર્ગમાં પ્રમાદ કરાવે તેવો યતિભાવથી વિરોધી પરિણામ તેઓને લેશથી પણ નથી, એ પ્રકારનો આચાર્યનો આશય છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૮માં બતાવ્યું કે કાન્તાદૃષ્ટિમાં ધારણાયોગાંગ પ્રગટે છે, ક્રિયાનો અન્યમુદ્ દોષ જાય છે અને મીમાંસા નામનો ગુણ પ્રગટે છે. ત્યારપછી ધારણાયોગાંગનું સ્વરૂપ બતાવ્યું. હવે કાન્તાદૃષ્ટિમાં પ્રગટ થયેલ મીમાંસા ગુણ કેવો છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**मीमांसा दीपिका चास्यां मोहध्वान्तविनाशिनी ।**
**तत्त्वालोकेन तेन स्यान्न कदाप्यसमञ्जसम् ।।१६।।**

**અન્વયાર્થ :-**

**अस्यां च=અને આમાં=કાન્તાદૃષ્ટિમાં तत्त्वालोकेन=તત્ત્વનો પ્રકાશ હોવાને કારણે, मोहध्वान्तविनाशिनी=મોહરૂપી અંધકારનો વિનાશ કરનાર मीमांसा दीपिका=મીમાંસા દીપિકા છે; तेन=તે કારણથી कदापि=ક્યારેય પણ असमञ्जसम् न स्यात्=અસમંજસ ન થાય. ।।૧૬।।**

**શ્લોકાર્થ :-**

**અને કાન્તાદૃષ્ટિમાં તત્ત્વનો પ્રકાશ હોવાને કારણે મોહરૂપી અંધકારનો વિનાશ કરનાર મીમાંસા દીપિકા છે; તે કારણથી ક્યારેય પણ અસમંજસ ન થાય. ।।૧૬।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**मीमांसेति-मीमांसा=सद्विचारणा, दीपिका चास्यां=कान्तायां मोहध्वान्त-विनाशिनी=अज्ञानतिमिरापहारिणी, तत्त्वालोकेन=परमार्थप्रकाशेन, तेन कारणेन, न कदाप्यसमञ्जसं स्यात्, अज्ञाननिमित्तको हि तद्भाव इति ।।१६।।**

**ટીકાર્થ :-**

**मीमांसा=सद्विचारणा ..... तद्भाव इति ।। અને આમાં=કાન્તાદૃષ્ટિમાં, તત્ત્વનો આલોક હોવાને કારણે=પરમાર્થનો પ્રકાશ હોવાને કારણે=જીવના પારમાર્થિક સ્વરૂપનો બોધ હોવાને કારણે, મોહધ્વાન્ત વિનાશિની=અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનારી=યોગમાર્ગમાં અસ્ખલિત પ્રવૃત્તિ કરવામાં બાધક એવા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારી, સદ્વિચારણારૂપ મીમાંસા દીપિકા છે. તે કારણથી ક્યારેય પણ અસમંજસ ન થાય=ક્યારેય પણ કર્મબંધને અનુકૂળ એવી પ્રમાદની પ્રવૃત્તિરૂપ અસમંજસ ન થાય. ही=જે કારણથી, અજ્ઞાનનિમિત્તક તેનો ભાવ છે=પ્રવૃત્તિવિષયક પ્રમાદના નિવર્તનમાં સમર્થ એવા જ્ઞાનના અભાવનિમિત્તક અસમંજસ પ્રવૃત્તિનો સદ્ભાવ છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. ॥૧૬॥**

**ભાવાર્થ :-**

**મીમાંસાગુણનું સ્વરૂપ અને કાર્ય :-**

સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ કરતાં કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને પરમાર્થનું પ્રકાશન ઘણું અધિક છે. તેના કારણે તેઓને સદ્વિચારણારૂપ મીમાંસા વર્તતી હોય છે, અને જેમ અંધકારનો નાશ દીવાથી થાય છે, તેમ અસમંજસ પ્રવૃત્તિ કરાવે તેવા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ આ મીમાંસા દીપિકાથી થાય છે, અને મીમાંસા દીપિકાથી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થવાથી આ દૃષ્ટિમાં ક્યારેય અસમંજસ પ્રવૃત્તિ થતી નથી.

આશય એ છે કે સંસારી જીવો કર્મબંધને અનુકૂળ જે કંઈ અસમંજસ પ્રવૃત્તિ કરે છે, તે અજ્ઞાનને કારણે કરે છે, અને તે અસમંજસ પ્રવૃત્તિ કરીને અહિતની પરંપરા ઉત્પન્ન કરે છે; જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને સૂક્ષ્મબોધ છે, તેથી તેઓ સંસારી જીવોની જેમ અસમંજસ પ્રવૃત્તિ કરતા નથી; તોપણ અવિરતિના ઉદયથી ભોગોમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે કંઈક પ્રમાદ પણ થાય છે, જે તેઓ માટે અસમંજસ પ્રવૃત્તિરૂપ છે; કેમ કે અહીં યોગમાર્ગની પ્રવૃત્તિ ઉચિત પ્રવૃત્તિરૂપ છે, અને તે સિવાયની સર્વ પ્રવૃત્તિ અસમંજસ પ્રવૃત્તિરૂપ છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા યોગીની ભોગકાળમાં અંશથી જે પ્રમાદની પ્રવૃત્તિ છે, તે યોગમાર્ગની પ્રવૃત્તિને કંઈક મ્લાન કરે છે, માટે અસમંજસ છે; અને

કાન્તાદૃષ્ટિમાં રહેલા યોગીઓ ભોગકાળમાં પણ પ્રમાદ થાય તેવી કોઈ અસમંજસ પ્રવૃત્તિ કરતા નથી. તેથી ભોગએકનાશ્ય કર્મ ન હોય તો ક્યારેય ભોગમાં પ્રવૃત્તિ કરતા નથી, અને ભોગએકનાશ્ય કર્મ હોય તો તે કર્મનાશના ઉપાયરૂપે ભોગમાં પ્રવૃત્તિ કરે છે, પરંતુ પ્રમાદને વશ થઈને ભોગમાં પ્રવૃત્તિ કરતા નથી. તેથી કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને યોગમાર્ગને બાધા કરે તેવી અસમંજસ પ્રવૃત્તિ ક્યારેય હોતી નથી; કેમ કે અસમંજસ પ્રવૃત્તિનો સદ્ભાવ અજ્ઞાનનિમિત્તક છે, અને કાન્તાદૃષ્ટિવાળા યોગીઓમાં અસમંજસ પ્રવૃત્તિના કારણીભૂત અજ્ઞાન નથી, માટે અસમંજસ પ્રવૃત્તિ નથી. **॥૧૬॥**

## -: પ્રભાદૃષ્ટિ :-

**અવતરણિકા :-**

**સ્થિરાદૃષ્ટિનું વર્ણન શ્લોક-૧ થી ૭માં કર્યું. ત્યારબાદ કાન્તાદૃષ્ટિનું વર્ણન શ્લોક-૮ થી ૧૬માં કર્યા પછી ક્રમપ્રાપ્ત પ્રભાદૃષ્ટિનું સ્વરૂપ બતાવે છે -**

**શ્લોક :-**

**ध्यानसारा प्रभा तत्त्वप्रतिपत्तियुता रुजा ।**
**वर्जिता च विनिर्दिष्टा सत्प्रवृत्तिपदावहा ।।१७।।**

**અન્વયાર્થ :-**

**ध्यानसारा=ધ્યાન નામના યોગાંગથી મનોહર, तत्त्वप्रतिपत्तियुता=તત્ત્વ-પ્રતિપત્તિથી યુક્ત, रुजा वर्जिता=રુગ્ દોષથી વર્જિત सत्प्रवृत्तिपदावहा च=અને**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્પ્રવૃત્તિપદને ધારણ કરનારી પ્રભા=પ્રભાદૃષ્ટિ વિનિર્દિષ્ટા=કહેવાયેલી છે. ॥૧૭॥

**શ્લોકાર્થ :-**

**ધ્યાન નામના યોગાંગથી મનોહર, તત્ત્વપ્રતિપત્તિથી યુક્ત, રુગ્ દોષથી વર્જિત અને સત્પ્રવૃત્તિપદને ધારણ કરનારી પ્રભાદૃષ્ટિ કહેવાયેલી છે. ॥૧૭॥**

**ટીકા :-**

**ध्यानेति-ध्यानेन सारा=रुचिरा प्रभा, तत्त्वप्रतिपत्त्या यथास्थितात्मानुभवलक्षणया युता, रुजा वर्जिता, वक्ष्यमाणलक्षणसत्प्रवृत्तिपदावहा च विनिर्दिष्टा ॥१७॥**

**ટીકાર્થ :-**

**ध्यानेन ..... च विनिर्दिष्टा ॥ ધ્યાનથી સાર=ધ્યાનથી મનોહર, પ્રભાદૃષ્ટિ છે.**

વળી તે કેવી છે ? તે સ્પષ્ટ કહે છે –

**યથાસ્થિત આત્માનુભવસ્વરૂપ તત્ત્વપ્રતિપત્તિથી યુક્ત છે=સર્વ વિકલ્પોથી પર જ્ઞાનમય જ્યોતિસ્વરૂપ સ્તિમિત સમુદ્ર જેવી આત્માની જે અવસ્થા છે, તેનો ધ્યાન દ્વારા અનુભવ છે જેમાં તેવી તત્ત્વપ્રતિપત્તિથી યુક્ત છે. વળી રુગ્ દોષથી રહિત છે=ધ્યાનમાં વર્તતા રોગ દોષથી રહિત છે, અને આગળમાં કહેવાશે તેવા સત્પ્રવૃત્તિપદને લાવનારી પ્રભાદૃષ્ટિ કહેવાઈ છે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

**પ્રભાદૃષ્ટિમાં પ્રગટ થતું ધ્યાન યોગાંગ :-** પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને ધ્યાન નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે, તેથી તેઓ સદા ધ્યાનમાં એકાગ્ર હોય છે.

**પ્રભાદૃષ્ટિમાં તત્ત્વપ્રતિપત્તિ ગુણ :-** પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને સર્વ વિકલ્પોથી પર કેવળજ્ઞાનની જ્યોતિસ્વરૂપ એવા આત્માના યથાસ્થિત સ્વરૂપના અનુભવરૂપ તત્ત્વની પ્રતિપત્તિ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. તેથી ધ્યાનકાળમાં કેવળજ્ઞાનની જ્યોતિસ્વરૂપ આત્માના શુદ્ધ ભાવોને જોવા માટે સદા પ્રવૃત્ત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રભાદષ્ટિમાં રોગ દોષનો અભાવ :-** ક્રિયાના આઠ દોષોમાંથી રોગ નામનો દોષ ગયેલો હોય છે, તેથી પ્રભાદષ્ટિવાળા યોગીઓનું ધ્યાન રોગ દોષથી સર્વથા રહિત હોય છે. રોગ એટલે પીડા અથવા ભંગ; તેઓને ધ્યાનમાં મ્લાનિ થાય, તેવી પીડા પણ નથી અને ભંગ પણ નથી, પરંતુ અસ્ખલિત ધ્યાનની ધારા ચાલે છે.

વળી પ્રભાદષ્ટિ અસંગઅનુષ્ઠાનરૂપ સત્પ્રવૃત્તિપદને ધારણ કરનારી છે. સત્પ્રવૃત્તિપદનું વિશેષ સ્વરૂપ સ્વયં ગ્રંથકારશ્રી આગળ શ્લોક-૨૧માં બતાવશે.

અહીં વિશેષ એ છે કે કાન્તાદષ્ટિવાળા જીવોને કોઈક નિમિત્તને પામીને ક્રિયામાં ઉપયોગની મ્લાનિ આવે એવો રોગ દોષ આવી શકે, પરંતુ નિયમા રોગ દોષ હોય તેવો નિયમ નથી; પણ પ્રભાદષ્ટિમાં તો રોગ દોષ સર્વથા હોતો નથી. તેથી લક્ષ્યને અનુરૂપ સર્વ ઉચિત અનુષ્ઠાનો સ્ખલનાના સ્પર્શ વગર યથાર્થ કરી શકે છે. આત્મામાં અનાદિથી મોહજન્ય અનેક દોષો છે તે દોષો નિમિત્ત પામીને ઉદયને પ્રાપ્ત થાય છે અને જે ગુણસ્થાનક સુધી તેનો ઉદયનો સંભવ હોય તે ગુણસ્થાનક સુધી તે દોષનો ઉદય થઈ શકે છે ત્યારપછી તે દોષનો ઉદય થતો નથી અને જે ગુણસ્થાનક પછી તે દોષનો નાશ થાય છે તે ગુણસ્થાનકમાં તેનો ઉદય થાય તો અતિજઘન્ય પ્રમાણમાં હોય છે જેમ સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય છઠ્ઠા ગુણસ્થાનક સુધી છે અને છઠ્ઠા ગુણસ્થાનકવાળા મુનિને તેનો ઉદય અતિજઘન્ય હોય છે અને વેદનો ઉદય નવમા ગુણસ્થાનક સુધી છે તેથી તેની અસર કોઈ મહાત્માને થાય તોપણ નવમા ગુણસ્થાનકમાં તેની માત્રા નહિવત્ હોય છે. તેમ કાન્તાદષ્ટિવાળા જીવો સુધી રોગ દોષની સંભાવના છે. તેથી કાન્તાદષ્ટિમાં રોગદોષની પ્રાપ્તિ થાય તો અતિ અલ્પમાત્રામાં હોય છે. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭માં પ્રભાદષ્ટિનું સ્વરૂપ બતાવ્યું અને કહ્યું કે પ્રભાદષ્ટિ ધ્યાન નામના યોગાંગવાળી હોય છે. તેથી હવે પ્રભાદષ્ટિમાં વર્તતા ધ્યાન યોગાંગનું સ્વરૂપ બતાવે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોક :-

चित्तस्य धारणादेशे प्रत्ययस्यैकतानता ।

ध्यानं ततः सुखं सारमात्मायत्तं प्रवर्तते ।।१८।।

અન્વયાર્થ :-

धारणादेशे=ધારણાના વિષયમાં चित्तस्य=મનમાં प्रत्ययस्य= પ્રત્યયની= જ્ઞાનની एकतानता=એકાકારતા ध्यानं=ધ્યાન છે. ततः=તેનાથી=ધ્યાનથી आत्मायत्तं=સ્વાધીન सार=ઉત્કૃષ્ટ એવું सुखं=સુખ प्रवर्तते=પ્રવર્તે છે. ।।૧૮।।

શ્લોકાર્થ :-

**ધારણાના વિષયમાં મનમાં જ્ઞાનની એકતાનતા ધ્યાન છે. તેનાથી સ્વાધીન, ઉત્કૃષ્ટ એવું સુખ પ્રવર્તે છે. ।।૧૮।।**

❖ અહીં चित्तस्य શબ્દમાં ષષ્ઠી સપ્તમી અર્થમાં છે.

ટીકા :-

चित्तस्येति-चित्तस्य=मनसो धारणादेशे=धारणाविषये, प्रत्ययस्यैकतानता विसदृशपरिणामपरिहारेण सदृशपरिणामधाराबन्धो ध्यानं, यदाह – "तत्र प्रत्ययैकतानता ध्यानं" इति [३-२], ततः=तस्मात् सुखं सारम्=उत्कृष्टं, आत्मायत्तं=परानधीनं प्रवर्तते ।।१८।।

ટીકાર્થ :-

ધારણાદેશમાં=ધારણાના વિષયમાં, ચિત્તમાં=મનમાં, પ્રત્યયની=જ્ઞાનની, એકતાનતા અર્થાત્ વિસદૃશ પરિણામના પરિહારથી સદૃશ પરિણામની ધારામાં બંધ=સદૃશ પરિણામની ધારામાં ચિત્તનો બંધ, ધ્યાન છે.

જે કારણથી કહે છે=જે કારણથી પાતંજલ યોગસૂત્ર-૩-૨માં કહે છે -

"ત્યાં=ધારણાદેશમાં, જ્ઞાનની એકતાનતા ધ્યાન છે." તેનાથી=ધ્યાનથી, સાર=ઉત્કૃષ્ટ, આત્માયત્ત=પરને અનધીન એવું, સુખ પ્રવર્તે છે. ।।૧૮।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનું ચિત્ત હંમેશાં શ્રુતમાં હોય છે, તેથી શ્રુતે બતાવેલ દિશાના બળથી અસંગભાવ તરફ જવાને અનુકૂળ તેઓનો યત્ન હોય છે. તેથી તેઓના ધારણા નામના યોગાંગનો વિષય અસંગભાવને અનુકૂળ એવું આત્માનું સ્વરૂપ છે; અને કાન્તાદૃષ્ટિવાળા યોગીઓના ધારણાના વિષયભૂત પદાર્થમાં= અસંગભાવવાળા આત્મસ્વરૂપમાં, પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને ધ્યાન નામનું યોગાંગ વર્તે છે. તેથી કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ ધારણા યોગાંગથી જે રીતે લક્ષ્ય તરફ જતા હતા, તેના કરતા પ્રભાદૃષ્ટિવાળા યોગીઓ ધ્યાન નામના યોગાંગથી લક્ષ્ય તરફ અતિશયથી જાય છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૧૮માં કહ્યું કે પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને ધ્યાનથી ઉત્કૃષ્ટ એવું સ્વાધીન સુખ હોય છે. તેથી હવે ખરેખર, સ્વાધીન સુખ એ જ સુખ છે, અન્ય સુખ નથી, એ બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ।।१९।।**

**અન્વયાર્થ :-**

**परवशं सर्वं दुःखं=પરવશ એવું સર્વ દુઃખ છે, आत्मवशं सर्वं सुखं=આત્મવશ એવું સર્વ સુખ છે. समासेन=સંક્ષેપથી सुखदुःखयोः=સુખદુઃખનું एतद्=આ लक्षणं=લક્ષણ उक्तं=કહેવાયું છે. ।।૧૯।।**

**શ્લોકાર્થ :-**

**પરવશ એવું સર્વ દુઃખ છે, આત્મવશ એવું સર્વ સુખ છે. સંક્ષેપથી સુખદુઃખનું આ લક્ષણ કહેવાયું છે. ।।૧૯।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**सर्वमिति-सर्वं परवशं=पराधीनं दुःखं, तल्लक्षणयोगात् सर्वमात्मवशम्=अपराधीनं सुखं, अत एव हेतोः एतदुक्तं मुनिना समासेन=सङ्क्षेपेण लक्षणं, स्वरूपं सुखदुःखयोः, इत्थं च ध्यानजमेव तत्त्वतः सुखं, न तु पुण्योदयभवमपीत्यावेदितं भवति । तदाह –**

"पुण्यापेक्षमपि ह्येवं सुखं परवशं स्थितम् ।
ततश्च दुःखमेवैतद् ध्यानजं तात्त्विकं सुखम्" ।। **(यो.दृ.स. १७३) ।।१९।।**

**ટીકાર્થ :-**

सर्वं परवशं ..... सुखम्" ।। **પરવશ=પરાધીન, એવું સર્વ દુઃખ છે; કેમ કે તેના લક્ષણનો યોગ છે=દુઃખના લક્ષણનો યોગ છે. આત્મવશ=અપરાધીન એવું સર્વ સુખ છે. આ જ હેતુથી મુનિઓ વડે સંક્ષેપથી સુખદુઃખનું લક્ષણ=સ્વરૂપ આ=પરવશ એ દુઃખ, અને સ્વવશ એ સુખ એ, કહેવાયું છે; અને આ રીતે=પૂર્વમાં સુખદુઃખનું લક્ષણ બતાવ્યું એ રીતે, ધ્યાનથી ઉત્પન્ન થયેલું તત્ત્વથી સુખ છે; પરંતુ પુણ્યોદયથી થયેલું પણ નહીં, એ પ્રમાણે આવેદિત થાય છે=બતાવાયેલું થાય છે. તેને કહે છે=તેને 'યોગદૃષ્ટિ-સમુચ્ચય ગ્રંથ' શ્લોક-૧૭૩માં કહે છે –**

"આ રીતે પુણ્યની અપેક્ષાવાળું પણ સુખ પરવશ રહેલું છે, અને તેથી=પરવશ છે તેથી, આ દુઃખ જ છે=પુણ્યની અપેક્ષાવાળું સુખ દુઃખ જ છે."

તો પ્રશ્ન થાય કે સુખ શું છે ? તેથી કહે છે –

"ધ્યાનથી ઉત્પન્ન થયેલું સુખ તાત્ત્વિક છે=પારમાર્થિક છે." **।।૧૯।।**

**ભાવાર્થ :-**

**પારમાર્થિક સુખદુઃખનું લક્ષણ :-**

પરને આધીન જે કંઈ ભાવો થાય તે દુઃખ છે. તેથી સંસારી જીવોને ભોગથી જે સુખ થાય છે, તે પરાધીન હોવાને કારણે દુઃખ છે.

આશય એ છે કે કર્મના કારણે જીવમાં આવેશ થાય છે, અને તે આવેશને આધીન થઈને જીવ શ્રમ કરે છે, અને તે શ્રમથી આવેશનું કંઈક શમન થાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી સંસારી જીવોને ક્ષણભર સુખનો અનુભવ થાય છે; તોપણ સંસારનું ભોગજન્ય સુખ પરાધીન હોવાથી દુઃખ છે. તે રીતે કર્મને વશ જે કંઈ શાતા આદિનો અનુભવ છે, તે પણ સ્વાધીન નથી, માટે દુઃખ છે; કેમ કે દુઃખના લક્ષણનો યોગ છે; અને આત્માને વશ એવું સર્વ સુખ છે; કેમ કે તે સુખ કોઈ અન્ય પદાર્થને આધીન નથી, પરંતુ જીવના સ્વભાવભૂત છે. આ રીતે ધ્યાનથી જ સુખ થાય છે, પરંતુ પુણ્યના ઉદયથી સુખ થતું નથી.

આ કથનથી એ ફલિત થાય કે ધ્યાન એ જીવની સ્વાભાવિક પ્રકૃતિ છે; અને જીવની સ્વાભાવિક પ્રકૃતિ સુખરૂપ છે, માટે પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને તે સ્વાધીન સુખ વર્તે છે. એ પ્રકારનો પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

આનાથી એ ફલિત થાય કે યોગીઓ ધ્યાનમાં વર્તતા હોય ત્યારે, ઘાણીમાં પીલાતા હોય કે ઉપસર્ગો થતા હોય, તોપણ ધ્યાનથી થનારું સુખ તેઓને હોય છે. ઉપસર્ગોને કારણે અશાતાની પ્રાપ્તિ હોવાથી તેઓને દુઃખ છે, તે તો સ્થૂલદૃષ્ટિથી વ્યવહાર પ્રવર્તે છે. પરમાર્થથી તો તેઓ ધ્યાનથી થનારા સુખનો અનુભવ કરે છે, અને તે સુખ જ પ્રકર્ષને પામીને સિદ્ધઅવસ્થામાં પૂર્ણભાવરૂપે સદા અવસ્થિત છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭માં પ્રભાદૃષ્ટિમાં ધ્યાન નામનું યોગાંગ પ્રગટે છે તેમ કહ્યું, ત્યારપછી તે ધ્યાનનું સ્વરૂપ શ્લોક-૧૮માં બતાવ્યું, અને તે ધ્યાનથી ઉત્કૃષ્ટ સુખ થાય છે, તેથી પારમાર્થિક સુખ અને દુઃખ શું છે ? તેનું લક્ષણ શ્લોક-૧૯માં કહ્યું. હવે પ્રભાદૃષ્ટિમાં વર્તતા બોધમાં ધ્યાન સદા હોય છે, તે દૃષ્ટાંતથી બતાવે છે –**

**શ્લોક :-**

**ध्यानं च विमले बोधे सदैव हि महात्मनाम् ।**
**सदा प्रसृमरोऽनभ्रे प्रकाशो गगने विधोः ।।२०।।**

**અન્વયાર્થ :-**

**च=અને विमले बोधे=વિમલબોધ હોતે છતે=નિર્મળ બોધ હોતે છતે महात्मनाम्=મહાત્માઓને=પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને, सदैव हि=સદા જ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ध्यानं=ધ્યાન હોય છે. अनभ्रे गगने=વાદળો રહિત આકાશ હોતે છતે विधोः प्रकाशः=ચંદ્રનો પ્રકાશ सदा प्रसृमरः=સદા ફેલાયેલો હોય છે. ।।૨૦।।

**શ્લોકાર્થ :-**

**અને વિમલબોધ હોતે છતે મહાત્માઓને સદા જ ધ્યાન હોય છે. વાદળો રહિત આકાશ હોતે છતે, ચંદ્રનો પ્રકાશ સદા ફેલાયેલો હોય છે. ।।૨૦।।**

**ટીકા :-**

**ध्यानं चेति-विमले बोधे च सति महात्मनां सदैव हि ध्यानं भवति, तस्य तन्नियतत्वात् दृष्टान्तमाह-अनभ्रे=अभ्ररहिते गगने विधोरुदितस्य प्रकाशः सदा प्रसृमरो भवति, तथावस्थास्वाभाव्यादिति ।।२०।।**

**ટીકાર્થ :-**

**विमले बोधे ..... स्वाभाव्यादिति ।।અને વિમલબોધ હોતે છતે મહાત્માઓને= પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને, સદા જ ધ્યાન હોય છે; કેમ કે તેનું=ધ્યાનનું, તન્નિયતપણું છે=વિમલબોધની સાથે નિયતપણું છે.**

**દૃષ્ટાંતને કહે છે – વાદળા રહિત આકાશ હોતે છતે ઉદિત એવા ચંદ્રનો પ્રકાશ=ઉદય પામેલા એવા ચંદ્રનો પ્રકાશ, સદા ફેલાયેલો હોય છે; કેમ કે તે પ્રકારની અવસ્થાનું સ્વભાવપણું છે=વાદળો વિનાનું આકાશ હોય તો ચંદ્રના પ્રકાશનું ફેલાયેલી અવસ્થારૂપે રહેવાનું સ્વભાવપણું છે. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

**પ્રભાદૃષ્ટિમાં સદા ધ્યાન :-**

પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને સદા ધ્યાન હોય છે; કેમ કે ધ્યાનનું નિર્મળ બોધની સાથે સદા નિયતપણું છે.

આ વાતની પુષ્ટિમાં દૃષ્ટાંત બતાવે છે –

આકાશમાં વાદળો ન હોય ત્યારે ઉદય પામેલા ચંદ્રનો પ્રકાશ ફેલાય છે, તેમ વિમલ બોધમાં પ્રતિબંધક એવાં કર્મરૂપી વાદળો દૂર થાય ત્યારે સદા ધ્યાનરૂપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશ આત્મામાં વર્તે છે. તેથી પ્રભાદૃષ્ટિવાળા યોગીઓ સદા જ ધ્યાનમાં હોય છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭માં બતાવ્યું કે પ્રભાદૃષ્ટિ સત્પ્રવૃત્તિપદને ધારણ કરનાર છે. તેથી હવે પ્રભાદૃષ્ટિમાં વર્તતા સત્પ્રવૃત્તિપદનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**सत्प्रवृत्तिपदं चेहासङ्गानुष्ठानसंज्ञितम् ।**
**संस्कारतः स्वरसतः प्रवृत्त्या मोक्षकारणम् ।।२१।।**

**અન્વયાર્થ :-**

च=અને इह=અહીં=પ્રભાદૃષ્ટિમાં असङ्गानुष्ठानसंज्ञितम् सत्प्रवृत्तिपदं= અસંગઅનુષ્ઠાનસંજ્ઞાવાળું સત્પ્રવૃત્તિપદ संस्कारतः=સંસ્કારને કારણે स्वरसतः= સ્વરસથી प्रवृत्त्या=પ્રવૃત્તિ દ્વારા मोक्षकारणम्=મોક્ષનું કારણ છે. ।।૨૧।।

**શ્લોકાર્થ :-**

**અને અહીં=પ્રભાદૃષ્ટિમાં, અસંગઅનુષ્ઠાનસંજ્ઞાવાળું સત્પ્રવૃત્તિપદ સંસ્કારને કારણે સ્વરસથી પ્રવૃત્તિ દ્વારા મોક્ષનું કારણ છે. ।।૨૧।।**

**ટીકા :-**

सदिति-सत्प्रवृत्तिपदं चेह=प्रभायां=असङ्गानुष्ठानसंज्ञितं भवति, संस्कारतः प्राच्यप्रयत्नजात् स्वरसतः=इच्छानैरपेक्ष्येण प्रवृत्त्या=प्रकृष्टवृत्त्या मोक्षकारणं, यथा दृढदण्डनोदनानन्तरमुत्तरश्चक्रभ्रमिसन्तानस्तत्संस्कारानुवेधादेव भवति, तथा प्रथमाभ्यासाद् ध्यानानन्तरं तत्संस्कारानुवेधादेव तत्सदृशपरिणामप्रवाहोऽसङ्गानुष्ठानसञ्ज्ञां लभत इति भावार्थः ।।२१।।

**ટીકાર્થ :-**

सत्प्रवृत्तिपदं ..... भावार्थः ।। અને અહીં=પ્રભાદૃષ્ટિમાં, સત્પ્રવૃત્તિપદ અસંગઅનુષ્ઠાનસંજ્ઞાવાળું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તે પદ કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

**પ્રાચ્યપ્રયત્નથી ઉત્પન્ન થયેલા સંસ્કારને કારણે=અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ પૂર્વે સેવાયેલા વચનાનુષ્ઠાનના પ્રયત્નથી ઉત્પન્ન થયેલા સંસ્કારને કારણે, સ્વરસથી=ઈચ્છા નિરપેક્ષથી, પ્રવૃત્તિ દ્વારા=આત્મભાવમાં જવાને અનુકૂળ ધ્યાનરૂપ પ્રકૃષ્ટ પ્રવૃત્તિ દ્વારા, મોક્ષનું કારણ છે=પ્રભાદષ્ટિમાં પ્રગટ થયેલું સત્પ્રવૃત્તિપદ મોક્ષનું કારણ છે. જે પ્રમાણે દૃઢદંડના નોદન પછી=દૃઢ રીતે દંડના ભમાવ્યા પછી, તેના સંસ્કારના અનુવેધથી જ=દૃઢ રીતે દંડના ભ્રમણના સંસ્કારના અનુવેધથી જ, ઉત્તરમાં ચક્રની ભ્રમિનું સંતાન છે=ઉત્તરમાં દંડ વગર ચક્રભ્રમણનો પ્રવાહ છે, તે પ્રમાણે પ્રથમના અભ્યાસથી થતા ધ્યાન અનંતર=વચનાનુષ્ઠાનમાં સેવાયેલા ધ્યાનના અભ્યાસથી થતા ધ્યાન પછી, તેના સંસ્કારના અનુવેધથી જ=પ્રથમ અભ્યાસના સંસ્કારના અનુવેધથી જ, તત્સદૃશ પરિણામનો પ્રવાહ=ધ્યાનસદૃશ પરિણામનો પ્રવાહ, અસંગ-અનુષ્ઠાન સંજ્ઞાને પામે છે, એ પ્રકારે ભાવાર્થ છે. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

**સત્પ્રવૃત્તિપદ=અસંગઅનુષ્ઠાન :-**

પ્રભાદૃષ્ટિ સત્પ્રવૃત્તિપદાવહ છે, એમ કહ્યું. તેથી સત્પ્રવૃત્તિપદ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

અસંગઅનુષ્ઠાનસંજ્ઞાવાળું સત્પ્રવૃત્તિપદ છે.

આશય એ છે કે જીવનું સત્પ્રવૃત્તિમાં રહેવું એટલે સર્વથા અસંગભાવમાં રહેવું; કેમ કે જીવનું વાસ્તવિક સ્વરૂપ સર્વથા સંગ વગરનું છે. આથી સિદ્ધના જીવો સંપૂર્ણ સંગ વગરના છે, અને તે અવસ્થાને પ્રગટ કરે તેવી સત્પ્રવૃત્તિ અસંગઅનુષ્ઠાનરૂપ છે. વળી આ અસંગઅનુષ્ઠાન મોક્ષનું કારણ કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરે છે –

મોક્ષનો અર્થી જીવ ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે ત્યારે ભગવાનના વચનનો રાગ હોય છે, તેથી અસંગઅનુષ્ઠાન નથી પરંતુ વચનાનુષ્ઠાન છે. વળી, અસંગઅનુષ્ઠાનમાં જીવને ક્યાંય સંગભાવ નથી, પરંતુ સર્વથા સંગરહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી આત્માની અવસ્થામાં જવા માટેનો પ્રયત્ન હોય છે, અને આ પ્રયત્ન વચનાનુષ્ઠાનકાળમાં કરાયેલા પ્રયત્નથી ઉત્પન્ન થયેલા સંસ્કારોને કારણે થાય છે. વળી, આ પ્રયત્ન કર્મથી પ્રેરાઈને થતો નથી, પરંતુ જીવના સ્વરસથી થાય છે. તેથી ઇચ્છાથી થયેલ નથી; પરંતુ ઇચ્છા વગર સહજ રીતે થાય છે.

આશય એ છે કે વચનાનુષ્ઠાનકાળમાં 'હું ભગવાનના વચનાનુસાર યત્ન કરું' તેવી ઇચ્છાથી ધ્યાનાદિમાં પ્રવૃત્તિ થાય છે. તેથી વચનાનુષ્ઠાન ઇચ્છાનિરપેક્ષ થતું નથી; પરંતુ મોક્ષમાં જવાની પ્રશસ્ત ઇચ્છા છે, તે ઇચ્છાના બળથી મોક્ષના ઉપાયભૂત અનુષ્ઠાન સેવવાની ઇચ્છા થાય છે. તેથી વચનાનુષ્ઠાનકાળમાં ભગવાનના વચનાનુસાર અનુષ્ઠાન કરવાનો અભિલાષ વર્તે છે, જ્યારે અસંગઅનુષ્ઠાનકાળમાં ધ્યાનમાં પ્રવૃત્તિ કરવાની ઇચ્છા હોતી નથી, પરંતુ જીવના સ્વરસથી ધ્યાનમાં પ્રવૃત્તિ થાય છે, અને આ પ્રવૃત્તિનું કારણ વચનાનુષ્ઠાનના સેવનકાળમાં આત્મા ઉપર પડેલા ધ્યાનના સંસ્કારો છે.

તેથી એ ફલિત થાય કે વચનાનુષ્ઠાનના પ્રયત્નથી થયેલા સંસ્કારોના કારણે સ્વરસથી મોક્ષને અનુકૂળ એવી ધ્યાનમાં પ્રકૃષ્ટ પ્રવૃત્તિ અસંગાનુષ્ઠાનકાળમાં થાય છે. હવે અસંગાનુષ્ઠાન પ્રકૃષ્ટ પ્રયત્નથી મોક્ષનું કારણ છે, તેમાં દૃષ્ટાંત બતાવે છે –

દૃઢ પ્રયત્નથી દંડને ચક્ર ઉપર ભમાડવામાં આવે, તો જેમ ભ્રમણના સંસ્કારને કારણે ઉત્તરમાં દંડને ભમાડવાનું છોડી દેવામાં આવે તોપણ, પૂર્વમાં દંડથી ચક્રમાં ભ્રમણના સંસ્કારો પડેલા તે સંસ્કારના અનુવેધથી જ પછીથી ચક્રનું ભ્રમણ ચાલુ રહે છે; તેમ વચનાનુષ્ઠાનકાળમાં ધ્યાનનો અભ્યાસ કરાય છે, તે ધ્યાનના સંસ્કારનો અનુવેધ હોવાને કારણે, વચનાનુષ્ઠાનના ધ્યાન પછી તેના સદૃશ પરિણામના પ્રવાહરૂપ ધ્યાન વર્તે છે, અર્થાત્ વચનાનુષ્ઠાનકાળમાં જેમ ધ્યાનનો પ્રવાહ હતો, તત્સદૃશ ધ્યાનના પરિણામનો પ્રવાહ વર્તે છે, તે અસંગઅનુષ્ઠાન સંજ્ઞાને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે દંડથી ચક્રનું ભ્રમણ કરવામાં આવે છે, ત્યારપછી દંડને ભમાવવાની પ્રવૃત્તિ છોડી દેવામાં આવે તોપણ ચક્રનું ભ્રમણ ચાલુ રહે છે. તેની જેમ અસંગઅનુષ્ઠાનવાળા જીવોની ધ્યાનમાં પ્રવૃત્તિ પ્રયત્ન વગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહજભાવથી થાય છે, તેટલા અંશમાં દંડ દ્વારા ચક્રભ્રમણનું દૃષ્ટાંત છે. વસ્તુતઃ દંડથી ચક્રને ભમાવ્યા પછી દંડને ભમાડવાનું મૂકી દેવાથી ચક્રનું ભ્રમણ ચાલુ રહે છે, અને તે ચક્રભ્રમણ ક્રમસર ઘટતું જાય છે, અને અમુક કાળ પછી એ ચક્રનું ભ્રમણ અટકી પણ જાય છે; અને વચનાનુષ્ઠાનમાં ધ્યાનને અનુકૂળ કરાયેલા પ્રયત્નથી અસંગઅનુષ્ઠાનકાળમાં જે ધ્યાનનો યત્ન થાય, તે પ્રયત્ન વગર સહજ છે, તોપણ વચનાનુષ્ઠાનકાળમાં વર્તતા ધ્યાન કરતાં પ્રકૃષ્ટ ધ્યાનરૂપ છે, અને ઉત્તરોત્તર ધ્યાનનું સંતાન અધિક અધિક બળવાન થાય છે; પરંતુ ચક્રભ્રમિની જેમ મંદગતિવાળું થતું નથી. તેથી દંડથી થતી ચક્રભ્રમિનું દૃષ્ટાંત ફક્ત વગર દંડે ચક્રભ્રમણ થાય છે, તેટલા અંશમાં જ ગ્રહણ કરવાનું છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**અસંગઅનુષ્ઠાનને કહેનારા તે તે દર્શનને અભિમત નામોને કહે છે –**

**શ્લોક :-**

**प्रशान्तवाहितासञ्ज्ञं विसभागपरिक्षयः ।**
**शिववर्त्म ध्रुवाध्वेति योगिभिर्गीयते ह्यदः ।।२२।।**

**અન્વયાર્થ :-**

**अदः=આ=અસંગઅનુષ્ઠાન प्रशान्तवाहितासञ्ज्ञं विसभागपरिक्षयः शिववर्त्म ध्रुवाध्वा=પ્રશાન્તવાહિતા સંજ્ઞાવાળું, વિસભાગપરિક્ષય, મોક્ષમાર્ગ, ધ્રુવઅધ્વ इति=એ પ્રમાણે योगिभिः=યોગીઓ વડે गीयते=કહેવાય છે. ।।૨૨।।**

**શ્લોકાર્થ :-**

**આ=અસંગઅનુષ્ઠાન પ્રશાંતવાહિતા સંજ્ઞાવાળું, વિસભાગપરિક્ષય, મોક્ષમાર્ગ, ધ્રુવઅધ્વ એ પ્રમાણે યોગીઓ વડે કહેવાય છે. ।।૨૨।।**

**ટીકા :-**

**प्रशान्तेति-प्रशान्तवाहितासञ्ज्ञं साङ्ख्यानां, विसभागपरिक्षयो बौद्धानां, शिववर्त्म शैवानां, ध्रुवाध्वा महाव्रतिकानां, इति=एवं हि योगिभिरदः= असङ्गानुष्ठानं गीयते ।।२२।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**સાંખ્યદર્શનના મત પ્રમાણે પ્રશાંતવાહિતા સંજ્ઞાવાળું, બૌદ્ધદર્શનના મત પ્રમાણે વિસભાગપરિક્ષય, શૈવદર્શનના મત પ્રમાણે શિવમાર્ગ=સુખનો માર્ગ, મહાવ્રતિકોના મત પ્રમાણે ધ્રુવઅધ્વા=ધ્રુવપદની પ્રાપ્તિનો માર્ગ इति=एवं हि=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે યોગીઓ વડે આ=અસંગઅનુષ્ઠાન, કહેવાય છે. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

**અસંગઅનુષ્ઠાનનાં ભિન્ન ભિન્ન દર્શનને અભિમત ભિન્ન ભિન્ન પર્યાયવાચી નામો :-**

ભિન્ન ભિન્ન દર્શનકારો અસંગઅનુષ્ઠાનને ભિન્ન ભિન્ન નામ વડે સ્વદર્શનમાં જણાવે છે, તે પ્રસ્તુત શ્લોકમાં જણાવે છે. જે આ પ્રમાણે –

**(૧) प्रशांतवाहिता :-** પ્રભાદૃષ્ટિવાળા યોગીઓ સર્વથા સંગરહિત થઈને ધ્યાનમાં સહજ પ્રવર્તતા હોય છે, ત્યારે ચિત્તમાં કષાયોનો અત્યંત ઉપશમભાવ વર્તતો હોય છે, તેથી તેમનો ચિત્તનો પ્રવાહ પ્રશાંતવાહિતાવાળો છે. તેને સામે રાખીને સાંખ્યદર્શનવાળા યોગીઓ અસંગઅનુષ્ઠાનને પ્રશાંતવાહિતા કહે છે.

**(૨) विसभागपरिक्षयः :-** સંગના કારણે ચિત્તનો પ્રવાહ જે વિસદૃશ વર્તે છે, તે વિસભાગ છે, અને તેનો ક્ષય તે વિસભાગપરિક્ષય. તેથી અસંગભાવવાળા ચિત્તનો સદૃશ પ્રવાહ સતત વર્તે તેવી જે ચિત્તની અવસ્થા, તે વિસભાગપરિક્ષય છે.

આશય એ છે કે ચિત્તનો પ્રવાહ ભિન્ન ભિન્ન વિષયોને સ્પર્શે છે, ત્યારે વિસભાગ સંતતિ વર્તે છે, અને પ્રભાદૃષ્ટિવાળા યોગીઓ અસંગભાવમાં હોય છે, તેથી ચિત્તનો પરિણામ વિસભાગના પરિક્ષયવાળો હોય છે અર્થાત્ એક સદૃશ જ ચિત્તની પરિણતિ વર્તે છે, જે પૂર્વપૂર્વ કરતાં વિશુદ્ધ-વિશુદ્ધતર જીવના પરિણામરૂપ છે. તેથી બૌદ્ધો અસંગઅનુષ્ઠાનને વિસભાગપરિક્ષય કહે છે.

બૌદ્ધ મતાનુસાર દરેક પદાર્થ પ્રતિક્ષણ વિનશ્વર છે, તોપણ ઉત્તરમાં પોતાના સદૃશ સંતાનને ઉત્પન્ન કરે છે, ત્યારે સભાગ સંતતિ વર્તે છે; અને જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસદૃશ સંતાનને ઉત્પન્ન કરે છે, ત્યારે વિસભાગ સંતતિ ઉત્પન્ન થાય છે; અને પ્રભાદૃષ્ટિમાં ચિત્તની સંતતિ વિશુદ્ધ-વિશુદ્ધતર સદૃશ સંતાનને ઉત્પન્ન કરે છે, તેથી વિસભાગના પરિક્ષયવાળી હોવાથી સભાગ સંતતિ વર્તે છે.

(૩) **शिववर्त्म** :- શિવવર્ત્મ=શિવમાર્ગ. શિવ એટલે ઉપદ્રવ વગરની અવસ્થા= મોક્ષ. તેનો જે માર્ગ એ શિવવર્ત્મ છે. શૈવદર્શનવાળા અસંગઅનુષ્ઠાનને શિવમાર્ગ કહે છે.

(૪) **ध्रुवाध्वा** :- ધ્રુવઅધ્વા=ધ્રુવ અવસ્થાનો માર્ગ. આત્માની સર્વકર્મરહિત અવસ્થા તે ધ્રુવ અવસ્થા છે. તેની પ્રાપ્તિનો માર્ગ તે ધ્રુવઅધ્વા છે. મહાવ્રતિકો અસંગઅનુષ્ઠાનને ધ્રુવઅધ્વા કહે છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭માં કહ્યું કે પ્રભાદૃષ્ટિ સત્પ્રવૃત્તિપદાવહ છે. ત્યારપછી શ્લોક-૨૧માં પ્રભાદૃષ્ટિમાં વર્તતું સત્પ્રવૃત્તિપદ શું છે ? તે બતાવ્યું, અને સત્પ્રવૃત્તિપદને જુદા જુદા દર્શનકારો જુદાં જુદાં નામોથી કહે છે, તે શ્લોક-૨૨માં બતાવ્યું; અને શ્લોક-૨૨માં કહ્યું કે અસંગઅનુષ્ઠાનરૂપ સત્પ્રવૃત્તિપદને સાંખ્યદર્શનવાળા પ્રશાંતવાહિતા કહે છે. તેથી હવે શ્લોક-૨૩ થી ૨૫ સુધીમાં સાંખ્યદર્શનના મત પ્રમાણે પ્રશાંતવાહિતાની પ્રાપ્તિના નિરોધ, સમાધિ અને એકાગ્રતા કારણ છે અર્થાત્ પ્રશાંતવાહિતા પ્રત્યે નિરોધ કારણ છે, અને પ્રશાંતવાહિતાને અતિશય કરવા માટે સમાધિ કારણ છે, અને સમાધિ પ્રત્યે એકાગ્રતા કારણ છે, તે બતાવવા અર્થે, અને પ્રભાદૃષ્ટિવાળા યોગીઓ નિરોધ, સમાધિ અને એકાગ્રતામાં કેવી રીતે યત્ન કરે છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**प्रशान्तवाहिता वृत्तेः संस्कारात् स्यान्निरोधजात् ।**
**प्रादुर्भावतिरोभावौ तद्व्युत्थानजयोरयम् ।।२३।।**
**सर्वार्थतैकाग्रतयोः समाधिस्तु क्षयोदयौ ।**
**तुल्यावेकाग्रता शान्तोदितौ च प्रत्ययाविह ।।२४।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

इह=અહીં=અધિકૃત દર્શનના મતમાં અર્થાત્ સાંખ્યદર્શનના મતમાં वृत्तेः निरोधजात् संस्कारात्=વૃત્તિના નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી प्रशान्तवाहिता स्यात्=પ્રશાંતવાહિતા થાય. तद्व्युत्थानजयोः प्रादुर्भावतिरोभावौ=નિરોધથી ઉત્પન્ન થયેલા અને વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો પ્રાદુર્ભાવ અને તિરોભાવ= નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો પ્રાદુર્ભાવ, અને વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો તિરોભાવ अयम्=આ=નિરોધ છે.

तु=વળી सर्वार्थतैकाग्रतयोः=સર્વાર્થતાનો અને એકાગ્રતાનો क्षयोदयौ समाधिः= ક્ષય અને ઉદય સમાધિ છે અર્થાત્ સર્વાર્થતાનો ક્ષય અને એકાગ્રતાનો ઉદય સમાધિ છે, च=અને तुल्यौ शान्तोदितौ प्रत्ययौ=સદૃશ એવા શાંત અને ઉદિત પ્રત્યયો एकाग्रता=એકાગ્રતા છે. ॥૨૩-૨૪॥

**શ્લોકાર્થ :-**

**અહીં=અધિકૃત સાંખ્યદર્શનના મતમાં વૃત્તિના નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી પ્રશાંતવાહિતા થાય. નિરોધથી ઉત્પન્ન થયેલા અને વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો આવિર્ભાવ અને તિરોભાવ આ=નિરોધ છે.**

**વળી સર્વાર્થતાનો અને એકાગ્રતાનો ક્ષય અને ઉદય સમાધિ છે, અને સદૃશ એવા શાંત અને ઉદિત પ્રત્યયો એકાગ્રતા છે. ॥૨૩-૨૪॥**

**શ્લોક :-**

अस्यां व्यवस्थितो योगी त्रयं निष्पादयत्यदः ।
ततश्चेयं विनिर्दिष्टा सत्प्रवृत्तिपदावहा ।।२५।।

**અન્વયાર્થ :-**

अस्यां=આમાં=પ્રભાદૃષ્ટિમાં व्यवस्थितो योगी=વ્યવસ્થિત એવો યોગી अदः त्रयं=આ ત્રણ=નિરોધ, સમાધિ અને એકાગ્રતારૂપ આ ત્રણ, निष्पादयति= નિષ્પાદન કરે છે=સાધે છે, ततश्च=અને તેથી अयं=આ=પ્રભાદૃષ્ટિ सत्प्रवृत्ति- पदावहा=સત્પ્રવૃત્તિપદને વહન કરનારી છે. ॥૨૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**આમાં=પ્રભાદષ્ટિમાં, વ્યવસ્થિત એવો યોગી આ ત્રણ=નિરોધ, સમાધિ અને એકાગ્રતા એ ત્રણ સાધે છે, અને તેથી આ=પ્રભાદષ્ટિ, સત્પ્રવૃત્તિપદને વહન કરનારી છે. ।।૨૫।।**

**નોંધ :-** શ્લોક-૨૪ના અંતે 'इह' શબ્દ છે, તેનો શ્લોક-૨૪ની ટીકામાં અર્થ કરતાં કહ્યું કે इह=अधिकृतदर्शने અર્થાત્ અહીં=અધિકૃત દર્શનમાં અને તે અધિકૃત દર્શન એટલે સત્પ્રવૃત્તિપદને પ્રશાંતવાહિતા કહેનાર સાંખ્યદર્શન છે, અને તે સાંખ્યદર્શનમાં પ્રશાંતવાહિતા ચિત્તની વૃત્તિઓના નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી થાય છે, તે શ્લોક-૨૩ના પૂર્વાર્ધમાં બતાવેલ છે; અને નિરોધ શું છે ? તે શ્લોક-૨૩ના ઉત્તરાર્ધમાં બતાવેલ છે. પ્રશાંતવાહિતાને અતિશય કરવા માટે સમાધિ આવશ્યક છે, તેથી શ્લોક-૨૪ના પૂર્વાર્ધમાં સમાધિનું સ્વરૂપ બતાવ્યું, અને સમાધિના સ્વરૂપમાં એકાગ્રતાનો પ્રવેશ છે, તેથી સમાધિ માટે એકાગ્રતા આવશ્યક છે, તેથી શ્લોક-૨૪ના ઉત્તરાર્ધમાં એકાગ્રતાનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી પ્રભાદષ્ટિમાં રહેલા યોગી નિરોધ, સમાધિ અને એકાગ્રતામાં યત્ન કરીને સત્પ્રવૃત્તિપદની પ્રાપ્તિરૂપ પ્રશાંતવાહિતાને સાધે છે, તે શ્લોક-૨૫માં સ્પષ્ટ કરે છે.

**શ્લોક-૨૩ની ટીકા :-**

**प्रशान्तेति-प्रशान्तवाहिता परिहृतविक्षेपतया सदृशप्रवाहपरिणामिता, वृत्तेः= वृत्तिमयस्य चित्तस्य, निरोधजात् संस्कारात् स्यात्, तदाह -** "तस्य प्रशान्तवाहिता संस्कारात्" [३-१०], **कोऽयं निरोध एवेत्यत आह-तद्व्युत्थानजयोः=निरोधज-व्युत्थानजयोः संस्कारयोः प्रादुर्भावतिरोभावौ वर्तमानाध्वाभिव्यक्तिकार्यकरणा-सामर्थ्यावस्थानलक्षणौ अयं=निरोधः, चलत्वेऽपि गुणवृत्तस्योक्तोभयक्षय(स्य) वृत्तित्वान्वयेन चित्तस्य तथाविधस्थैर्यमादाय निरोधपरिणामशब्दव्यवहारात्, तदुक्तं -** "व्युत्थाननिरोधसंस्कारयोरभिभवप्रादुर्भावौ निरोधक्षणचित्तान्वयो निरोधपरिणामः" [३-९] इति ।।२३।।

**શ્લોક-૨૩નો ટીકાર્થ :-**

**प्रशान्तवाहिता ..... (पा.यो.सू. ३-९) ।। પરિહૃતવિક્ષેપપણું હોવાને કારણે સદૃશ પ્રવાહની પરિણામિતા=ચિત્તવૃત્તિમાં વિક્ષેપનો પરિહાર થયેલો હોવાને કારણે ચિત્તમાં સદૃશ પ્રવાહનો પરિણામ, પ્રશાંતવાહિતા છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રશાંતવાહિતા શેનાથી થાય છે ? તે બતાવે છે –

**વૃત્તિના=વૃત્તિમય ચિત્તના, નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી થાય છે=પ્રશાંતવાહિતા થાય છે.**

**તેને કહે છે=પ્રશાંતવાહિતા શેનાથી થાય છે ? તેને પાતંજલ યોગસૂત્ર-૩-૧૦માં કહે છે –**

"તેના=ચિત્તના, સંસ્કારથી=નિરોધના સંસ્કારથી, પ્રશાન્તવાહિતા થાય છે."

શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે –

**આ નિરોધ જ શું છે ? એથી કહે છે –**

**તેનાથી અને વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા એવા=નિરોધથી ઉત્પન્ન થયેલા અને વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા એવા, સંસ્કારોના વર્તમાન અધ્વની=વર્તમાન ક્ષણની, અભિવ્યક્તિ=પ્રાદુર્ભાવ અને કાર્ય કરવામાં અસામર્થ્યરૂપ અવસ્થાન સ્વરૂપ=તિરોભાવ, આ=નિરોધ, છે અર્થાત્ ચિત્તની વર્તમાન ક્ષણમાં નિરોધના સંસ્કારની અભિવ્યક્તિરૂપ નિરોધના સંસ્કારનો પ્રાદુર્ભાવ અને વ્યુત્થાનના સંસ્કારોનું કાર્ય કરવામાં અસમર્થ અવસ્થારૂપ વ્યુત્થાનના સંસ્કારોનો તિરોભાવ તે નિરોધ છે.**

પૂર્વમાં નિરોધનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં પ્રશ્ન થાય કે સાત્ત્વિક, રાજસી અને તામસી ગુણવૃત્તિવાળું ચિત્ત હંમેશાં ચલ છે. તેથી ચિત્ત નિરુદ્ધ છે, તેમ કેમ કહી શકાય ? તેથી પ્રશાંતવાહિતાકાળમાં વર્તતા ચિત્તમાં નિરોધ શબ્દનો વ્યવહાર કેમ છે ? તેમાં હેતુ બતાવે છે –

**ગુણવૃત્તિવાળા એવા ચિત્તનું ચલપણું હોવા છતાં પણ, કહેવાયેલા ઉભયના=પૂર્વમાં કહેલા નિરોધના સંસ્કારના અને વ્યુત્થાનના સંસ્કારના, વૃત્તિપણાનો અન્વય હોવાને કારણે=નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારના પ્રાદુર્ભાવનો અને વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારોના તિરોભાવનો ચિત્તમાં વર્તવાપણાનો અન્વય હોવાને કારણે, ચિત્તના તેવા પ્રકારના સ્થૈર્યને ગ્રહણ કરીને=નિરોધના સંસ્કારના પ્રાદુર્ભાવરૂપ અને વ્યુત્થાનના સંસ્કારના તિરોભાવરૂપ સ્થૈર્યને ગ્રહણ કરીને, નિરોધપરિણામ શબ્દનો વ્યવહાર છે=ચિત્તમાં નિરોધપરિણામ છે, એ પ્રકારના શબ્દનો પ્રયોગ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તે કહેવાયું છે=શ્લોકમાં બતાવ્યું તે નિરોધનું સ્વરૂપ 'પાતંજલ યોગસૂત્ર'-૩-૯માં કહેવાયું છે –**

"વ્યુત્થાન અને નિરોધના સંસ્કારોનો અભિભવ અને પ્રાદુર્ભાવ, અને નિરોધક્ષણવાળા ચિત્તનો અન્વય, નિરોધ પરિણામ છે."

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૨૩॥**

**નોંધ :-** શ્લોક-૨૩ની ટીકામાં 'चलत्वेऽपि गुणवृत्तस्य' પછી उक्तोभयक्षयवृत्तित्वान्वयेन શબ્દ છે, ત્યાં 'उक्तोभयस्य वृत्तित्त्वान्वयेन' એ પ્રમાણેનો પાઠ હોવાની સંભાવના લાગે છે, તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

✤ 'चलत्वेऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે ગુણવૃત્ત એવા ચિત્તનું ચલપણું ન હોય તો તો નિરોધપરિણામ શબ્દનો વ્યવહાર થાય, પરંતુ ગુણવૃત્ત એવા ચિત્તનું ચલપણું હોવા છતાં પણ તેવા પ્રકારના સ્થૈર્યને ગ્રહણ કરી નિરોધપરિણામ શબ્દનો વ્યવહાર થાય છે.

## શ્લોક-૨૩નો ભાવાર્થ :-

**પ્રશાંતવાહિતાનું સ્વરૂપ :-** સાંખ્યદર્શન અસંગઅનુષ્ઠાનને પ્રશાંતવાહિતા કહે છે, અને પ્રશાંતવાહિતાનો અર્થ કરે છે કે ચિત્તમાં વિક્ષેપોનો પરિહાર થાય ત્યારે સદૃશ પ્રવાહનો પરિણામ વર્તે તે પ્રશાંતવાહિતા છે.

તેથી એ પ્રાપ્ત થાય કે 'આ પદાર્થ મને ઇષ્ટ છે, આ પદાર્થ મને અનિષ્ટ છે', એવી બુદ્ધિને કારણે ઇષ્ટ પ્રત્યેનો પક્ષપાત અને અનિષ્ટ પ્રત્યેનો દ્વેષ કરાવે તેવા વિકલ્પો જીવમાં થાય છે, અને તે સર્વ વિકલ્પોનો પરિહાર થાય ત્યારે જીવમાં નિર્વિકલ્પ દશા પ્રગટે છે. નિર્વિકલ્પદશાકાળમાં જ્ઞેયનું જ્ઞાન થાય એટલો જ્ઞાનનો ઉપયોગ વર્તે છે, તેથી જ્ઞેયના બોધસ્વરૂપ જ્ઞાનનો પ્રવાહ વર્તે છે, અને તે જ્ઞાનનો પ્રવાહ જ્ઞેયના બોધસ્વરૂપ સર્વકાળમાં સદૃશ છે, તે પ્રશાંતવાહિતા છે.

**નિરોધનું સ્વરૂપ :-** જીવમાં વ્યુત્થાનદશા=બાહ્યદશા વર્તે છે, તેથી વ્યુત્થાનના=બાહ્યદશાના સંસ્કારોનો પ્રવાહ ચાલતો હોય છે. આ વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારોના પ્રવાહના નિરોધ માટે યોગીઓ શાસ્ત્રવચનાનુસાર સદનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરે છે, જે ચિત્તનો નિરોધ કરવાની ક્રિયા છે; અને આ નિરોધ કરવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાથી આત્મામાં નિરોધના સંસ્કારો ઉત્પન્ન થાય છે; અને તે સંસ્કારો જ્યારે ઘનિષ્ઠ થાય છે, ત્યારે વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારો તિરોભાવ પામે છે અને નિરોધના સંસ્કારો પ્રાદુર્ભાવ પામે છે; તેથી યોગીનું ચિત્ત નિરોધવાળું બને છે અર્થાત્ તે યોગીના ચિત્તમાં વ્યુત્થાનના સંસ્કારો નષ્ટપ્રાય હોવાથી તે સંસ્કારો કાર્ય કરવામાં સામર્થ્ય વગરના થયેલા હોય છે, અને નિરોધના સંસ્કારો અભિવ્યક્ત થયેલા હોય છે, તેથી નિરુદ્ધદશાવાળું ચિત્ત છે. માટે આત્મામાં પ્રશાંતવાહિતાનો પ્રવાહ ચાલે છે.

અહીં વિશેષ એ છે કે સાંખ્યદર્શન પ્રમાણે ચિત્ત સાત્ત્વિક, રાજસિક અને તામસિક વૃત્તિવાળું છે; અને ચિત્તમાં જ્યારે સાત્ત્વિક પ્રકૃતિ અધિક હોય, ત્યારે તામસિક અને રાજસિક પ્રકૃતિ ગૌણ બને છે, અને જ્યારે રાજસિક પ્રવૃત્તિ અધિક હોય ત્યારે સાત્ત્વિક અને તામસિક પ્રકૃતિ ગૌણ બને છે, અને જ્યારે તામસિક પ્રકૃતિ અધિક હોય ત્યારે સાત્ત્વિક અને રાજસિક પ્રકૃતિ ગૌણ બને છે; અને ચિત્તની આ વૃત્તિઓ ચલ છે, તેથી ગુણવૃત્તિવાળું ચિત્ત ચલસ્વભાવવાળું છે.

વળી, જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે દ્રવ્યચિત્ત પુદ્ગલાત્મક છે, અને સંસારી જીવો દ્રવ્યચિત્તને અવલંબીને મતિજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તાવે છે, જે ઉપયોગ ભાવચિત્તરૂપ છે; અને તે મતિજ્ઞાનના ઉપયોગરૂપ ભાવચિત્ત રાગથી, દ્વેષથી કે સત્ત્વથી આક્રાંત હોય છે. સંસારી જીવોનું ચિત્ત રાગથી કે દ્વેષથી આક્રાંત હોય ત્યારે સત્ત્વ ગૌણ હોય છે, તેથી તેઓનું ચિત્ત તો ચલ છે જ પરંતુ યોગીઓનું ચિત્ત સત્ત્વને પ્રધાન કરીને, રાગ-દ્વેષને ગૌણ કરીને પ્રવર્તતું હોય છે; ત્યારે પણ મતિજ્ઞાનના ઉપયોગસ્વરૂપ ચલ ચિત્ત છે; કેમ કે મતિજ્ઞાનનો ઉપયોગ મનનરૂપે વર્તે છે, તેથી ધ્યાનઅવસ્થામાં પણ રહેલા યોગીનું ચિત્ત નિરુદ્ધ છે, એમ કહી શકાય નહીં. આવી શંકાને સામે રાખીને ખુલાસો કરે છે કે અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓનું ચિત્ત ગુણવૃત્તિની અપેક્ષાએ ચલ હોવા છતાં, વ્યુત્થાનદશાના સંસ્કારો તિરોધાન પામેલા છે અને નિરોધના સંસ્કારો પ્રાદુર્ભાવ પામેલા છે, તે અપેક્ષાએ સ્થિરભાવવાળું છે; અને તેને આશ્રયીને અસંગ-અનુષ્ઠાનવાળા યોગીઓનું ચિત્ત નિરોધપરિણામવાળું છે, તે પ્રકારનો વ્યવહાર છે.

વસ્તુતઃ કેવળજ્ઞાનમાં આત્મા સંપૂર્ણ સ્થિરઅવસ્થાવાળા જ્ઞાનના ઉપયોગવાળો છે, પરંતુ જ્યાં સુધી મતિજ્ઞાનનો ઉપયોગ છે, ત્યાં સુધી તે ઉપયોગ ચલસ્વભાવવાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે; છતાં મોહના વિકલ્પો નિરુદ્ધ થયેલા છે, તે અપેક્ષાએ અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓનું ચિત્ત નિરોધવાળું છે, તેમ કહેલ છે. **॥૨૩॥**

**શ્લોક-૨૪ની ટીકા :-**

**सर्वार्थतेति-सर्वार्थता=चलत्वान्नानाविधार्थग्रहणं चित्तस्य विक्षेपो धर्म, एकाग्रता=एकस्मिन्नेवालंबने सदृशपरिणामिता, तयोः क्षयोदयौ तु अत्यन्ताभिभवाभिव्यक्तिलक्षणौ समाधिः=उद्रिक्तसत्त्वचित्तान्वयितयाऽवस्थितः समाधिपरिणामोऽभिधीयते, यदुक्तं-** "सर्वार्थतैकाग्रतयोः क्षयोदयौ चित्तस्य समाधिपरिणामः" [३-११], **इति पूर्वत्र विक्षेपस्याभिभवमात्रं, इह त्वत्यन्ताभिभवो=अनुत्पत्तिरूपोऽतीताध्वप्रवेश, इत्यनयोर्भेदः, इह=अधिकृतदर्शने । तुल्यौ=एकरूपालम्बनत्वेन सदृशौ, शान्तोदितौ अतीताध्वप्रविष्टवर्तमानाध्वस्फुरितलक्षणौ च प्रत्ययौ एकाग्रता उच्यते समाहितचित्तान्वयिनी, तदुक्तं -** "शान्तोदितौ हि तुल्यप्रत्ययौ चित्तस्यैकाग्रतापरिणामः" [३-१२] ।।२४।।

**શ્લોક-૨૪નો ટીકાર્થ :-**

**सर्वार्थता ..... परिणामः । ચલપણું હોવાને કારણે જુદા જુદા પ્રકારના અર્થના ગ્રહણરૂપ ચિત્તનો વિક્ષેપધર્મ સર્વાર્થતા છે, એક જ આલંબનમાં સદૃશ પરિણામિતા એકાગ્રતા છે. તે બેનો=સર્વાર્થતા અને એકાગ્રતાનો, વળી ક્ષય અને ઉદય=અત્યંત અભિભવરૂપ ક્ષય અને અભિવ્યક્તિસ્વરૂપ ઉદય અર્થાત્ સર્વાર્થતાના અત્યંત અભિભવરૂપ ક્ષય, અને એકાગ્રતાની અભિવ્યક્તિસ્વરૂપ ઉદય, સમાધિ કહેવાય છે=ઉદ્રિક્તસત્ત્વચિત્ત-અન્વયીપણાવડે અવસ્થિત=ઉદ્રેક પામેલા સાત્ત્વિક ચિત્તના અન્વયીભાવ વડે અવસ્થિત, એવો સમાધિપરિણામ કહેવાય છે.**

**જે કારણથી કહેવાયું છે=જે કારણથી પાતંજલ યોગસૂત્ર-૩-૧૧માં કહેવાયું છે –**

"સર્વાર્થતા અને એકાગ્રતાનો ક્ષય અને ઉદય ચિત્તનો સમાધિપરિણામ છે." **'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે પૂર્વશ્લોક-૨૩માં નિરોધનું સ્વરૂપ બતાવ્યું, અને પ્રસ્તુત શ્લોક-૨૪માં સમાધિનું સ્વરૂપ બતાવ્યું. તે બેમાં શું ભેદ છે ? એથી કહે છે -

**'पूर्वत्र ..... ऽत्यनयोर्भेदः' પૂર્વત્ર=નિરોધમાં, વિક્ષેપનો અભિભવમાત્ર છે, અને અહીં=સમાધિમાં વળી અનુત્પત્તિરૂપ અતીત અધ્વમાં પ્રવેશ અત્યંત અભિભવ અર્થાત્ વિક્ષેપનો અત્યંત અભિભવ છે. એથી આ બેનો=નિરોધ અને સમાધિનો ભેદ છે.**

'इह=अधिकृतदर्शने' શ્લોક-૨૪ના અંતે 'इह' શબ્દ છે, જેનો અન્વય શ્લોક-૨૩-૨૪ સાથે છે. તેનો અર્થ આ પ્રમાણે છે –

**इह=અધિકૃત દર્શનમાં=સાંખ્યદર્શન મતમાં, પ્રશાંતવાહિતા, નિરોધ, સમાધિ અને એકાગ્રતાનું સ્વરૂપ શ્લોક-૨૩-૨૪માં બતાવ્યું, એ પ્રમાણે છે, એમ અન્વય છે.**

**तुलयावेक ..... परिणामः સમાહિત-ચિત્ત-અન્વયી=સમાધિવાળા ચિત્તમાં અન્વયી, તુલ્ય એવા=એકરૂપ આલંબનપણા વડે સદૃશ એવા, શાંતઉદિત પ્રત્યયો=અતીત અધ્વપ્રવિષ્ટ અર્થાત્ અતીત ક્ષણ પ્રવિષ્ટ અને વર્તમાન અધ્વ સ્ફુરિત અર્થાત્ વર્તમાન ક્ષણમાં સ્ફુરિત રૂપ, શાંતઉદિત પ્રત્યયો, એકાગ્રતા કહેવાય છે.**

**તે કહેવાયું છે=એકાગ્રતાનું લક્ષણ પાતંજલ યોગસૂત્ર-૩-૧૨માં કહેવાયું છે –**

"ચિત્તના શાન્ત-ઉદિત તુલ્ય પ્રત્યયો એકાગ્રતા પરિણામ છે."

**ભાવાર્થ :-**

પ્રશાંતવાહિતા નિરોધથી થાય છે, તે શ્લોક-૨૩માં બતાવ્યું. તેથી જિજ્ઞાસા થાય કે નિરોધ શું છે ? તેથી શ્લોક-૨૩ના ઉત્તરાર્ધમાં નિરોધનું સ્વરૂપ બતાવ્યું. હવે નિરોધથી પ્રગટ થયેલી પ્રશાંતવાહિતાને અતિશય કરનાર સમાધિનું સ્વરૂપ બતાવે છે –

**સમાધિનાં બે અંગો છે : (૧) સર્વાર્થતાનો ક્ષય, અને (૨) એકાગ્રતાનો ઉદય.**

**(૧) સર્વાર્થતા :-** સર્વાર્થતા એટલે ચિત્તનું ચલપણું હોવાને કારણે જુદા જુદા પ્રકારના અર્થોને ચિત્ત જે ગ્રહણ કરે છે તે સર્વાર્થતા છે, અને ચિત્તનો આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિક્ષેપધર્મ છે અર્થાત્ વિક્ષિપ્ત થયેલું ચિત્ત ઘડીક આ અર્થને ગ્રહણ કરે તો ઘડીક અન્ય અર્થને ગ્રહણ કરે છે. આ પ્રકારે સર્વ અર્થને ગ્રહણ કરવું એવો ચિત્તનો જે ધર્મ છે, તે સર્વાર્થતા છે. તેથી એ ફલિત થાય કે ચિત્ત સર્વાર્થ છે અને ચિત્તમાં સર્વાર્થતા છે.

(૨) **એકાગ્રતા :-** એકાગ્રતા એટલે એક આલંબનમાં સદૃશ પરિણામિતા અર્થાત્ એક વસ્તુને આલંબન કરીને ચિત્તમાં એક સરખો પરિણામ ધારણ કરવો એ એકાગ્રતા છે. આનાથી એ ફલિત થાય કે સદૃશ પરિણામવાળું ચિત્ત એકાગ્ર છે અને ચિત્તમાં એકાગ્રતા છે.

જ્યારે સાધક યત્નપૂર્વક સર્વાર્થતાનો ક્ષય કરે અને એકાગ્રતાનો ઉદય કરે ત્યારે ચિત્ત સમાધિવાળું થાય છે.

સર્વાર્થતાનો ક્ષય શું છે ? તે સ્પષ્ટ કરે છે –

સર્વાર્થતાનો અત્યંત અભિભવ તે ક્ષય છે.

એકાગ્રતાનો ઉદય શું છે ? તે સ્પષ્ટ કરે છે –

એકાગ્રતાની ચિત્તમાં અભિવ્યક્તિ=ચિત્તમાં એકાગ્રતા પ્રગટ થઈ, તે એકાગ્રતાનો ઉદય છે.

સમાધિ વખતે સાધકના ચિત્તમાં સર્વાર્થતાનો ક્ષય અને એકાગ્રતાનો ઉદય વર્તે છે, અને તે વખતે ઉદ્રિક્ત સત્ત્વવાળું ચિત્ત અન્વયીરૂપે અવસ્થિત છે=ચિત્તના સાત્ત્વિક, રાજસિક અને તામસિક ધર્મમાંથી સાત્ત્વિક ધર્મ ઉદ્રેક પામે છે, અને તેવું સાત્ત્વિકધર્મવાળું ચિત્ત સર્વાર્થતાના ક્ષય અને એકાગ્રતાના ઉદયમાં અન્વયીપણારૂપે અવસ્થિત છે, તે સમાધિનો પરિણામ કહેવાય છે.

આનાથી એ ફલિત થાય કે જેમ સુવર્ણના કુંડળમાંથી મુગટ બનાવાય છે, ત્યારે કુંડળનો ક્ષય અને મુગટનો ઉદય થાય છે, અને કુંડળના ક્ષય કે મુગટના ઉદયમાં સુવર્ણ અવસ્થિત છે; તેમ સર્વાર્થતાવાળું ચિત્ત જ્યારે એકાગ્રતાવાળું બને છે, ત્યારે સત્ત્વના ઉદ્રેકવાળું ચિત્ત અન્વયી હોય છે. તેથી સત્ત્વના ઉદ્રેકવાળા ચિત્તમાં સર્વાર્થતાનો ક્ષય અને એકાગ્રતાનો ઉદય વર્તે છે, અને તે બંનેમાં સત્ત્વના ઉદ્રેકવાળું ચિત્ત અન્વયી છે, તે સમાધિનો પરિણામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નિરોધ અને સમાધિનો તફાવત :-**

નિરોધમાં વિક્ષેપના સંસ્કારો તિરોભાવ પામેલા હોય છે, પરંતુ તેનો અત્યંત અભિભવ=અત્યંત નાશ નથી હોતો; જ્યારે સમાધિમાં વિક્ષેપના સંસ્કારોનો અત્યંત અભિભવ થાય છે અર્થાત્ ફરી વિક્ષેપના સંસ્કારો ઉત્પન્ન ન થાય, તે રીતે અભિભવ થાય છે.

અત્યંત અભિભવનો અર્થ સ્પષ્ટ કરે છે –

વિક્ષેપનો અતીત અધ્વમાં પ્રવેશ છે=વિક્ષેપવાળું ચિત્ત અતીતકાળનું બન્યું. હવે પછી યોગીનું વિક્ષેપવાળું ચિત્ત ક્યારેય થવાનું નથી. તેથી વિક્ષેપનો અતીત અધ્વમાં પ્રવેશ થયો, તે વિક્ષેપનો અત્યંત અભિભવ છે.

અહીં 'अध्व' શબ્દનો પ્રયોગ કરવાનું તાત્પર્ય એ છે કે ચિત્તના ગમનનો અધ્વ=માર્ગ 'ક્ષણો' છે, જેથી ચિત્ત દરેક ક્ષણમાં જુદા જુદા પદાર્થોને ગ્રહણ કરવામાં પ્રવૃત્ત છે; અને જ્યારે ચિત્તમાં વર્તતો વિક્ષેપ અતીતમાર્ગમાં પ્રવેશ કરે=ચિત્તની અતીત ક્ષણરૂપ માર્ગમાં પ્રવેશ કરે, ત્યારે વિક્ષેપનો અત્યંત અભિભવ કહેવાય.

તેથી એ ફલિત થાય કે સમાધિવાળું ચિત્ત થયા પછી હવે પછી વિક્ષેપવાળું ચિત્ત ક્યારેય થવાનું નથી; જ્યારે નિરોધમાં તો વિક્ષેપના સંસ્કારોનો તિરોભાવ હોવાને કારણે સામગ્રી મળે તો ફરી વિક્ષેપ થાય, અને સામગ્રી ન મળે તો ન પણ થાય, જ્યારે સમાધિમાં તો વિક્ષેપના સંસ્કારો નાશ પામેલા છે,

સમાધિકાળમાં સર્વાર્થતાનો ક્ષય થાય છે અને એકાગ્રતાનો ઉદય થાય છે. તેથી એકાગ્રતા શું છે ? તે સ્પષ્ટ કરે છે –

**એકાગ્રતા પરિણામનું સ્વરૂપ :-**

ચિત્ત જ્યારે કોઈ પદાર્થ ઉપર વિચાર કરતું હોય છે ત્યારે પૂર્વનો વિચાર શાંત થાય છે અને વર્તમાનનો વિચાર ઉદિત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વનો વિચાર અતીત અધ્વમાં પ્રવિષ્ટ થયો તે પૂર્વનો વિચાર શાંત થયો કહેવાય; અને વર્તમાનમાં કરાતો વિચાર વર્તમાન અધ્વમાં સ્ફુરિત છે, તેથી વર્તમાનનો વિચાર ઉદિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા પ્રકારનું જે જ્ઞાન છે તે શાંત-ઉદિત-પ્રત્યયવાળું છે, અને આવું જ્ઞાન સર્વ જીવોને સદા વર્તતું હોય છે; કેમ કે કોઈ એક પદાર્થનું જ્ઞાન કરે છે ત્યારે પૂર્વના જ્ઞાનનો વિચાર શાંત થાય છે, અને વર્તમાનમાં જે જ્ઞાનનો ઉપયોગ છે, તે સ્ફુરિત થાય છે; પરંતુ જ્યારે એકરૂપ આલંબનથી શાંત-ઉદિત પ્રત્યય થાય છે, ત્યારે એકાગ્રતા હોય છે અર્થાત્ કોઈ એક વસ્તુ ઉપર ચિત્તને સ્થાપિત કરીને પૂર્વનો ઉપયોગ શાંત થાય અને વર્તમાનનો ઉપયોગ ઉદિત થાય, ત્યારે તે ચિત્ત એકાગ્ર કહેવાય, અને તે ચિત્તમાં એકાગ્રતા રહે છે; અને આ એકાગ્રતા સંસારી જીવોને રાગાદિથી પદાર્થને જોતા હોય ત્યારે પણ હોઈ શકે. તેની વ્યાવૃત્તિ માટે કહે છે કે સમાહિત ચિત્તમાં અન્વયવાળી એકાગ્રતા અહીં ગ્રહણ કરવાની છે.

તેથી એ ફલિત થાય કે સર્વાર્થતાના પરિણામોનો અત્યંત અભિભવ થાય, અને કોઈ એક વસ્તુનું આલંબન કરીને તદ્વિષયક ચિત્ત એકાગ્રપરિણામવાળું હોય, અને તે વખતે ચિત્તમાં સમાધિનો પરિણામ અન્વયી હોય, તેવી એકાગ્રતા અહીં ગ્રહણ કરવાની છે; અને આવી એકાગ્રતા સમાધિકાળમાં વર્તતી હોય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવોમાં આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનકાળમાં જે એકાગ્રતા આવે છે, તે એકાગ્રતામાં સર્વાર્થતાનો ક્ષય નથી; અને સમાધિકાળમાં જે એકાગ્રતા આવે છે, તેમાં સર્વાર્થતાનો ક્ષય છે. આથી જ સંસારી જીવો વિષયોમાં એકાગ્ર થયા પછી ચલચિત્તવાળા થાય છે ત્યારે, સર્વ પદાર્થોમાં ચિત્ત ભટકતું હોય છે; અને સમાધિકાળમાં જે એકાગ્રતા આવે છે, તે વખતે સર્વાર્થતાનો અત્યંત ક્ષય થયેલો હોય છે, તેથી સમાધિવાળું ચિત્ત સદા સર્વાર્થતાના પરિણામ વગરનું બને છે.

**સંક્ષેપ :–**

(૧) સંસારી જીવોની વિષયોમાં વર્તતી એકાગ્રતા વખતે વિક્ષેપનો અભિભવ નથી, (૨) યોગીઓ જ્યારે ચિત્તનો નિરોધ કરે છે, ત્યારે વિક્ષેપનો તિરોભાવ છે અને (૩) યોગીઓ જ્યારે સમાધિ પ્રાપ્ત કરે છે, ત્યારે વિક્ષેપનો અત્યંત અભિભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

न चैवमन्वयव्यतिरेकवद्वस्त्वसम्भवः, यतोऽन्यत्रापि धर्मलक्षणावस्थापरिणामा दृश्यन्ते, तत्र धर्मिणः पूर्वधर्मनिवृत्तावुत्तरधर्मोपत्तिर्धर्मपरिणामः, यथा मृल्लक्षणस्य धर्मिणः पिण्डरूपधर्मपरित्यागेन घटरूपधर्मान्तरस्वीकारः, लक्षणपरिणामश्च यथा तस्यैव घटस्यानागताध्वपरित्यागेन वर्तमानाध्वस्वीकारः, तत्परित्यागेन वाऽतीताध्वपरिग्रहः, अवस्थापरिणामश्च यथा तस्यैव घटस्य प्रथमद्वितीययोः क्षणयोः सदृशयोरन्वयित्वेन । चलगुणवृत्तीनां गुणपरिणामानां धर्मीव (धर्मी एव) शान्तोदितेषु शक्तिरूपेण स्थितेषु सर्वत्र सर्वात्मकत्ववदव्यपदेश्यधर्मेषु कथञ्चिद् भिन्नेष्वन्वयी दृश्यते यथा पिण्डघटादिषु मृदेव प्रतिक्षणमन्यान्यत्वाद्विपरिणामान्यत्वं । तत्र केचित्परिणामाः प्रत्यक्षेणैवोपलक्ष्यन्ते यथा सुखादयः संस्थानादयो वा केचिच्चानुमानगम्या यथा कर्म(धर्म)संस्कारशक्तिप्रभृतयः धर्मिणश्च भिन्नाभिन्नरूपतया सर्वत्रानुगम इति न काचिदनुपपत्तिः, तदिदमुक्तं- "एतेन भूतेन्द्रियेषु धर्मलक्षणावस्थापरिणामा व्याख्याताः" [३-१३] शान्तोदिताव्यपदेश्यधर्मानुपाती धर्मी [३-१४] "क्रमान्यत्वं परिणामान्यत्वे हेतुः" इति [३-१५] ।।२४।।

**શ્લોક-૨૪નો ટીકાર્થ :-**

**न चैव ..... अन्वयित्वेन ।। અને આ રીતે=નિરોધનું સ્વરૂપ બતાવ્યું, સમાધિનું સ્વરૂપ બતાવ્યું, એકાગ્રતાનું સ્વરૂપ બતાવ્યું અને તેમાં ચિત્તને અન્વયી રાખ્યું અને ધર્મને વ્યતિરેકથી રાખ્યા એ રીતે, અન્વય-વ્યતિરેકવાળી વસ્તુનો અસંભવ છે એમ ન કહેવું, જે કારણથી અન્યત્ર પણ=ચિત્ત સિવાયના દેખાતા એવા અન્ય ઘટાદિ પદાર્થોમાં પણ, ધર્મ, લક્ષણ અને અવસ્થા પરિણામ=ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ દેખાય છે. તેથી અન્વય-વ્યતિરેકવાળી ઘટાદિ વસ્તુઓ પણ છે, તેમ ચિત્તમાં પણ અન્વય-વ્યતિરેક પરિણામનો સંભવ છે, એમ અન્વય છે.**

ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ બતાવે છે –

**ત્યાં=ધર્મ, લક્ષણ અને અવસ્થાપરિણામમાં,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧) ધર્મપરિણામ :-**

ધર્મીના પૂર્વધર્મની નિવૃત્તિમાં ઉત્તરધર્મની આપત્તિ=પ્રાપ્તિ, ધર્મપરિણામ છે. જેમ મૃદ્સ્વરૂપ એવા ધર્મીનું પિંડરૂપ ધર્મના પરિત્યાગથી ઘટરૂપ ધર્માન્તરનો સ્વીકાર એ ધર્મપરિણામ છે.

**(૨) લક્ષણપરિણામ :-**

જેમ તે જ ઘટના અનાગત અધ્વના પરિત્યાગ દ્વારા=ઘટ થયા પહેલાં ઘટ અનાગત ક્ષણમાં હતો તે અનાગત ક્ષણના પરિત્યાગ દ્વારા, વર્તમાન અધ્વનો સ્વીકાર=ઘટ બન્યો ત્યારે ઘટની વર્તમાન ક્ષણનો સ્વીકાર,

અથવા તેના પરિત્યાગ દ્વારા અતીત અધ્વનો પરિગ્રહ=ઘટના વર્તમાન અધ્વના પરિત્યાગ દ્વારા અતીત અધ્વનો સ્વીકાર, તે લક્ષણ પરિણામ છે.

**(૩) અને અવસ્થાપરિણામ :-**

જેમ સદૃશ એવી પ્રથમ અને દ્વિતીય ક્ષણમાં તે જ ઘટના અન્વયીપણા વડે અવસ્થાપરિણામ છે='ઘટની અવસ્થા સદૃશ છે જેમાં' એવી પ્રથમ અને દ્વિતીય ક્ષણમાં ઘટનું અન્વયીપણું હોવાને કારણે ઘટમાં અવસ્થા-પરિણામ છે.

**ઉત્થાન :-**

અન્વયવ્યતિરેકવાળી વસ્તુનો અસંભવ નથી, તેમાં યુક્તિ આપી કે અન્યત્ર પણ ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ દેખાય છે. માટે નિરોધપરિણામાદિમાં અન્વયવ્યતિરેકવાળી વસ્તુનો સંભવ છે, એમ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે સંસારી જીવોના ચિત્તમાં પણ અન્વય-વ્યતિરેક પરિણામ કઈ રીતે સંભવે છે ? તે બતાવીને નિરોધમાં, સમાધિમાં અને એકાગ્રતામાં અન્વયવ્યતિરેકવાળું ચિત્ત સ્વીકારવામાં કોઈ અનુપપત્તિ નથી, તે બતાવવા અર્થે કહે છે.

**ટીકાર્થ :-**

**चलगुणवृत्तिनां ..... हेतुः" इति ।। કથંચિત્ ભિન્ન એવા=ધર્મી કરતાં કથંચિત્ ભિન્ન એવા, શાંત ધર્મમાં, ઉદિત ધર્મમાં અને સર્વત્ર સર્વાત્મકત્વવાળા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા અવ્યપદેશ્ય ધર્મમાં=વ્યપદેશ ન થઈ શકે એવા શક્તિરૂપે સ્થિત ધર્મમાં, ચલગુણવૃત્તિવાળા એવા ગુણપરિણામોનું ધર્મી જ=ગુણપરિણામોનું ધર્મી એવું ચિત્ત જ, અન્વયી દેખાય છે. જે પ્રમાણે પિંડઘટાદિમાં પ્રતિક્ષણ અન્યઅન્યપણું હોવાથી માટી જ વિપરિણામ અન્યત્વ છે અર્થાત્ માટી જ જુદા જુદા પરિણામને કારણે અન્યત્વરૂપ છે, તે પ્રમાણે શાંત, ઉદિત અને શક્તિરૂપ રહેલા ધર્મોમાં પ્રતિક્ષણ અન્યઅન્યપણું હોવાથી ચિત્તરૂપ ધર્મી વિપરિણામ અન્યત્વ છે, એમ પૂર્વના કથન સાથે સંબંધ છે.

'तत्र' ..... ત્યાં=ચલગુણવૃત્તિવાળા ગુણપરિણામોના ધર્મીમાં, કેટલાક પરિણામો પ્રત્યક્ષથી દેખાય છે, જે પ્રમાણે સુખાદિ અથવા સંસ્થાનાદિ, અને કેટલાક=કેટલાક પરિણામો, અનુમાનગમ્ય છે, જે પ્રમાણે ધર્મસંસ્કાર, શક્તિ વગેરે, અને ભિન્ન ભિન્નરૂપે ધર્મીનો સર્વત્ર અનુગમ છે=ધર્મીનું સર્વત્ર ઘટાદિ બાહ્ય પદાર્થોમાં અને ચલવૃત્તિવાળા ચિત્તાદિમાં અનુસરણ છે. તેથી કોઈ અનુપપત્તિ નથી=નિરોધપરિણામમાં, સમાધિપરિણામમાં અને એકાગ્રતા-પરિણામમાં અન્વયવ્યતિરેકી વસ્તુ સ્વીકારમાં કોઈ અસંગતિ નથી.

તે આ કહેવાયું છે=તે પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે નિરોધપરિણામાદિમાં અન્વયવ્યતિરેકવાળી વસ્તુનો અસંભવ નથી, તે 'પાતંજલ યોગસૂત્ર' ૩-૧૩-૧૪-૧૫ સૂત્રમાં કહેવાયું છે –

"આનાથી=પૂર્વમાં નિરોધપરિણામ, સમાધિપરિણામ અને એકાગ્રપરિણામ બતાવ્યો એનાથી, ભૂત=પાંચ મહાભૂત અને ઈન્દ્રિયોમાં ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ વ્યાખ્યાન કરાયાં." **(પા.યો.સૂ. ૩-૧૩)**

ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામમાં અન્વયી એવા ધર્મીનું સ્વરૂપ બતાવે છે –

"શાંત, ઉદિત અને અવ્યપદેશ્ય એવા ધર્મોમાં અનુપાતી=અનુસરનાર ધર્મી છે." **(પા.યો.સૂ. ૩-૧૪)**

ધર્મીનો અન્ય અન્ય પરિણામ છે, તે બતાવવા અર્થે કહે છે –

"ક્રમઅન્યપણું=ધર્મોના ક્રમનું અન્યપણું, પરિણામના અન્યપણામાં હેતુ છે=અનુમાપક હેતુ છે." **(પા.યો.સૂ. ૩-૧૫)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૨૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

પૂર્વમાં નિરોધનો પરિણામ, સમાધિનો પરિણામ અને એકાગ્રતાનો પરિણામ બતાવ્યો, ત્યાં ચિત્તને અન્વયથી સ્વીકાર્યું અને પ્રાદુર્ભાવ-તિરોભાવાદિરૂપે ધર્મોને સ્વીકાર્યા. એ રીતે ચિત્ત અન્વયવ્યતિરેકવાળું પ્રાપ્ત થયું અર્થાત્ ચિત્ત ચિત્તરૂપે અન્વયી અને તે તે ધર્મોનો ચિત્તમાં વ્યતિરેક=પરસ્પર ભેદ, પ્રાપ્ત થયો. તેથી અન્વય-વ્યતિરેકવાળી વસ્તુની પ્રાપ્તિ થઈ, અને તે અન્વય વ્યતિરેકવાળી વસ્તુનો અસંભવ નથી, તે બતાવવા માટે કહે છે –

જે કારણથી દેખાતા અન્ય ઘટાદિ પદાર્થોમાં પણ ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ દેખાય છે,

તેથી એ પ્રાપ્ત થાય કે ઘટાદિ પદાર્થોમાં ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ દેખાય છે, અર્થાત્ અનુગત કોઈક પદાર્થ દેખાય છે, તેથી જેમ અન્વય-વ્યતિરેકનો સંભવ ઘટાદિ પદાર્થોમાં છે, તેમ નિરોધાદિ પરિણામોમાં પણ અન્વયી ચિત્ત સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

બાહ્ય પદાર્થોમાં વર્તતા ધર્મપરિણામના બળથી અન્વયવ્યતિરેકવાળી વસ્તુ બતાવે છે –

**(૧) ધર્મપરિણામ :-** ધર્મીના પૂર્વધર્મની નિવૃત્તિ થયે છતે ઉત્તરધર્મની પ્રાપ્તિ તે ધર્મીનો ધર્મપરિણામ છે.

જેમ માટીરૂપ ધર્મી પૂર્વમાં પિંડરૂપ હતી, તે પિંડરૂપ ધર્મનો પરિત્યાગ કરીને ઘટરૂપ ધર્માંતરને પ્રાપ્ત કરે છે. તેથી પિંડરૂપ અને ઘટરૂપ ધર્મમાં માટી અન્વયી છે, માટે ધર્મપરિણામના બળથી અન્વય-વ્યતિરેકવાળી વસ્તુ સિદ્ધ થાય છે. તેમ નિરોધાદિ ત્રણ પરિણામોમાં પણ આવિર્ભાવ-તિરોભાવાદિ અવસ્થાઓમાં અન્વયી ચિત્ત સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

હવે બાહ્ય પદાર્થોમાં વર્તતા લક્ષણ પરિણામના બળથી અન્વય-વ્યતિરેકવાળી વસ્તુ બતાવે છે –

**(૨) લક્ષણપરિણામ :-** અન્ય પદાર્થોની વ્યાવૃત્તિ કરનાર લક્ષ્યમાં રહેલો ધર્મ તે લક્ષણ, અને લક્ષ્યમાં તે લક્ષણ આવ્યા પછી બીજી, ત્રીજી આદિ ક્ષણોમાં તે લક્ષણ અનુવૃત્તિરૂપે રહે તો તે લક્ષણપરિણામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ ઘટ ઉત્પન્ન થયો ન હતો ત્યારે તે અનાગત અધ્વમાં હતો, અને જ્યારે ઘટ ઉત્પન્ન થાય છે ત્યારે અનાગત અધ્વના પરિત્યાગથી વર્તમાન અધ્વનો સ્વીકાર કરે છે, તે પ્રથમ ક્ષણનો લક્ષણપરિણામ છે; અને બીજી ક્ષણમાં જો ઘટ નાશ પામે નહીં તો તે લક્ષણપરિણામ બીજી ક્ષણમાં પણ રહે છે ત્યારે, અનાગત અધ્વના પરિત્યાગપૂર્વક પ્રથમ ક્ષણવાળા વર્તમાન ઘટમાં વર્તતો લક્ષણપરિણામ અતીત અધ્વનો સ્વીકાર કરે છે અર્થાત્ બીજી ક્ષણમાં તે પ્રથમ ક્ષણવાળો લક્ષણપરિણામ અતીત ક્ષણવાળો બને છે. આ પ્રકારના પ્રથમ અને દ્વિતીય ક્ષણ લક્ષણપરિણામમાં ઘટના અનુવૃત્તિરૂપે છે. તેથી ઘટ અન્વયી છે અને પ્રથમ ક્ષણના લક્ષણપરિણામનો અને બીજી ક્ષણના લક્ષણપરિણામનો વ્યતિરેક છે=પ્રથમ ક્ષણના લક્ષણપરિણામનો અને બીજી ક્ષણના લક્ષણપરિણામનો પરસ્પર ભેદ છે તે વ્યતિરેક છે તેમ નિરોધાદિ ત્રણ પરિણામોમાં પણ આવિર્ભાવ-તિરોભાવાદિ અવસ્થાઓમાં અન્વયી ચિત્ત સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

હવે બાહ્ય પદાર્થોમાં વર્તતા અવસ્થાપરિણામના બળથી અન્વય-વ્યતિરેકવાળી વસ્તુ બતાવે છે –

**(૩) અવસ્થાપરિણામ :-** અવસ્થાપરિણામ એટલે ઘટ ઉત્પન્ન થયા પછી જે આકારરૂપે અવસ્થિત હોય તે આકારરૂપે જ પછીની ક્ષણોમાં રહે, તો તે ઘટનો અવસ્થાપરિણામ છે.

જેમ કોઈ ઘટ ઉત્પન્ન થયો હોય અને બીજી ક્ષણમાં તે રૂપે જ અવસ્થિત હોય તો ઘટની પ્રથમ અને દ્વિતીય ક્ષણ સદૃશ છે, અને તે બંને સદૃશ અવસ્થાપરિણામમાં અન્વયી ઘટ છે. તેમ નિરોધાદિ ત્રણ પરિણામોમાં પણ આવિર્ભાવ-તિરોભાવાદિ અવસ્થાઓમાં અન્વય-વ્યતિરેક સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

**અવસ્થાપરિણામ અને લક્ષણપરિણામનો તફાવત :-** ઘટની અવસ્થામાં કોઈ પરિવર્તન થાય તો પૂર્વની ઘટની અવસ્થાનો પરિણામ ઉત્તરમાં નથી, આમ છતાં ઘટ ઉત્તરમાં પણ ઘટના લક્ષણવાળો છે. જેમ ઘટમાંથી એકાદ કાંકરી ખરી જાય તો ઘટનું લક્ષણ પૂર્વના ઘટમાં પણ હતું અને ઉત્તરના ઘટમાં પણ છે, પરંતુ અવસ્થાપરિણામ નથી; કેમ કે અવસ્થામાં ફેરફાર થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં વિશેષ એ છે કે માટીરૂપ ધર્મી પિંડરૂપ ધર્મનો ત્યાગ કરીને ઘટરૂપ ધર્માન્તરનો સ્વીકાર કરે છે; તેમ નિરોધમાં ચિત્તરૂપ ધર્મી વ્યુત્થાનના સંસ્કારોરૂપ ધર્મનો ત્યાગ કરીને નિરોધના સંસ્કારોરૂપ ધર્માન્તરનો સ્વીકાર કરે છે; અને માટી પિંડરૂપ ધર્મનો ત્યાગ કરીને ઘટરૂપ ધર્માન્તરનો સ્વીકાર કર્યા પછી ઘટરૂપે અવસ્થિત રહે, તો ઘટમાં લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ વર્તે છે; તેમ ચિત્તરૂપ ધર્મી વ્યુત્થાનના સંસ્કારોરૂપ ધર્મનો ત્યાગ કરીને નિરોધના સંસ્કારોરૂપ ધર્માન્તરનો સ્વીકાર કર્યા પછી નિરોધના સંસ્કારોરૂપે અવસ્થિત રહે તો નિરોધનો પરિણામ વર્તે છે. તે બતાવવા માટે 'પાતંજલ યોગસૂત્ર'માં નિરોધ ન કહેતાં 'નિરોધલક્ષણવાળા ચિત્તનો અન્વય તે નિરોધપરિણામ' એમ કહેલ છે. તેમ સમાધિમાં પણ સમાધિ ન કહેતાં 'ઉદ્રિક્ત સત્ત્વ ચિત્ત અન્વયીપણા વડે અવસ્થિત સમાધિપરિણામ' કહેલ છે, અને એકાગ્રતામાં પણ એકાગ્રતા ન કહેતાં 'સમાહિત ચિત્તમાં અન્વયી એવી એકાગ્રતાને ગ્રહણ કરીને એકાગ્રતા પરિણામ' કહેલ છે.

'चलगुणवृत्तिनां' દરેક સંસારી જીવનું ચિત્ત કોઈક વિચાર કરે છે ત્યારે, પૂર્વનો વિચાર શાંત થાય છે, અને જે વિચાર કરે છે તે ઉદિત છે, અને જે વિચારો અત્યારે નથી, તે વિચારો શક્તિરૂપે અવસ્થિત છે; અને જે વિચારો શક્તિરૂપે અવસ્થિત છે, તે સર્વત્ર સર્વાત્મકત્વવાળા અવ્યપદેશ્ય ધર્મો છે અર્થાત્ શક્તિરૂપે રહેલા ધર્મો કોઈ એક પદાર્થવિષયક નથી, પરંતુ સર્વ પદાર્થવિષયક છે. માટે સર્વાત્મકત્વવાળા છે. વળી ચિત્તમાં કોઈક ઊઠેલો વિચાર શાંત થાય ત્યારે કહેવાય કે 'આ વિચાર શાંત થયો' અને ચિત્તમાં કોઈ નવો વિચાર ઊઠ્યો હોય ત્યારે કહેવાય કે 'આ વિચાર ઉદિત થયો.' તેમ શક્તિરૂપે રહેલા વિચારોમાં 'આ વિચારો શક્તિરૂપે રહેલા છે' અને 'આ વિચારો શક્તિરૂપે રહેલા નથી', એવો વ્યપદેશ થતો નથી. તેથી શક્તિરૂપે રહેલા વિચારાત્મક ચિત્તના ધર્મો અવ્યપદેશ્ય છે.

આનાથી એ ફલિત થયું કે શાંત, ઉદિત અને શક્તિરૂપ રહેલા એવા ધર્મોમાં ધર્મી એવું ચિત્ત અન્વયી છે.

વળી શાંત, ઉદિત અને શક્તિરૂપે રહેલા આ ધર્મો ચિત્તથી કથંચિત્ ભિન્ન છે; કેમ કે ચિત્ત એક છે અને ધર્મો ત્રણ છે. તેથી ચિત્તથી આ ધર્મો કથંચિત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિન્ન છે. વળી આ ધર્મો ચિત્તથી કથંચિત્ અભિન્ન છે; કેમ કે ચિત્તરૂપ ધર્મી તે તે રૂપે પરિણમન પામે છે. માટે ચિત્તરૂપ જ આ ધર્મો છે, માટે ચિત્તથી કથંચિત્ અભિન્ન છે.

વળી, આ ચિત્ત ચલગુણવૃત્તિવાળું છે અર્થાત્ ચિત્તમાં સાત્ત્વિક, રાજસિક અને તામસિક એ ત્રણ ગુણવૃત્તિઓ પરિવર્તન પામનારી છે. તેથી ક્યારેક સાત્ત્વિકગુણવૃત્તિ પ્રધાનરૂપે વર્તતી હોય, તો ક્યારેક રાજસિકગુણવૃત્તિ પ્રધાનરૂપે વર્તતી હોય, તો ક્યારેક તામસીગુણવૃત્તિ પ્રધાનરૂપે વર્તતી હોય. તેથી ચિત્ત ચલગુણવૃત્તિવાળું છે, અને ચલગુણવૃત્તિવાળા ચિત્તમાં વર્તતા ગુણપરિણામોનું ધર્મી ચિત્ત છે, અને તે ચિત્ત શાંત, ઉદિત અને શક્તિરૂપે સ્થિત એવા સર્વધર્મોમાં અન્વયી છે. તેથી દરેક જીવના ચિત્તને આશ્રયીને વિચારીએ તો અન્વય-વ્યતિરેકવાળી વસ્તુનો અસંભવ નથી.

દરેક જીવના ચિત્તને આશ્રયીને અન્વય-વ્યતિરેકવાળી વસ્તુનો અસંભવ નથી, તે દૃષ્ટાંતથી બતાવે છે –

જે પ્રમાણે પિંડ-ઘટાદિમાં મૃદ્ દ્રવ્ય જ પ્રતિક્ષણ અન્ય અન્યરૂપે થતું હોવાથી મૃદ્ દ્રવ્યનું વિપરિણામ અન્યપણું છે; તેમ શાંત, ઉદિત અને શક્તિરૂપે અવસ્થિત ધર્મોમાં ચિત્તનું પ્રતિક્ષણ અન્ય અન્યરૂપપણું હોવાથી ચિત્તનું વિપરિણામ અન્યપણું છે.

તેમાં ચિત્તમાં કેટલાક પરિણામો પ્રત્યક્ષથી દેખાય છે, જેમ સુખદુઃખાદિ પરિણામો અને સંસ્થાનાદિ પરિણામો. વળી ચિત્તમાં કેટલાક પરિણામો અનુમાનગમ્ય છે, જે પ્રમાણે ધર્મ, સંસ્કાર અને અનેક ભાવો કરવાની શક્તિ વગેરે. આ પ્રત્યક્ષથી દેખાતા સુખાદિ પરિણામોમાં અને અનુમાનથી ગમ્ય એવા ધર્મ, સંસ્કાર અને શક્તિરૂપ પરિણામોમાં, ભિન્નભિન્નરૂપપણા વડે સર્વત્ર=સંસારી જીવોના ચિત્તમાં અને નિરોધપરિણામવાળા, સમાધિપરિણામવાળા અને એકાગ્રપરિણામવાળા યોગીના ચિત્તમાં સર્વત્ર, ધર્મી એવા ચિત્તનો અનુગમ છે. એથી કોઈ અનુપપત્તિ નથી=યોગમાં વર્તતા નિરોધપરિણામમાં, સમાધિપરિણામમાં અને એકાગ્રતાપરિણામમાં અન્વયવ્યતિરેકવાળી વસ્તુ સ્વીકારવામાં કોઈ અનુપપત્તિ નથી. **॥૨૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક-૨૫ની ટીકા :-**

अस्यामिति- अस्यां=प्रभायां व्यवस्थितो योगी त्रयमदो निरोधसमाध्येकाग्रता-लक्षणं निष्पादयति=साधयति, ततश्चेयं प्रभा सत्प्रवृत्तिपदावहा विनिर्दिष्टा, सर्वैः प्रकारैः प्रशान्तवाहिताया एव सिद्धेः ।।२५।।

**શ્લોક-૨૫નો ટીકાર્થ :-**

अस्यां ..... एव सिद्धेः ।। **આમાં=પ્રભાદષ્ટિમાં વ્યવસ્થિત=યોગી આ=નિરોધ, સમાધિ અને એકાગ્રતાસ્વરૂપ આ, ત્રણ પરિણામો નિષ્પાદન કરે છે=સાધે છે, અને તેથી=પ્રભાદષ્ટિમાં રહેલા યોગી આ ત્રણનું નિષ્પાદન કરે છે તેથી, આ=પ્રભાદષ્ટિ, સત્પ્રવૃત્તિપદને વહન કરનારી કહેવાયેલી છે; કેમ કે સર્વ પ્રકારે=નિરોધાદિ ત્રણમાં યત્ન કરવારૂપ સર્વ પ્રકારે, પ્રશાંતવાહિતાની જ સિદ્ધિ છે. ।।૨૫।।**

**શ્લોક-૨૫નો ભાવાર્થ :-**

પ્રભાદષ્ટિમાં રહેલ યોગી પ્રથમ ભૂમિકામાં નિરોધપરિણામવાળા હોય છે. નિરોધપરિણામમાં વ્યુત્થાનના સંસ્કારો તિરોધાન થયેલા હોય છે, અને નિરોધના સંસ્કારો પ્રવર્તતા હોય છે; અને આ ભૂમિકામાંથી જીવ કંઈક આગળ આવે છે ત્યારે, ચિત્તમાં એકાગ્રતાનો યત્ન થાય છે, અને તેના ફળરૂપે સમાધિમાં યત્ન થાય છે; અને સમાધિમાં થતા યત્નથી વ્યુત્થાનના સંસ્કારો અત્યંત અભિભવ થાય છે અને એકાગ્રતાનો પરિણામ અતિશયિત અતિશયિત થાય છે. આ રીતે પ્રભાદષ્ટિવાળા યોગીઓ નિરોધ, સમાધિ અને એકાગ્રતાને સાધતા હોય છે, તેથી આ પ્રવૃત્તિ સત્પ્રવૃત્તિપદને લાવનાર છે અર્થાત્ પ્રશાંતવાહિતાને લાવનાર છે; કેમ કે નિરોધાદિ ત્રણમાં કરાતા યત્નથી જીવમાં સર્વ પ્રકારે પ્રશાંતભાવ પ્રગટે છે. તેથી અસંગઅનુષ્ઠાનનું પ્રશાંતવાહિતા નામાન્તર છે, એમ શ્લોક-૨૨માં કહેલ છે. **।।૨૫।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## -: પરાદૃષ્ટિ :-

**અવતરણિકા :-**

સ્થિરાદૃષ્ટિનું વર્ણન શ્લોક-૧ થી ૭માં કર્યું. ત્યારબાદ કાન્તાદૃષ્ટિનું વર્ણન શ્લોક-૮ થી ૧૬માં કર્યું. ત્યારબાદ પ્રભાદૃષ્ટિનું વર્ણન શ્લોક-૧૭ થી ૨૫ સુધી કર્યું. હવે ક્રમપ્રાપ્ત પરાદૃષ્ટિનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોક :-**

समाधिनिष्ठा तु परा तदासङ्‌गविवर्जिता ।
सात्मीकृतप्रवृत्तिश्च तदुत्तीर्णाशयेति च ।।२६।।

**અન્વયાર્થ :-**

तु=વળી परा=પરાદૃષ્ટિ સમાધિનિષ્ઠા=સમાધિનિષ્ઠ છે=સમાધિમાં આસક્ત છે, तदासङ्‌गविवर्जिता=તદ્આસંગ વિવર્જિત છે=સમાધિમાં આસંગદોષથી રહિત છે, सात्मीकृतप्रवृत्तिश्च=અને સાત્મીકૃત પ્રવૃત્તિવાળી છે=સર્વાંગિણ એકત્વપરિણત પ્રવૃત્તિવાળી છે, तदुत्तीर्णाशया च=અને તદુત્તીર્ણ આશયવાળી છે=પ્રવૃત્તિથી ઉત્તીર્ણ આશયવાળી છે. ।।૨૬।।

**શ્લોકાર્થ :-**

**વળી પરાદૃષ્ટિ સમાધિનિષ્ઠ છે, સમાધિમાં આસંગદોષથી રહિત છે, અને સાત્મીકૃત પ્રવૃત્તિવાળી છે અને તદુત્તીર્ણ આશયવાળી છે. ।।૨૬।।**

**ટીકા :-**

समाधीति-परा तु दृष्टिः समाधिनिष्ठा वक्ष्यमाणलक्षणसमाध्यासक्ता, तदासङ्‌गेन=समाध्यासङ्‌गेन विवर्जिता, सात्मीकृतप्रवृत्तिश्च=सर्वांगीणैकत्वपरिणतप्रवृत्तिश्च चन्दनगन्धन्यायेन, तदुत्तीर्णाशयेति च सर्वथा विशुद्ध्या प्रवृत्तिवासकचित्ताभावेन ।।२६।।

**ટીકાર્થ :-**

परा तु दृष्टिः ..... वासकचित्ताभावेन ।। વળી પરાદૃષ્ટિ સમાધિમાં નિષ્ઠાવાળી છે=શ્લોક-૨૭માં કહેવાશે, તેવા સ્વરૂપવાળી સમાધિમાં આસક્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છે=સ્થિર છે. તેમાં આસંગથી=સમાધિમાં આસંગદોષથી, રહિત છે, અને સાત્મીકૃત પ્રવૃત્તિવાળી છે=ચંદનગંધન્યાયથી સર્વાંગિણ એકત્વપરિણત પ્રવૃત્તિવાળી છે=જે સમાધિમાં યત્ન થઈ રહ્યો છે, તે સમાધિમાં સંપૂર્ણ રીતે એકત્વપરિણત પ્રવૃત્તિવાળી છે, અને તદ્દુત્તીર્ણ આશયવાળી છે=તેનાથી ઉત્તીર્ણ આશયવાળી છે=જે સમાધિમાં પ્રવૃત્તિ કરે છે, તેનાથી ઉત્તીર્ણ આશયવાળી છે; કેમ કે સર્વથા વિશુદ્ધિને કારણે=યોગમાર્ગની પ્રવૃત્તિની સર્વ પ્રકારે વિશુદ્ધિ થવાને કારણે, પ્રવૃત્તિવાસક ચિત્તનો અભાવ છે. ।।૨૬।।**

**ભાવાર્થ :-**

**પરાદષ્ટિમાં પ્રગટ થતું સમાધિ યોગાંગ :-**

પરાદૃષ્ટિ આઠમી દૃષ્ટિ છે. તેમાં સમાધિ નામનું આઠમું યોગાંગ પ્રગટે છે, જેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી આગળ શ્લોક-૨૭માં બતાવવાના છે.

**સમાધિનિષ્ઠ :-**

આ પરાદૃષ્ટિ સમાધિમાં આસક્ત હોય છે. અહીં આસક્ત એટલે રાગભાવથી આસક્ત નહીં, પરંતુ સહજભાવે શક્તિના પ્રકર્ષથી સમાધિમાં નિષ્ઠાવાળી પરાદૃષ્ટિ હોય છે, તે બતાવવા માટે પરાદૃષ્ટિને સમાધિમાં આસક્ત કહેલ છે.

**આસંગદોષથી વિવર્જિત :-**

યોગમાર્ગની પ્રવૃત્તિના બાધક આઠ દોષો છે, જે ક્રમસર પ્રત્યેક દૃષ્ટિમાં જાય છે. તેમાંનો અંતિમ આસંગ નામનો દોષ=આત્મભાવોથી અન્યત્ર સંગનો ભાવ તે આસંગ નામનો દોષ, આ પરાદૃષ્ટિમાં જાય છે. તેથી પરાદૃષ્ટિવાળા યોગી ધ્યેયની સાથે તન્મયભાવને પામીને ઉપર ઉપરની ભૂમિકામાં જવામાં વ્યાઘાતક એવા આસંગદોષ વિના વીતરાગતા તરફ જતા હોય છે.

**પરાદષ્ટિમાં સાત્મીકૃત પ્રવૃત્તિ ગુણ :-**

ધ્યેય એવા પરમાત્મા સાથે તન્મયભાવરૂપ સમાધિમાં પરાદૃષ્ટિવાળા યોગીઓ રહેલા છે, તે સમાધિની પ્રવૃત્તિ ચંદનગંધન્યાયથી પોતાના આત્મા સાથે એકત્વરૂપે પરિણામ પામેલી છે અર્થાત્ જેમ ચંદનમાં ગંધ સહજભાવે રહે છે, પરંતુ તે ગંધને ઉત્પન્ન કરવા માટે અન્ય કોઈ પ્રવૃત્તિની આવશ્યકતા નથી, તેમ જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના સહજ સ્વભાવથી ધ્યેય એવા પરમાત્મા સાથે સર્વાંગથી એકત્વ પરિણત પ્રવૃત્તિવાળા બને છે.

વળી પરાદૃષ્ટિવાળા યોગીઓ જે સમાધિમાં પ્રવૃત્તિ કરે છે, તે સમાધિની પ્રવૃત્તિથી ઉત્તીર્ણ આશયવાળા છે; કેમ કે ચિત્તમાં સર્વથા વિશુદ્ધિ હોવાને કારણે પ્રવૃત્તિવાસક ચિત્તનો અભાવ છે અર્થાત્ 'આ પ્રવૃત્તિ હું કરું' એવા આશયવાળું ચિત્ત નથી. તેથી સમાધિમાં પોતે યત્ન કરી રહ્યા છે, તે પણ 'હું આ સમાધિમાં યત્ન કરું' એવા આશયવાળા નથી, પરંતુ જીવની પ્રકૃતિથી સહજ રીતે સમાધિમાં યત્ન વર્તે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**પરાદૃષ્ટિમાં પ્રગટ થતાં સમાધિ નામના યોગાંગને કહે છે –**

**શ્લોક :-**

**स्वरूपमात्रनिर्भासं समाधिर्ध्यानमेव हि ।**
**विभागमनतिक्रम्य परे ध्यानफलं विदुः ॥२७॥**

**અન્વયાર્થ :-**

**स्वरूपमात्रनिर्भासं=સ્વરૂપમાત્ર નિર્ભાસવાળું=ધ્યેય એવા પરમાત્માના સ્વરૂપમાત્ર નિર્ભાસવાળું, ध्यानमेव हि=ધ્યાન જ समाधिः=સમાધિ છે. विभागम-नतिक्रम्य=વિભાગનો અનતિક્રમ કરીને=યોગના આઠ અંગોના વિભાગનો અનતિક્રમ કરીને ध्यानफलं=ધ્યાનનું ફળ સમાધિ છે, એમ परे= બીજા=અન્ય विदुः=કહે છે. ॥૨૭॥**

**શ્લોકાર્થ :-**

**ધ્યેયના સ્વરૂપમાત્રના નિર્ભાસવાળું ધ્યાન જ સમાધિ છે. વિભાગનો અનતિક્રમ કરીને ધ્યાનનું ફળ સમાધિ છે, એમ અન્ય કહે છે. ॥૨૭॥**

**ટીકા :-**

**स्वरूपेति-स्वरूपमात्रस्य=ध्येयस्वरूपमात्रस्य निर्भासो यत्र तत्तथा, अर्थाकार-समावेशेन भूतार्थरूपतया न्यग्भूतज्ञानस्वरूपतया च ज्ञानस्वरूपशून्यतापत्तेः ध्यानमेव हि समाधिः । तदुक्तं –** "तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति (३-३) । विभागमष्टाङ्गो योग इति प्रसिद्धमनतिक्रम्यानुल्लंघ्य परे ध्यानफलं समाधिरिति विदुः ।।२७।।

**ટીકાર્થ :-**

स्वरूपमात्रस्य..... विदुः ।। સ્વરૂપમાત્રનો=ધ્યેયના સ્વરૂપમાત્રનો નિર્ભાસ છે જેમાં તે=ધ્યાન તેવું છે=સ્વરૂપમાત્ર નિર્ભાસવાળું છે; કેમ કે અર્થાકારનો સમાવેશ હોવાને કારણે, ભૂતાર્થરૂપપણું હોવાથી અને ન્યગ્ભૂત જ્ઞાનસ્વરૂપપણું હોવાથી જ્ઞાનસ્વરૂપની શૂન્યતાની પ્રાપ્તિ છે અર્થાત્ પોતાના સાધ્ય એવા પરમાત્માના સ્વરૂપરૂપ અર્થ, તેના આકારનો સમાવેશ હોવાને કારણે= પરમાત્માના સ્વરૂપના આકારનો પોતાના ઉપયોગમાં સમાવેશ હોવાને કારણે, પોતાનું સાધ્ય એવું પરમાત્માનું સ્વરૂપ પોતાનામાં વિદ્યમાન છે, તેથી એ સ્વરૂપ સદ્ભૂતાર્થ છે, અને આવું ભૂતાર્થરૂપપણું હોવાથી અને પોતાના ઉપયોગમાં 'હું પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કરું છું' એ પ્રકારના જ્ઞાનના સ્વરૂપનું ગૌણપણું હોવાથી, પરાદૃષ્ટિમાં વર્તતા સમાધિના ઉપયોગમાં 'પરમાત્માનું હું જ્ઞાન કરું છું' એ પ્રકારના જ્ઞાનના સ્વરૂપની શૂન્યતાની પ્રાપ્તિ છે, અને પરાદૃષ્ટિમાં વર્તતા સમાધિના ઉપયોગમાં પરમાત્માનું આવું સ્વરૂપમાત્ર નિર્ભાસવાળું ધ્યાન જ સમાધિ છે.

તે કહેવાયું છે=સ્વરૂપમાત્ર નિર્ભાસવાળું ધ્યાન જ સમાધિ છે, તે 'પાતંજલ યોગસૂત્ર'-૩-૩માં કહેવાયું છે –

"ધ્યેયરૂપ અર્થમાત્રના નિર્ભાસવાળું સ્વરૂપશૂન્ય એવું તે જ=ધ્યાન જ, સમાધિ છે."

'इति' શબ્દ 'પાતંજલ યોગસૂત્ર'ના ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

'અષ્ટાંગ યોગ છે,' એ પ્રકારના પ્રસિદ્ધ વિભાગનો અનતિક્રમ કરીને=નહીં ઓળંગીને, ધ્યાનનું ફળ સમાધિ છે એ પ્રમાણે બીજાઓ કહે છે. ।।૨૭।।

**ભાવાર્થ :-**

**પરાદૃષ્ટિમાં પ્રગટ થતા ચરમ યોગાંગ સમાધિનું સ્વરૂપ :-**

ધ્યાનવિશેષ એ સમાધિ છે. કેવા પ્રકારનું વિશિષ્ટ ધ્યાન સમાધિ છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપમાત્રના નિર્ભાસવાળું ધ્યાન જ સમાધિ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પ્રભાદૃષ્ટિમાં ધ્યાન હતું, અને અહીં સ્વરૂપમાત્રના નિર્ભાસવાળું ધ્યાન છે, જે વિશિષ્ટ ધ્યાન છે. તેથી પ્રભાદૃષ્ટિમાં વર્તતા ધ્યાન કરતાં વિશિષ્ટ એવું જે ધ્યાન તે સમાધિ છે; અને આવો અર્થ કરીએ તો યોગનાં આઠ અંગો છે, તેમાં સાતમું અંગ ધ્યાન છે, અને આઠમું અંગ પણ વિશિષ્ટ ધ્યાન બને. તેથી યોગનાં આઠ અંગો ન રહે, પરંતુ સાત અંગ બની જાય. તેથી યોગનાં આઠ અંગો જે પ્રસિદ્ધ છે, તેના વિભાગનો અતિક્રમ કર્યા વગર બીજાઓ 'સ્વરૂપમાત્રના નિર્ભાસવાળું ધ્યાનવિશેષ સમાધિ નથી, પરંતુ ધ્યાનનું ફળ સમાધિ છે,' એમ કહે છે, અને ધ્યાનના ફળરૂપ આ સમાધિમાં સ્વરૂપમાત્રનો નિર્ભાસ થાય છે એમ કેટલાક કહે છે, તેથી એ ફલિત થાય કે સ્વરૂપમાત્રના નિર્ભાસવાળું ધ્યાનવિશેષ સમાધિ છે એમ કેટલાક કહે છે, અને ધ્યાનના ફળરૂપ સ્વરૂપમાત્રના નિર્ભાસવાળી સમાધિ છે, એમ અન્ય કહે છે.

સ્વરૂપમાત્રના નિર્ભાસવાળું ધ્યાન જ સમાધિ છે એમ કહ્યું, ત્યાં સ્વરૂપ શબ્દથી ધ્યેયનું સ્વરૂપ ગ્રહણ કરવાનું છે; અને આમ કહેવાથી ધ્યેયના સ્વરૂપથી અન્ય કોઈ વસ્તુનો નિર્ભાસ નથી, એવો એકાગ્ર ઉપયોગ ગ્રહણ કરવાનો છે.

તેથી એ ફલિત થાય કે પરાદૃષ્ટિવાળા યોગીઓ 'પરમાત્મા જ ધ્યેય છે' અને 'ધ્યેય એવા પરમાત્માનું હું ધ્યાન કરું છું' એવા ઉપયોગવાળા નથી, પરંતુ પરમાત્મભાવ પોતાના આત્મામાં વર્તી રહ્યો છે, ફક્ત કર્મથી એ પરમાત્મભાવ તિરોહિત છે અને સ્વઉપયોગના બળથી પોતાના આત્મામાં તિરોહિત રહેલા પરમાત્મભાવને આવિર્ભાવ કરવામાં તેઓ ઉપયોગવાળા હોય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પ્રભાદૃષ્ટિમાં વર્તતા ધ્યાનમાં ધ્યેય એવા પરમાત્મા જુદા ભાસે છે, અને 'તે પરમાત્માનું હું ધ્યાન કરું છું, તેથી હું ધ્યાતા છું અને મારો જ્ઞાનનો ઉપયોગ ધ્યાનરૂપ છે.' આવા નિર્ભાસવાળું ધ્યાન છે; અને પરાદૃષ્ટિમાં ધ્યેયના સ્વરૂપમાત્ર નિર્ભાસવાળું ધ્યાન છે, પરંતુ પોતાનાથી પૃથગ્ ધ્યેય છે, તેવો નિર્ભાસ નથી. વળી પોતાનાથી પૃથગ્ એવા ધ્યેયનો હું ધ્યાતા છું, તેવો નિર્ભાસ નથી, અને ધ્યેય એવા પરમાત્માનું હું ધ્યાન કરું છું, તેવો પણ નિર્ભાસ નથી; પરંતુ પોતાના આત્મામાં કર્મથી તિરોહિતરૂપે રહેલું પરમાત્મસ્વરૂપ ધ્યેય છે, અને તે ધ્યેયસ્વરૂપને સ્વઉપયોગના બળથી સ્ફુરાયમાન કરવા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે ઉપયુક્ત છે, તે વખતે પોતાનામાં સત્તારૂપે રહેલું પરમાત્મરૂપ ધ્યેયનું સ્વરૂપમાત્ર પોતાને દેખાય છે. આવું ધ્યાનવિશેષ સમાધિ છે.

સ્વરૂપમાત્રનિર્ભાસવાળું 'ધ્યાનવિશેષ સમાધિ છે' તેમાં યુક્તિ આપી કે ઉપયોગમાં અર્થાકારનો સમાવેશ છે અર્થાત્ પોતાને સાધના દ્વારા શુદ્ધ આત્મા આવિર્ભાવ કરવો એ પ્રાપ્તવ્ય અર્થ છે, અને આવા અર્થનો આકાર તેઓના ઉપયોગમાં સ્ફુરાયમાન થઈ રહ્યો છે, માટે તે ધ્યાનના ઉપયોગમાં અર્થાકારનો સમાવેશ છે. તેથી એ ફલિત થાય કે શુદ્ધ આત્માને જોવા માટેનો આ ઉપયોગ છે. વળી, શુદ્ધ આત્માને જોવા માટેનો આ ઉપયોગ હોવાને કારણે તે ઉપયોગનો વિષય ભૂતાર્થરૂપ છે અર્થાત્ પોતાનામાં તે ભાવો સદ્ભૂતરૂપે વિદ્યમાન છે, તદ્વિષયક આ ઉપયોગ છે, માટે ભૂતાર્થરૂપ છે; અને 'હું આ સ્વરૂપનું ધ્યાન કરું છું' એ પ્રકારનું જ્ઞાનનું સ્વરૂપ ગૌણ થઈ ગયું છે, પરંતુ ધ્યેય એવા પરમાત્માના સ્વરૂપમાત્રને જોવા માટે ઉપયોગ વર્તી રહ્યો છે. તેથી આ ઉપયોગમાં જ્ઞાનના સ્વરૂપની શૂન્યતાની પ્રાપ્તિ છે અર્થાત્ ધ્યાનના આ ઉપયોગમાં 'હું પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરી રહ્યો છું' એ પ્રકારનું જ્ઞાનનું સ્વરૂપ નથી, પરંતુ ધ્યેય એવા પરમાત્માનું સ્વરૂપમાત્ર નિર્ભાસ થાય છે. તેથી પ્રસ્તુત ધ્યાનમાં ધ્યેયના સ્વરૂપમાત્રનો નિર્ભાસ છે, પરંતુ 'હું ધ્યેયનું ધ્યાન કરું છું' એવા જ્ઞાનના સ્વરૂપવાળો નિર્ભાસ નથી, અને આવું ધ્યાનવિશેષ જ સમાધિ છે.

**સમાધિપરિણામ અને સમાધિયોગાંગનો ભેદ :-**

અહીં વિશેષ એ છે કે 'પાતંજલ યોગસૂત્ર'-૩-૩માં સમાધિ નામનું આઠમું યોગાંગ બતાવ્યું, ૩-૯માં નિરોધપરિણામ બતાવ્યો, ૩-૧૧માં સમાધિપરિણામ બતાવ્યો અને ૩-૧૨માં એકાગ્રતાપરિણામ બતાવ્યો. આ ત્રણ પરિણામો અર્થાત્ નિરોધનો પરિણામ, સમાધિનો પરિણામ અને એકાગ્રતાનો પરિણામ, પ્રભાદૃષ્ટિમાં પ્રગટ થાય છે, તેમ ઉપાધ્યાયજી મહારાજાએ બતાવ્યું, અને પરાદૃષ્ટિમાં સમાધિ નામનું આઠમું યોગાંગ પ્રગટ થાય છે તે બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે સમાધિપરિણામ જુદો છે અને સમાધિ નામનું આઠમું યોગાંગ જુદું છે. સમાધિપરિણામમાં વિક્ષેપનો અત્યંત અભિભવ હોય છે અને ચિત્ત એકાગ્ર-પરિણામવાળું હોય છે, જ્યારે સમાધિ નામના આઠમા યોગાંગમાં ધ્યેયના સ્વરૂપમાત્રનો નિર્ભાસ હોય છે. **॥૨૭॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પરાદૃષ્ટિનું સ્વરૂપ શ્લોક-૨૬માં બતાવ્યું અને પરાદૃષ્ટિવાળા યોગી સમાધિવાળા હોય છે, એમ પણ શ્લોક-૨૬માં કહ્યું. તેથી શ્લોક-૨૭માં સમાધિ નામના આઠમા યોગાંગનું સ્વરૂપ બતાવ્યું. હવે પરાદૃષ્ટિવાળા યોગીઓની અન્ય વિશેષતા બતાવે છે –

**શ્લોક :-**

**निराचारपदो ह्यस्यामतः स्यान्नातिचारभाक् ।**
**चेष्टा चास्याखिला भुक्तभोजनाभाववन्मता ।।२८।।**

**અન્વયાર્થ :-**

अस्याम्=આ દૃષ્ટિમાં યોગી अतिचारभाक् न स्यात्=અતિચારવાળા નથી अतः=આથી=અતિચારવાળા નથી આથી निराचारपदो हि=નિરાચારપદવાળા યોગી છે; च=અને अस्य=આની=પરાદૃષ્ટિવાળા યોગીની भुक्तभोजनाभाववत्= ભુક્તને ભોજનના અભાવની જેમ अखिला चेष्टा=સમગ્ર ચેષ્ટા मता=કહેવાઈ છે= ભુક્તને ભોજનના અભાવની જેમ પરાદૃષ્ટિવાળા યોગીને સર્વ ચેષ્ટાનો અભાવ છે. ।।૨૮।।

**શ્લોકાર્થ :-**

**આ દૃષ્ટિમાં યોગી અતિચારવાળા નથી. આથી નિરાચારપદવાળા છે અને પરાદૃષ્ટિવાળા યોગીની ભુક્તને ભોજનના અભાવની જેમ સમગ્ર ચેષ્ટા કહેવાઈ છે. ।।૨૮।।**

**ટીકા :-**

निराचारेति-अस्यां दृष्टौ योगी नातिचारभाक् स्यात्, तन्निबन्धनाभावात् अतो निराचारपदः, प्रतिक्रमणाद्यभावात् चेष्टा चास्यैतद्दृष्टिमतोऽखिला भुक्तभोजनाभाववन्मता, आचारजेयकर्माभावात् तस्य भुक्तप्रायत्वात्सिद्धत्वेन तदिच्छाविघटनात् ।।२८।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**अस्यां दृष्टौ ..... तदिच्छाविघटनात् ।। આ દૃષ્ટિમાં=પરાદૃષ્ટિમાં યોગી અતિચારવાળા નથી; કેમ કે અતિચારના કારણનો અભાવ છે=અતિચારના કારણીભૂત ખેદાદિ આઠે દોષોનો અભાવ છે. આથી=પરાદૃષ્ટિમાં યોગીને અતિચાર નથી આથી, નિરાચારપદવાળા છે; કેમ કે પ્રતિક્રમણાદિનો અભાવ છે=પ્રતિક્રમણાદિ આચારોનો અભાવ છે અને આની=આ દૃષ્ટિવાળા યોગીની=પરાદૃષ્ટિવાળા યોગીની, ભુક્તને ભોજનના અભાવની જેમ अखिला चेष्टा=સમગ્રચેષ્ટા=સર્વ પ્રવૃત્તિઓ मता=મનાઈ છે અર્થાત્ ભુક્તને જેમ ભોજનક્રિયા નથી તેમ આ દૃષ્ટિવાળા યોગીને કોઈ ચેષ્ટા નથી; કેમ કે આચારજેય કર્મનો અભાવ છે.**

કેમ આચારજેય કર્મનો અભાવ છે, તેમાં હેતુ કહે છે –

**તેનું ભુક્તપ્રાયઃપણું હોવાથી સિદ્ધપણું છે=આચારથી નાશ્ય એવા કર્મોના નાશનું સિદ્ધપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે આચારથી નાશ્ય એવા કર્મોના નાશનું સિદ્ધપણું હોય એટલા માત્રથી તે યોગી શાસ્ત્રવિહિત પ્રવૃત્તિ કેમ કરતા નથી, તેમાં હેતુ કહે છે –

**તેની ઇચ્છાનું વિઘટન છે, અર્થાત્ શાસ્ત્રવિહિત પ્રવૃત્તિની ઇચ્છાનો અભાવ છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

**પરાદૃષ્ટિમાં નિરાચારપદ :-**

પરાદૃષ્ટિમાં રહેલા યોગીને અતિચાર કરાવે તેવાં કર્મો નથી, માટે યોગમાર્ગમાં સ્ખલના કરાવનારાં કર્મોને જીતવા અર્થે શાસ્ત્રમાં જે પ્રતિક્રમણાદિ આચારો બતાવ્યા છે, તે આચારો પરાદૃષ્ટિવાળા યોગીઓને નથી, તેથી નિરાચાર-પદવાળા છે.

અહીં પ્રશ્ન થાય કે તેઓની ચેષ્ટાઓ કેવી છે ? તેથી કહે છે –

પરાદૃષ્ટિમાં રહેલા યોગીઓની સંપૂર્ણ ચેષ્ટા ભુક્તને ભોજનક્રિયાના અભાવની જેમ કહેવાયેલી છે અર્થાત્ ભુક્તને ભોજનની ચેષ્ટા હોતી નથી, તેમ પરાદૃષ્ટિવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગીઓને શાસ્ત્રવિહિત કોઈ ક્રિયાઓ નથી, પરંતુ ધ્યેય એવા પોતાના આત્માને પ્રગટ કરવા માટે સમાધિ નામના યોગાંગમાં યત્નમાત્ર હોય છે.

ભુક્તને ભોજનક્રિયાના અભાવની જેમ તેઓને કોઈ ચેષ્ટા કેમ નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

પરાદૃષ્ટિવાળા યોગીઓને આચારથી જીતવા યોગ્ય કર્મો નથી. કેમ નથી ? તેથી કહે છે –

તે કર્મોનું ભુક્તપ્રાયપણું છે અર્થાત્ તે કર્મો ભોગવાઈને નષ્ટ થઈ ચૂક્યાં છે, તેથી આચાર સેવીને તે કર્મોનો નાશ કરવાનું તેઓને સિદ્ધ થઈ ચૂક્યું છે; અને જે વસ્તુ પોતાને સિદ્ધ થઈ હોય તેની ઇચ્છા હોતી નથી. જેમ ભૂખ્યો માણસ ભોજન કરી લે પછી તેને ભોજનની ઇચ્છા હોતી નથી, તેમ પરાદૃષ્ટિવાળા યોગીઓએ આચારથી જીતવા યોગ્ય કર્મો જીતી લીધાં હોવાથી, આચારથી કર્મોને જીતવાની ઇચ્છા હોતી નથી; પરંતુ વીતરાગતાના પ્રતિબંધક અવશેષ સંજ્વલન કષાયો જીતવાના બાકી છે, તેના નાશની ઇચ્છા છે. જોકે સંજ્વલન કષાયોમાં પણ કેટલાક સંજ્વલનના કષાયો અતિચારઆપાદક હોય છે, કેટલાક સંજ્વલન કષાયો અતિચારઆપાદક નથી, પરંતુ સંયમની વૃદ્ધિમાં કારણ એવી શાસ્ત્ર વિહિત પ્રવૃત્તિ કરાવે છે. આ બંને પ્રકારના સંજ્વલન કષાયોનો નાશ શાસ્ત્રવિહિત આચારથી થાય છે; અને તેઓનો નાશ કર્યા પછી અવશેષ રહેલા સંજ્વલનના કષાયો આચારથી નાશ થાય તેવા નથી, પરંતુ ધ્યેયમાત્રમાં તન્મયભાવરૂપ સમાધિથી નાશ થાય તેવા છે; અને પરાદૃષ્ટિમાં રહેલા યોગીઓને એવાં અવશેષ કર્મો માત્ર હોય છે, જે સમાધિના યત્નથી ક્રમે કરીને નાશ પામે છે. તેથી પરાદૃષ્ટિમાં રહેલા યોગી અવશેષ સંજ્વલન કષાયોને જીતવાની ઇચ્છાથી સમાધિમાં યત્ન કરે છે; અને તે સમાધિકાળમાં ધ્યેયસ્વરૂપમાત્રમાં નિર્ભાસવાળું ધ્યાન પ્રવર્તે છે, જે ધ્યાન પ્રકર્ષને પામીને વીતરાગતાની પ્રાપ્તિના પ્રતિબંધક અવશેષ સંજ્વલન કષાયોનો નાશ કરે છે. તેથી પરાદૃષ્ટિમાં રહેલા યોગીઓને દસમા ગુણસ્થાનક સુધી સંપૂર્ણ રાગાદિનો ઉચ્છેદ નથી, અને વ્યક્ત વિકલ્પાત્મક ઇચ્છા પણ નથી, પરંતુ જે વિદ્યમાન રાગાદિ છે તેના કારણે લક્ષ્યની પ્રાપ્તિમાં સુદૃઢ યત્ન કરાવે તેવી વિકલ્પ વિનાની ક્ષયોપશમભાવ પામેલી ઇચ્છાથી ધ્યાનમાં પ્રવૃત્તિ થાય છે, જેના બળથી તેઓ ક્ષપકશ્રેણી ઉપર ચઢીને કેવલી બને છે. **॥૨૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

कथं तर्हि भिक्षाटनाद्याचारोऽत्रेत्यत आह –

**અવતરણિકાર્થ :-**

**તો કેવી રીતે ભિક્ષાટનાદિ આચાર अत्र=અહીં=પરાદૃષ્ટિમાં છે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોક-૨૮માં કહ્યું કે ભુક્તને ભોજનક્રિયાના અભાવની જેમ પરાદૃષ્ટિમાં સર્વ આચારોનો અભાવ હોય છે. ત્યાં પ્રશ્ન થાય કે તો પછી કઈ રીતે ભિક્ષાટનાદિ આચાર પરાદૃષ્ટિમાં છે ? એથી કહે છે –

**શ્લોક :-**

**रत्नशिक्षादृगन्या हि तन्नियोजनदृग्यथा ।**
**फलभेदात्तथाचारक्रियाप्यस्य विभिद्यते ।।२९।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે रत्नशिक्षादृगन्या हि=રત્નની શિક્ષાગ્રહણની દૃષ્ટિથી અન્ય જ तन्नियोजनदृग्=તેના નિયોજનની દૃષ્ટિ છે=રત્નના વ્યાપારની દૃષ્ટિ છે, तथा=તે પ્રમાણે फलभेदात्=ફળના ભેદથી अस्य=આની=પરાદૃષ્ટિવાળા યોગીની आचारक्रियापि=આચારક્રિયા પણ विभिद्यते=જુદી પડે છે. ।।૨૯।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે રત્નની શિક્ષાગ્રહણની દૃષ્ટિથી અન્ય તેના વ્યાપારની દૃષ્ટિ છે, તે પ્રમાણે ફળના ભેદથી પરાદૃષ્ટિવાળા યોગીની આચારક્રિયા પણ જુદી પડે છે. ।।૨૯।।**

❖ 'आचारक्रियापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે પરાદૃષ્ટિવાળા યોગીની ધ્યાનની ક્રિયા તો પૂર્વના યોગી કરતાં વિલક્ષણ છે, પરંતુ ભિક્ષાટનાદિ આચારક્રિયા પણ વિલક્ષણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**रत्नेति-रत्नशिक्षादृशोऽन्या हि यथा शिक्षितस्य सतस्तन्नियोजनदृक्, तथाचार-क्रियाप्यस्य भिक्षाटनादिलक्षणा फलभेदाद्विभिद्यते, पूर्वं हि साम्परायिककर्मक्षयः फलं, इदानीं तु भवोपग्राहिकर्मक्षय इति ।।२९।।**

**ટીકાર્થ :-**

**रत्नशिक्षादृशोऽन्या ..... कर्मक्षय इति ।। જે પ્રમાણે રત્નની શિક્ષાગ્રહણની દૃષ્ટિથી અન્ય જ શિક્ષિત છતાની તેના નિયોજનની દૃષ્ટિ છે=રત્નના વ્યાપારની દૃષ્ટિ છે, તે પ્રમાણે આની=પરાદૃષ્ટિવાળા યોગીની, ભિક્ષાટનાદિરૂપ આચારક્રિયા પણ ફળના ભેદથી જુદી પડે છે; જે કારણથી પૂર્વમાં=પરાદૃષ્ટિથી પૂર્વમાં સાંપરાયિક કર્મક્ષય ફળ છે, વળી હમણાં=પરાદૃષ્ટિમાં, ભવોપગ્રાહી કર્મક્ષય ફળ છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. ।।૨૯।।**

❖ 'भिक्षाटनादिलक्षणा' - અહીં 'आदि'થી શરીરના અન્ય ધર્મોરૂપ આચારોનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**પરાદૃષ્ટિવાળા યોગીના ભિક્ષાટનાદિ આચારનો અન્ય યોગીના આચારથી ભેદ :-**

જેમ કોઈ પુરુષ રત્નની પરીક્ષા માટે અભ્યાસ કરતો હોય ત્યારે રત્નોના પરસ્પર ભેદને ગ્રહણ કરવાને અનુકૂળ તેની દૃષ્ટિ હોય છે, અને 'કયા રત્નમાં કેવા ગુણો છે ? અને કેવા દોષો છે ?' તે જાણવાની દૃષ્ટિ હોય છે; અને જ્યારે રત્નની પરીક્ષામાં તે નિપુણ થાય છે, ત્યારે માત્ર તે પ્રકારે રત્નના ભેદને જાણવા માટે તે પુરુષનો યત્ન હોતો નથી, પરંતુ 'કયા રત્નની ખરીદીથી મને અધિક ધનની પ્રાપ્તિ થાય' તે રીતે રત્નના વ્યાપારની દૃષ્ટિથી રત્નને જુએ છે, તેથી રત્નની શિક્ષા લેનારની દૃષ્ટિ કરતાં શિક્ષિત એવા રત્નના વ્યાપારીની રત્નના વ્યાપારની દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે; તેમ પરાદૃષ્ટિવાળા યોગીની ભિક્ષાટનાદિરૂપ ક્રિયા ફળભેદને કારણે જુદા પ્રકારની છે અર્થાત્ પરાદૃષ્ટિની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વના યોગીઓની આચારક્રિયા કરતાં પરાદૃષ્ટિવાળા યોગીઓની ભિક્ષાટનાદિરૂપ આચારક્રિયા જુદા પ્રકારની છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પ્રભાદૃષ્ટિ સુધીના યોગીઓની ભિક્ષાટનાદિ ક્રિયાનું ફળ જુદું છે, અને પરાદૃષ્ટિવાળા યોગીનું ભિક્ષાટનાદિ ક્રિયાનું ફળ જુદું છે. હવે તે ફળભેદને સ્પષ્ટ કરે છે –

પરાદૃષ્ટિની પૂર્વના યોગીઓની ભિક્ષાટનાદિ ક્રિયા સાંપરાયિક કર્મક્ષયના ફળવાળી છે, અને પરાદૃષ્ટિવાળા યોગીઓની ભિક્ષાટનાદિ ક્રિયા ભવોપગ્રાહી કર્મક્ષયના ફળવાળી છે. તેથી એ ફલિત થાય કે પ્રભાદૃષ્ટિ સુધીના યોગીઓ ભિક્ષાટનાદિ આચારો સેવીને આચારજેય એવા સંજ્વલન કષાયના ક્ષયને કરે છે, અને પરાદૃષ્ટિવાળા યોગીઓને પણ સંજ્વલન કષાય હોવા છતાં તેઓની ભિક્ષાટનાદિ આચારની ક્રિયાથી સંજ્વલન કષાયનો ક્ષય નથી, પરંતુ સમાધિ નામના યોગાંગથી સંજ્વલન કષાયનો ક્રમસર ક્ષય થાય છે, અને ભિક્ષાટનાદિ ક્રિયાથી ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થાય છે અર્થાત્ જેમ ભવને ધારણ કરાવનાર આયુષ્યકર્મ છે તેમ દેહને ટકાવવા આહારની પ્રવૃત્તિ કરાવીને દેહને ટકાવે તેવાં દેહનિબંધન કર્મો છે, અને દેહને ટકાવે તેવા દેહનિબંધનકર્મ ભિક્ષાટનાદિ ક્રિયાથી ક્ષય પામે છે; કેમ કે તે પ્રકારે આહારાદિના ગ્રહણથી તે કર્મ પોતાનું ફળ બતાવીને નાશ પામે છે. તેથી જીવન-મૃત્યુ પ્રત્યે સમપરિણામવાળા એવા પણ પરાદૃષ્ટિવાળા યોગીઓ ભવના ધારણનું કારણ બને તેવા દેહનિબંધનકર્મના ક્ષય અર્થે દેહને ટકાવવાને અનુકૂળ આહારાદિમાં યત્ન કરે છે, અને તેના દ્વારા દેહને ધારણ કરાવનારું એવું આયુષ્યકર્મ ભોગવાઈને નાશ પામે છે.

અહીં વિશેષ એ છે કે સંજ્વલન કષાયનો વિપાકોદય માત્ર હોય પરંતુ ક્ષયોપશમભાવ ન હોય, ત્યારે તે સંજ્વલન કષાય મુનિઓને અતિચાર ઉત્પન્ન કરે છે; અને લાગેલા અતિચારો પ્રતિ મુનિ જુગુપ્સા કરે અથવા અતિચાર સામાન્ય પ્રત્યે જુગુપ્સા કરે, અને તે જુગુપ્સા તીવ્ર બને તો તે મહાત્માઓના અતિચારઆપાદક સંજ્વલન કષાયનો ક્ષયોપશમ થાય છે; પરંતુ જે મુનિઓને સંજ્વલન કષાયના વિપાકોદય વખતે જ સંજ્વલન કષાયનો ક્ષયોપશમભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ વર્તે છે, તે મુનિઓને સંજ્વલન કષાયકૃત અતિચારોની પ્રાપ્તિ નથી; પરંતુ ક્ષયોપશમભાવને પામેલા એવા તે સંજ્વલન કષાયો શાસ્ત્રાનુસારી ઉચિત આચારોમાં દૃઢ પ્રયત્ન કરવા પ્રેરણા કરે છે. તેથી શાસ્ત્રાનુસારી ઉચિત આચારોને સેવીને તે યોગીઓ આચારજેય કર્મોને જીતે છે, આવા યોગી પરાદૃષ્ટિમાં હોય છે તેથી સંજ્વલન કષાય અતિશય ક્ષયોપશમભાવને પામેલ છે; તે વખતે ભિક્ષાટનાદિ આચારથી અવશિષ્ટ એવા ક્ષયોપશમભાવને પામેલા સંજ્વલન કષાયનો નાશ થતો નથી, પરંતુ ભવોપગ્રાહી કર્મોનો નાશ થાય છે, અને સમાધિ નામના યોગાંગની પ્રવૃત્તિથી આવા યોગીઓના અવશેષ રહેલા સંજ્વલન કષાયનો ક્રમસર નાશ થાય છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૨૯માં કહ્યું કે રત્નની શિક્ષા ગ્રહણ કરનારની દૃષ્ટિ કરતાં રત્નનો વ્યાપાર કરનારની દૃષ્ટિ જુદી છે; તેમ પરાદૃષ્ટિવાળા યોગીના આચારો પણ અન્ય યોગી કરતાં જુદા છે, માટે પરાદૃષ્ટિવાળા યોગીઓ નિરાચારપદવાળા છે. હવે જેમ રત્નની શિક્ષાને ગ્રહણ કર્યા પછી રત્નના વ્યાપારથી ધનની પ્રાપ્તિ થાય છે, તેમ પરાદૃષ્ટિવાળા મહાત્મા કઈ રીતે આત્મસંપત્તિ પ્રાપ્ત કરે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**कृतकृत्यो यथा रत्ननियोगाद्रत्नविद् भवेत् ।**
**तथाऽयं धर्मसंन्यासविनियोगान्महामुनिः ।।३०।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે रत्ननियोगाद्=રત્નના નિયોજનથી=રત્નના વ્યાપારથી रत्नविद्=રત્નનો વ્યાપાર કરનાર कृतकृत्यो भवेत्=કૃતકૃત્ય થાય છે=ધનાઢ્ય થાય છે, तथा=તે પ્રમાણે अयं महामुनिः=આ મહામુનિ=પરાદૃષ્ટિવાળા મહામુનિ धर्मसंन्यासविनियोगात्=ધર્મસંન્યાસના વિનિયોગથી=ક્ષયોપશમભાવના ધર્મોના ત્યાગના વ્યાપારથી કૃતકૃત્ય થાય છે. ॥૩૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે રત્નના વ્યાપારથી રત્નનો વ્યાપાર કરનાર કૃતકૃત્ય થાય છે=ધનાઢ્ય થાય છે, તે પ્રમાણે પરાદષ્ટિવાળા મહામુનિ ધર્મસંન્યાસના વિનિયોગથી=ક્ષયોપશમભાવના ધર્મોના ત્યાગના વ્યાપારથી કૃતકૃત્ય થાય છે. ॥૩૦॥**

**ટીકા :-**

**कृतकृत्य इति-यथा रत्नस्य नियोगात्=शुद्धदृष्ट्या यथेच्छव्यापारात् वणिग् (रत्नविद्)=रत्नवाणिज्यकारी, कृतकृत्यो भवेत्, तथा अयं=अधिकृतदृष्टिस्थो धर्मसंन्यासविनियोगात् द्वितीयापूर्वकरणे महामुनिः कृतकृत्यो भवति ।।३०।।**

**ટીકાર્થ :-**

**यथा ..... भवति ।। જે પ્રમાણે રત્નના નિયોગથી=શુદ્ધ દષ્ટિથી યથેચ્છ વ્યાપાર કરવાથી, રત્નને જાણનાર=રત્નનો વ્યાપાર કરનાર, કૃતકૃત્ય થાય છે, તે પ્રમાણે આ=અધિકૃત દષ્ટિમાં રહેલા=પરાદષ્ટિમાં રહેલા, મહામુનિ, દ્વિતીય અપૂર્વકરણમાં ધર્મસંન્યાસના વિનિયોગથી=ક્ષયોપશમભાવના ધર્મોના ત્યાગના વ્યાપારથી કૃતકૃત્ય થાય છે=ક્ષાયિક ગુણવાળા થાય છે. ॥૩૦॥**

નોંધ :- ટીકામાં 'वणिग्' શબ્દ છે, તેના સ્થાને શ્લોક મુજબ 'रत्नविद्' શબ્દ જોઈએ.

**ભાવાર્થ :-**

**પરાદષ્ટિવાળા યોગીઓને ધર્મસંન્યાસથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ :-**

રત્નશિક્ષા લેનાર જ્યારે રત્નની પરીક્ષામાં નિપુણ બને છે, ત્યારે રત્નોની પારમાર્થિક પરીક્ષા કરી શકે તેવી શુદ્ધ દૃષ્ટિને પ્રાપ્ત કરે છે; તેથી ઘણા દુર્લભ રત્નોને પણ તે પારખી શકે છે, અને તેના કારણે તેવાં રત્નોની ખરીદી કરીને વ્યાપાર કરવાથી તે રત્નનો વ્યાપારી કૃતકૃત્ય થાય છે અર્થાત્ પોતાના વિદ્યાભ્યાસના ફળરૂપ વિપુલ ધનને મેળવે છે, અને માને છે કે 'મારા અભ્યાસનું ફળ મને મળ્યું, તેથી હું કૃતકૃત્ય છું.' તેમ પરાદૃષ્ટિવાળા યોગીઓએ અત્યાર સુધી જે ધર્મનું સેવન કર્યું, તેના બળથી કર્મના નાશ માટેની જે નિપુણ કળા તેઓએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત કરી, તે કળાના બળથી દ્વિતીય અપૂર્વકરણમાં ધર્મસંન્યાસનો વિનિયોગ કરીને કૃતકૃત્ય થાય છે; અર્થાત્ જેમ રત્નનો વ્યાપારી પોતાની વિદ્યાના ફળરૂપે યથેચ્છ વ્યાપાર કરીને વિપુલ ધન મળવાથી કૃતકૃત્ય થાય છે, તેમ આ મહામુનિ પોતાની યોગમાર્ગની નિપુણતાના બળથી ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરીને, ક્ષાયિકભાવના ધર્મોને પ્રાપ્ત કરીને, કૃતકૃત્ય થાય છે. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૩૦માં કહ્યું કે આ મહામુનિ ધર્મસંન્યાસના વિનિયોગથી કૃતકૃત્ય થાય છે. હવે તે ધર્મસંન્યાસના વિનિયોગથી શું પ્રાપ્ત કરે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**केवलश्रियमासाद्य सर्वलब्धिफलान्विताम् ।**
**परं परार्थं सम्पाद्य ततो योगान्तमश्नुते ।।३१।।**

**અન્વયાર્થ :-**

**सर्वलब्धिफलान्विताम्=સર્વલબ્ધિના ફળથી યુક્ત केवलश्रियम्=કેવળશ્રીને= કેવળજ્ઞાનની લક્ષ્મીને आसाद्य=પ્રાપ્ત કરીને परं परार्थं=પ્રકૃષ્ટ પરાર્થને सम्पाद्य= સંપાદન કરીને ततः=ત્યારપછી योगान्त मश्नुते=યોગના અંતને પ્રાપ્ત કરે છે=મોક્ષસાધક એવા યોગમાર્ગની અંતિમ ભૂમિકાને પ્રાપ્ત કરે છે. ॥૩૧॥**

**શ્લોકાર્થ :-**

**સર્વ લબ્ધિના ફળથી યુક્ત કેવળજ્ઞાનની લક્ષ્મીને પ્રાપ્ત કરીને પ્રકૃષ્ટ પરાર્થને સંપાદન કરીને ત્યારપછી યોગના અંતને પ્રાપ્ત કરે છે. ॥૩૧॥**

**ટીકા :-**

**केवलेति-केवलश्रियं=केवलज्ञानलक्ष्मीम्, आसाद्य=प्राप्य, सर्वलब्धिफलान्वितां सर्वौत्सुक्यनिवृत्त्या परंपरार्थं यथाभव्यं सम्क्त्वादिलक्षणं सम्पाद्य ततो योगान्तं= योगपर्यन्तम्, अश्नुते=प्राप्नोति ।।३१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**केवलश्रियं ..... प्राप्नोति ।। સર્વ ઔત્સુક્યની નિવૃત્તિ હોવાને કારણે, સર્વ લબ્ધિના ફળથી યુક્ત એવી કેવળશ્રીને=કેવળજ્ઞાનની લક્ષ્મીને પ્રાપ્ત કરીને, યથાભવ્ય=જીવોની યોગ્યતા અનુસાર, સમ્યક્ત્વાદિ સ્વરૂપ પ્રકૃષ્ટ પરાર્થ સંપાદન કરીને ત્યારપછી યોગના અંતને=યોગમાર્ગના પર્યન્તને, अश्नुते=પ્રાપ્ત કરે છે. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

પરાદૃષ્ટિવાળા યોગીઓ જ્યારે ક્ષપકશ્રેણી ઉપર ચઢે છે, ત્યારે ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરીને ક્ષાયિકભાવના ધર્મોને પ્રાપ્ત કરે છે, અને સર્વ લબ્ધિઓના ફળથી યુક્ત એવી કેવળજ્ઞાનલક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે કેવળજ્ઞાન સર્વ લબ્ધિના ફળથી યુક્ત છે, તેમ કેમ કહ્યું ? તેથી કહે છે –

કેવળજ્ઞાનકાળમાં સર્વ ઔત્સુક્યની નિવૃત્તિ છે, અને સર્વ લબ્ધિઓનું પારમાર્થિક ફળ ઔત્સુક્યની નિવૃત્તિ છે. જ્યારે આત્મા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે સંપૂર્ણ ઉત્સુકતાની નિવૃત્તિ થયેલી છે, તેથી સર્વ લબ્ધિઓના ફળરૂપ ઔત્સુક્યની નિવૃત્તિ અને તેનાથી યુક્ત કેવળજ્ઞાનને આ પરાદૃષ્ટિવાળા યોગી પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે જીવમાં જે કંઈ પણ ક્ષયોપશમભાવની લબ્ધિઓ પ્રગટે છે, તે જ્ઞાનાવરણીયકર્મના અને વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી પ્રગટે છે. વર્તમાનમાં પણ જીવોમાં જે કંઈ મતિજ્ઞાન છે, તે મતિજ્ઞાન પણ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની લબ્ધિ છે; અને જેઓ ચૌદપૂર્વી થાય છે, તેઓ પાસે વિશિષ્ટ પ્રકારની જ્ઞાનની લબ્ધિ છે. તે સિવાય અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે, તે પણ વિશિષ્ટ પ્રકારની જ્ઞાનની લબ્ધિ છે. વળી વર્તમાનમાં પણ જીવો પાસે જે વીર્ય પ્રવર્તાવવાની શક્તિ છે, તે વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમભાવની લબ્ધિ છે, અને વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમવિશેષથી અણિમાદિ લબ્ધિઓ પ્રગટે છે. આ સર્વ લબ્ધિઓ ભૌતિક ક્ષેત્રમાં વાપરવી તે તેનું પારમાર્થિક ફળ નથી, પરંતુ જેની પાસે જે લબ્ધિ પ્રગટી છે, તે લબ્ધિને પોતાનામાં વર્તતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔત્સુક્યદોષની નિવૃત્તિમાં વાપરવી એ લબ્ધિનો પારમાર્થિક ઉપયોગ છે, અને પ્રાપ્ત થયેલી લબ્ધિઓથી ઔત્સુક્યની નિવૃત્તિ થાય તે લબ્ધિઓનું પારમાર્થિક ફળ છે. જેઓ પોતાને પ્રગટ થયેલી લબ્ધિઓનો ઉત્સુકતાની નિવૃત્તિમાં ઉપયોગ કરે છે, તેઓ પ્રાપ્ત થયેલી લબ્ધિઓના પારમાર્થિક ફળને પ્રાપ્ત કરે છે; અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ સમયે સંપૂર્ણ ઉત્સુકતાની નિવૃત્તિ થયેલી છે, તેથી સર્વ લબ્ધિઓના ફળથી યુક્ત કેવળજ્ઞાન છે; અને કેવળજ્ઞાન પામ્યા પછી જે પ્રકારની શ્રોતાની યોગ્યતા છે તે પ્રમાણે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિરૂપ તે શ્રોતાના પ્રકૃષ્ટ પરાર્થને કેવળી સંપાદન કરે છે, અને ત્યારપછી ઉચિત કાળે મોક્ષની પ્રાપ્તિના કારણીભૂત એવા યોગના પર્યંતને પ્રાપ્ત કરે છે અર્થાત્ મોક્ષની સાથે આત્માને જોડે એવા યોગનિરોધરૂપ યોગનો અંતિમ વ્યાપાર કરે છે. **॥૩૧॥**

**શ્લોક :-**

**तत्रायोगाद्योगमुख्याद् भवोपग्राहिकर्मणाम् ।**
**क्षयं कृत्वा प्रयात्युच्चैः परमानन्दमन्दिरम् ।।३२।।**

**અન્વયાર્થ :-**

**तत्र=ત્યાં=યોગના પર્યંતભાગમાં, योगमुख्यात् अयोगात्=યોગમાં મુખ્ય એવા અયોગથી=અવ્યાપારથી भवोपग्राहिकर्मणाम्=ભવોપગ્રાહી કર્મોનો क्षयं कृत्वा=ક્ષય કરીને उच्चैः=લોકના અંતે, परमानन्दमन्दिरम्=પરમાનંદરૂપ સ્થાનમાં प्रयाति=જાય છે. ॥૩૨॥**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=યોગના પર્યંતભાગમાં યોગમાં મુખ્ય એવા અવ્યાપારથી ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરીને લોકના અંતે પરમાનંદરૂપ સ્થાનમાં જાય છે. ॥૩૨॥**

**ટીકા :-**

तत्रेति-तत्र=योगान्ते=शैलेश्यवस्थायां, अयोगाद्=अव्यापारात् योगमुख्यात् भवोपग्राहिणां कर्मणां क्षयं कृत्वा, उच्चैः=लोकान्ते, परमानन्दमन्दिरं प्रयाति ।।३२।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**तत्र योगान्ते ..... प्रयाति ।। ત્યાં=યોગના અંતે=શૈલેશી અવસ્થામાં, યોગમાં મુખ્ય એવા અયોગથી=અવ્યાપારથી, ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરીને લોકના અંતે પરમાનંદરૂપ સ્થાનમાં જાય છે. ।।૩૨।।**

**ભાવાર્થ :-**

**પરાદષ્ટિવાળા યોગીઓને યોગનિરોધ દ્વારા મોક્ષપદની પ્રાપ્તિ :-**

પરાદૃષ્ટિવાળા યોગી ધર્મસંન્યાસના વ્યાપારથી કેવળજ્ઞાન પામ્યા પછી ઉચિત કાળે શૈલેશી અવસ્થારૂપ યોગની પ્રકૃષ્ટ ભૂમિકાને પ્રાપ્ત કરે છે, અને તે શૈલેશી અવસ્થામાં યોગમાં મુખ્ય એવા અયોગથી=અવ્યાપારથી, ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરે છે અર્થાત્ અયોગી અવસ્થાને પામ્યા પછી એ અયોગી અવસ્થાના બળથી અયોગી અવસ્થાની ચરમક્ષણમાં ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરે છે, અને ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થવાથી સર્વ કર્મોથી રહિત એવા તે યોગી લોકના અંતે પરમાનંદના સ્થાનભૂત મોક્ષમાં જાય છે. **।।૩૨।।**

**इति सद्दृष्टिद्वात्रिंशिका ।।२४।।**

✤ ✦ ✤

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"तत्रायोगाद्योगमुख्याद्,
भवोपग्राहिकर्मणाम् ।
क्षयं कृत्वा प्रयात्युच्चैः,
परमानन्दमन्दिरम् ।।"

"ત્યાં=યોગના પર્યંત ભાગમાં=શૈલેશી અવસ્થામાં, યોગમાં મુખ્ય એવા અયોગથી=અવ્યાપારથી, ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરીને લોકના અંતે પરમાનંદરૂપ સ્થાનમાં જાય છે."

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680
9428500401

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org